ॐ

श्रीमद् बुद्धिसागरसूरि ग्रंथमाला ग्रन्थांक-१०

शास्त्रविशारद योगनिष्ठ जैनाचार्य महाकवि

श्री बुद्धिसागरसूरिकृत.

तत्वविचार.

छपावी प्रसिद्ध करनार

श्री अध्यात्मज्ञानप्रसारकमंडल.

हा. वकील मोहनलाल हिमचंद-मु. पादरा.

(देश गुजरात)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળા–ગ્રન્થાંક ૯૨

तत्त्वविचार.

(સંક્ષિપ્ત શ્રાવકાચાર સહિત.)

રચયિતા—શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

શ્રીમાન્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી.

પ્રકાશક—શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળી

હા. વકીલ મોહનલાલ હિમચંદ.

મુ. પાદરા.

આવૃત્તિ બીજી. પ્રત ૧૨૫૦.

વીર સંવત્ ૨૪૫૧ વિક્રમાર્ક ૧૯૮૧ સને ૧૯૨૫

મૂલ્ય રૂ. ૦–૬–૦

અમદાવાદઃ
શ્રી "પ્રજાહિતાર્થ" મુદ્રાલય પ્રેસમાં પટેલ સોમાભાઇ દલપતરામે
છાપ્યું. ઠે. શાહપુર નવી પોળ—**અમદાવાદ.**

નિવેદન.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકટ થતી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ ગ્રંથમાળાના ગ્રંથાંક ૮૨ તરીકે આ તત્ત્વવિચાર ગ્રંથ પ્રકટ કરવામાં આવે છે કે જેના રચયિતા શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી છે. આ ગ્રંથ પાદરાના વકીલ મોહનલાલ હિમચંદ વગેરેના હિતાર્થે સં. ૧૯૫૮માં રચવામાં આવેલ છે. આ ગ્રંથનું નામ વાંચતાજ તેમાં કયા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે સહજ સમજાય તેમ છે. ગ્રંથની અંદરના તમામ વિષયો તત્ત્વજ્ઞાનના છે અને જૈન ધર્મના અભ્યાસી સુજ્ઞ બંધુઓએ જાણુવા યોગ્ય છે. બાળ વૃદ્ધ સર્વ બંધુઓને દરેક વિષયનું સ્વરૂપ સમજવા માટે આ ગ્રંથની રચના ગુજરાતી ભાષામાં ગદ્યમાં કરવામાં આવેલી છે. તત્ત્વજ્ઞાન સિવાય જૈન ધર્મનું સ્વરૂપ સમજી શકાય નહિ અને તેને માટે ગુરૂશ્રીએ દીક્ષાની શરૂઆતમાં તત્ત્વવિચાર નામનો ગ્રંથ કે જેની અંદર તત્ત્વનો જૈન શાસ્ત્રાધારે પ્રબંધ કરેલ છે તે દરેક વિષય જૈન ધર્મનું સ્વરૂપ જાણુવા માટે અનેક વખત પુનઃ પુનઃ વાંચવા યોગ્ય છે. ગુરૂશ્રીએ અત્યાર સુધી પોતાનો ઘણો સમય પુસ્તકો લખવામાં કાઢેલ છે. અને તેઓશ્રીનાં પુસ્તકો જ્યાં ત્યાં પ્રસિદ્ધિને પામેલાં છે એ જાણી સુજ્ઞ બંધુઓને આનંદજ થશે. આ ગ્રંથની અંદર સહાય મળી નથી છતાં પણ મંડળ સસ્તી કિંમતે પુસ્તકો પ્રકટ કરી વેચે છે. એ ચાલુ યોજના અખંડિતપણે ચાલે તે હેતુથી આ ગ્રંથની કિંમત માત્ર ૦-૬-૦ રાખવામાં આવી છે. ભવિષ્યમાં પણ મંડળ તરફથી અનેક પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું અને

એમ ઇચ્છાય છે. આ ગ્રંથની જૂની આવૃત્તિ તપાસી તેને છપાવવા આપ્યા પછી તેના પ્રુફો સુધારીને શુદ્ધ છપાવવા માટે સાણંદ નિવાસી સંઘવી કેશવલાલ નાગજીભાઇએ ઘણીજ ઉપયોગી અને ખંતપૂર્વક અંતઃકરણથી સહાય આપી છે જે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે. આ ગ્રંથ છપાવવા આપ્યા બાદ પ્રજાહિતાર્થ પ્રેસના માલીક પા. ડાહ્યાભાઈ દલપતરામ કે જેઓ પોતાના પ્રેસમાં મંડળનું કામ ખંતપૂર્વક કરી આપતા હતા તેઓ ગયા માગશર માસમાં ટુંક સમયની બીમારી ભોગવી ગુજરી ગયા છે. તેમના મરણથી એક ઉત્સાહી કામ કરી આપનારની ખોટ પડી છે. તેઓ પ્રમાણિકપણે મંડળનું કાર્ય કરી આપતા હતા. અમે મંડળ તરફથી તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ. ॐ શ્રી ગુરુ શાન્તિઃ

મુ. સાણંદ. સવંત ૧૯૮૧ ના ફાગણ શુક્લ બીજ.	અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ હા. આત્મારામ ખેમચંદ કાપડીઆ.

अर्पण पत्रिका.

મુનિરાજ શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ ! ! !

આપનું સાધુ જીવન જૈનકોમમાં ઉપયોગી નીવડયું છે. મારી ગૃહસ્થદશામાં મને આજોલ, વિજાપુર, મેસાણા, પાલીતાણામાં તમારી સાધુદશાને સારો અનુભવ થયો છે. જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક કોમમાં તમે ચારિત્રશીલ, ગુણગ્રાહક અને જૈન કોમની ઉન્નતિ માટે જીવનારા સંત છો. તમારામાં અનેક સદ્‌ગુણો ખીલ્યા છે. તમોએ જૈનકોમ અને જૈનેતર કોમ ઉપર ઘણો ઉપકાર કર્યો છે, તમારી વૈરાગ્ય ત્યાગદશા સારી છે. હાલ તો થોડાં વર્ષથી તમે જૈનકોમ સંઘસેવા ભક્તિમાં વિશેષ પ્રવૃત્ત કરો છો. ક્રિયાપાત્ર, ગુણી ઉપદેશક, પ્રભુભક્ત સંત તરીકે તમારો આત્મા વિકસિત થતો જાય છે, અન્ય મનુષ્યોની નિંદા ટીકાથી તમો ઘણા દૂર રહો છો, જૈનકોમમાં પ્રસંગે થતા ધાર્મિક કેટલા સંકુચિત હાનિકારક ઝઘડાઓથી દૂર રહો છો. જૈનકોમને સદાચારનો સારી રીતે બોધ આપો છો. મને તમારા કેટલાક વિચારો અનુકૂલ ન હોય અને તમને પણ મારા ન હોય એમ કંઇક જણાય તોપણ તમો અન્ય કેટલાક સાધુઓ કરતાં મતસહિષ્ણુતાઆદિમાં આગળ વધો છો. જૈન સંઘમાં તમો હંસની પેઠે દષ્ટિ ધારક છો. મને તમારા ગુણોનો રાગ છે. અનેક સાધુઓના પરિચયમાં હું આવ્યો છું, છતાં કેટલીક બાબતોમાં તમો અન્ય સાધુઓ કરતાં ઘણા ઉત્તમ ઉદાર વિચારક આત્માર્થી સંત છો. તેથી ગુણાનુરાગે તમને આ તત્ત્વવિચાર પુસ્તકની અર્પણ પત્રિકા કરીને તમારા આત્માની સાથે આત્મૈક્ય ગુણભાવને ધારણ કરવાનો શુદ્ધ ગુણરાગ પ્રેમ પ્રકટ કરીને તમારા આત્માની પૂર્ણ ઉન્નતિ ઇચ્છું છું.

ॐ अर्हं महावीर शान्तिः ३

મુ. વિજાપુર. લે. બુદ્ધિસાગર.

तत्त्वविचार ग्रन्थ प्रस्तावना.

આ તત્ત્વવિચાર ગ્રન્થની પહેલી આવૃત્તિ શ્રી જૈન જ્ઞાનપ્રસારક મંડળે મુંબાઈમાં વિ. સં. ૧૯૬૦ માં શાન્તિસુધાકર પ્રેસમાં છપાવીને ચાર આનાની કિંમત રાખી બહાર પાડી હતી.

જૈન જ્ઞાનપ્રસારક મંડળના આગેવાનો ઝવેરી જીવણચંદ ધરમચંદ તથા ઝવેરી અમરચંદ કલ્યાણચંદ તથા જૈનપત્રના અધિપતિ કારભારી ભગુભાઇ ફતેહચંદ ઑનરરિ સેક્રેટરી હતા અને તે મંડળ અમારા ઉપદેશથી ઝવેરી જીવણચંદ ધરમચંદે સ્થાપ્યું હતું અને સુરતના ઝવેરી ભણસાળી ચુનીલાલ બાલુભાઇ તે મંડળ તરફથી પુસ્તકો છપાવવા ઘણો ઉત્સાહ ધરાવતા હતા. વિ. સં. ૧૯૫૮ ની સાલનું ચોમાસું પાદરાના સંઘના આગ્રહથી અમારા ગુરૂમહારાજ શ્રી સુખસાગરજી મહારાજની સાથે પાદરામાં કરવામાં આવ્યું. તે વખતે સુશ્રાવક વકીલ શાહ મોહનલાલ હીમચંદ તથા વકીલ ત્રિભોવન દલપતભાઇ તથા વકીલ નંદલાલભાઈ લલ્લુભાઇ વિગેરે અમારી પાસે નવતત્ત્વનું સ્વરૂપ ધારતા હતા તે વખતે આ ગ્રન્થ પાદરામાં વિ. સં. ૧૯૫૮ ના આશાડ સુદિ ત્રીજના દિવસે વકીલ મોહનલાલ હીમચંદના હિતાર્થે રચ્યો હતો. આ તત્ત્વવિચાર ગ્રન્થમાં પ્રથમ શ્રાવક ધર્માચાર ઉપર નિબંધ પૃષ્ટ ૧૧ નો લખેલો છે. અને તેમાં શ્રાવકની કરણી બતાવી છે. પશ્ચાત્ તેરમા પાનાથી તત્ત્વવિચાર ગ્રન્થ શરૂ કર્યો છે તેમાં જીવના ૫૬૩ ભેદનું વર્ણન કરવામાં આવ્યું છે તથા દેવો, નારકીઓ, મનુષ્યો અને તિર્યંચોનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. પશ્ચાત ચારગતિના જીવોને ૭ પ્રકારની લેશ્યા પૈકી કયી કયી લેશ્યા-

ઓ હોય છે તે જણાવી છે. પશ્ચાત્ આહારી અને અનાહારી જીવોનું સ્વરૂપ બતાવ્યું છે. ૪૨ મા પૃષ્ઠ સુધી દેવતાઓનું સ્વરૂપ વર્ણવ્યું છે અને ૪૨ મા પૃષ્ઠથી ૪૮ મા પૃષ્ઠ સુધી નરકનુ સ્વરૂપ વર્ણવ્યું છે અને ૫૦ મા પૃષ્ઠથી ૫૬ પૃષ્ઠ સુધી મનુષ્યનું સ્વરૂપ વર્ણવ્યું છે અને ૫૬ મા પૃષ્ઠથી તે ૬૭ મા સુધી તિર્યંચનું સ્વરૂપ વર્ણવ્યું છે. ૬૭ મા પૃષ્ઠથી અજીવ તત્ત્વના સ્વરૂપનો પ્રારંભ થાય છે. ૬૮ મા પૃષ્ઠથી કાળતત્ત્વનું સ્વરૂપ વર્ણવ્યું છે. ૭૦ મા પૃષ્ઠથી પુણ્ય તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે. ૭૫ મા પૃષ્ઠથી પાપ તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે. ૮૨ મા પૃષ્ઠથી આસ્રવ તત્ત્વનુ સ્વરૂપ શરૂ થાય છે. ૮૫ મા પૃષ્ઠથી સંવર તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે. પૃષ્ઠ ૯૨ થી નિર્જરા તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે. પૃષ્ઠ ૯૫ માથી બંધ તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે અને પૃષ્ઠ ૯૯ થી મોક્ષ તત્ત્વનું સ્વરૂપ શરૂ થાય છે અને પૃષ્ઠ ૧૦૩ થી ૧૦૪ સુધી અંત્ય મંગલની રચના છે. એ પ્રમાણે નવ તત્ત્વનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. આ ગ્રન્થ બીજીવાર છપાવવામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે પ્રથમાવૃત્તિની કોપીઓ ખપી ગઇ હતી અને મળતી નહોતી તેથી અનેક શ્રાવકોના આગ્રહથી તત્ત્વવિચાર ગ્રન્થની દ્વિતીયાવૃત્તિ અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી બહાર પાડવામાં આવી છે. આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિમાં નવ તત્ત્વ વિષયની અનુક્રમણિકા પૃષ્ઠવાર છપાવવામાં આવી છે. આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિનાં પ્રુફો સુધારવામાં સાણંદ નિવાસી શ્રાવક સંઘવી શા. કેશવલાલ નાગજીએ સારી મહેનત લીધી છે અને અમને પ્રુફ સુધારવામાં સારી મદદ કરી છે. આ પુસ્તકમાં જે કંઇ જિનાજ્ઞાવિરૂદ્ધ લખ્યું હોય છપાવ્યું હોય તો તે ગીતાર્થ આચાર્ય સુધારશો

એવી વિનયપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે અને આ ગ્રન્થમાં જિનાજ્ઞાવિરૂદ્ધ જે કંઇ લખાયું હોય તેની સંઘની આગળ માફી માગું છું અને પશ્ચાત્તાપ કરૂં છું.

આ પુસ્તક બાળજીવોને ઘણું ઉપયોગી થઈ પડે એવું છે અને તેથી જૈન બાળકોને તે વાંચવા માટે ખાસ ભલામણ કરવામાં આવે છે. આ ગ્રન્થમાં જે કંઇ દોષ ભૂલ પંડિત પુરૂષોને જણાય તો તેઓએ અમને સૂચના કરવી કે જેથી તેનો તૃતીયાવૃત્તિમાં સુધારો કરવામાં આવશે.

इत्येवं ॐ अँर्ह महावीर शान्तिः ३

લે. બુદ્ધિસાગર સૂરિ.

મુ. મહુડી (મધુપુરી) તાલુકે વિજાપુર.

વિ. ૧૯૮૧ માઘવદિ ૧૦ બુધવાર.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.
૧ નિવેદન	૩
૨ અર્પણપત્રિકા	૫
૩ પ્રસ્તાવના	૬
૪ અનુક્રમણિકા	૯
૫ અશુદ્ધિ શુદ્ધિ પત્રક	૧૧
૬ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ ગ્રંથમાળામાં પ્રગટ થએલાં પુસ્તકો	
૭ સંક્ષિપ્ત શ્રાવકાચાર	૧
૮ જીવતત્ત્વ	૧૪
૯ પૃથ્વીકાયના ભેદ	૧૪
૧૦ અપ્કાયના ભેદ	૧૪
૧૧ તેઉકાયના ભેદ	૧૪
૧૨ વાયુકાયના ભેદ	૧૫
૧૩ વનસ્પતિકાયના ભેદ	૧૫
૧૪ બેઈંદ્રિય જીવના ભેદ	૧૭
૧૫ તેઈંદ્રિય જીવના ભેદ	૧૭
૧૬ ચતુરિંદ્રિય જીવના ભેદ	૧૭
૧૭ પંચેંદ્રિય જીવના ભેદ	૧૭
૧૮ દેવતાના ચાર પ્રકાર	૧૭

વિષય.	પૃષ્ટ.
૧૯ ભુવનપતિના ભેદ અને તેનું સ્વરૂપ	૨૨
૨૦ જ્યોતિષી દેવોનું સ્વરૂપ	૨૫
૨૧ વ્યંતર દેવોનું સ્વરૂપ	૨૭
૨૨ વ્યંતર દેવોના ભેદ	૨૮
૨૩ વાણવ્યંતર દેવોનું સ્વરૂપ	૩૦
૨૪ મનુષ્યના ભેદ	૩૧
૨૫ તિર્યંચના ભેદ	૩૧
૨૬ દેવતા ચવીને ક્યાં ઉપજે.	૩૭
૨૭ લેશ્યાસ્વરૂપ	૩૮
૨૮ આહાર	૩૮
૨૯ નરકસ્વરૂપ	૪૨
૩૦ લેસ્યાસ્વરૂપ	૪૮
૩૧ મનુષ્યસ્વરૂપ	૫૦
૩૨ ચક્રવર્તિનાં ચૌદ રત્નો	૫૨
૩૩ મનુષ્ય મરીને ક્યાં જાય	૫૩
૩૪ ચારે ગતિમાંથી આવ્યા કેટલા કેટલા મોક્ષે જાય	૫૪
૩૫ તિર્યંચ સ્વરૂપ	૫૬
૩૬ કાયસ્થિતિ	૫૭

વિષય.	પૃષ્ટ.
૩૭ નિગોદિયા જીવના ભેદ	૫૯
૩૮ તિર્યંચમાં કયો જીવ જાય	૬૦
૩૯ સોપક્રમી અને નિરૂપક્રમી	૬૪
૪૦ આયુષ્ય તૂટવાના સાત પ્રકાર	૬૪
૪૧ સર્વ જીવની પર્યાપ્તિ	૬૫
૪૨ અજીવતત્ત્વ	૬૭
૪૩ ધર્માસ્તિકાય	૬૭
૪૪ અધર્માસ્તિકાય	૬૭
૪૫ આકાશાસ્તિકાય	૬૭
૪૬ પુદ્ગલાસ્તિકાય	૬૮
૪૭ કાળદ્રવ્ય	૬૮
૪૮ ષડ્દ્રવ્યનું કંઇક વિશેષ સ્વરૂપ	૬૯
૪૯ પુણ્યતત્ત્વ	૭૦
૫૦ પુણ્ય બંધાવાના નવ પ્રકાર	૭૦
૫૧ પુણ્ય ભોગવવાના બેતાલીશ પ્રકાર	૭૧
૫૨ ત્રશદશક	૭૮
૫૩ પાપતત્ત્વ	૭૫

વિષય.	પૃષ્ટ.
૫૪ સ્થાવરદશક	૭૮
૫૫ આસ્રવતત્ત્વ	૮૨
૫૬ સંવરતત્ત્વ	૮૫
૫૭ પાંચ સમિત	૮૫
૫૮ ત્રણ ગુપ્તિ	૮૬
૫૯ બાવીશ પરિસહ	૮૬
૬૦ દશવિધ યતિધર્મ ...	૮૯
૬૧ બાર ભાવના ...	૯૦
૬૨ પાંચ ચારિત્ર ...	૯૨
૬૩ નિર્જરાતત્ત્વ ...	૯૨
૬૪ ૭ બાહ્ય તપ ...	૯૨
૬૫ ૭ અભ્યંતર તપ ...	૯૩
૬૬ બંધતત્ત્વ ...	૯૫
૬૭ પ્રકૃતિબંધ ...	૯૫
૬૮ સ્થિતિબંધ ...	૯૭
૬૯ રસબંધ ...	૯૭
૭૦ પ્રદેશબંધ ...	૯૯
૭૧ મોક્ષતત્ત્વ ...	૯૯
૭૨ મોક્ષતત્ત્વના નવ ભેદ	૯૯
૭૩ સિદ્ધ જીવોના પંદર ભેદ	૧૦૦
૭૪ અંત્યમંગલ ...	૧૦૩

અશુદ્ધિ-શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૫	પરાહતાર્થકારી	પરહિતાર્થકારી
૪	૫	કર્યું	કર્યું
,,	૯	તીથકરનું	તીર્થંકરનું
,,	૧૨	નહિ.	નહિ
૫	૨૦-૨૧	ાતર્યંચની	તિર્યંચની
૮	૨	ાદશા	દિશા
,,	૧૩	ભમિ	ભૂમિ
૧૪	૬	કમ	કર્મ
૧૫	૨	આગ્ન, વિજળી	અગ્નિ, વિજળી
,,	૫	વટોળિયો	વંટોળિયો
૧૬	૭	વ્થાપીને	વ્યાપીને
૧૭	૮	ઉંત્પન્ન	ઉત્પન્ન
,,	૧૫	તેઇન્દ્રિય	તેઇંદ્રિય
૨૦	૧૫	ાસંહનું	સિંહનું
૨૨	૫	ાવષ્કભે	વિષ્કંભે
૨૭	૨૨	વ્યતર	વ્યંતર
૨૮	૧૩	સામ્યમુખવાળા	સૌમ્યમુખવાળા
૩૨	૧૦	ાવમાને	વિમાને
૩૫	૬	ાળ	કાળ
૩૬	૧૯	બિદુ	બિંદુ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૧	૨	સાધર્મ	સૌધર્મ
૫૧	૮	સંમૂર્છમ	સંમૂર્ચ્છિમ
૫૨	૮	આવ્ય	આવ્યા
,,	૧૧	વેતાઢ્ય	વૈતાઢ્ય
,,	૨૩	માણુરત્ન	મણિરત્ન
૬૦	૧૩	તેઇદ્રિય	તેઇંદ્રિય
,,	૧૫	તેઇદ્રિય	તેઇંદ્રિય
,,	૧૧	ચૌરિદ્રિય	ચૌરિંદ્રિય
,,	૨૩	તિયચ	તિર્યંચ
૬૨	૧૩	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત
૬૩	૨૨	સવ	સર્વ
૬૬	૧૧	મુહૂર્તે	મુહૂર્તે
,,	૧૭	" માંહે "ની પછી નીચે પ્રમાણે ઉમેરવું " આહાર સારૂ મુખ ઉઘાડે છે તે ".	
૬૭	૬	ગભજ	ગર્ભજ
૬૮	૬	સ્વભવ	સ્વભાવ
૭૮	૧૧	આદારિક	ઔદારિક
૭૯	૪	આનુપૂર્વા	આનુપૂર્વી
,,	૯	પાપકમ	પાપકર્મ
૮૩	૧૭	ક્રયા	ક્રિયા
૮૭	૧૪	બુદ્ધ	બુદ્ધિ
૮૮	૪	ચળયમાન	ચળાયમાન

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૧	૯	ચિંતવણુના	ચિંતવણા
૯૬	૧૬	અક્ષયસ્થિાત	અક્ષયસ્થિતિ
૯૭	૧૧	ાસ્થતિ	સ્થિતિ
૯૯	૨૬	ચાદ	ચૌદ
૧૦૦	૧૧	વિચારવુ	વિચારવું
,,	૧૪	કે	તે
૧૦૧	૨૩	તીથંકર	તીર્થંકર
૧૦૪	૧૫	સુદિ	સુદિ ૩

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ तरफथी

श्रीमद् बुद्धिसागरसूरिजीग्रन्थमाळामां प्रगट थयेला ग्रन्थो.

ग्रंथांक.		पृष्ट.	किमत.
१	क. भजन संग्रह भाग १.	२००	०—८—०
* १	अध्यात्म व्याख्यानमाळा.	२०६	०—४—०
* २	भजनसंग्रह भाग २.	३३६	०—८—०
* ३	भजनसंग्रह भाग ३.	२१५	०—८—०
* ४	समाधिशतकम्.	३४०	०—८—०
५	अनुभवपच्चिशी.	२४८	०—८—०
६	आत्मप्रदीप.	३१५	०—८—०
* ७	भजनसंग्रह भाग ४.	३०४	०—८—०
८	परमात्मदर्शन.	४००	०-१२-०
* ९	परमात्मज्योति.	५००	०-१२-०
*१०	तत्त्वबिंदु.	२३०	०—४—०
*११	गुणानुराग. (आ. बीजी.)	२४	०—१—०
*१२-१३.	भजन संग्रह भाग ५ तथा ज्ञानदीपिका.	१९०	०—६—०

*१४ तीर्थयात्रानुं विमान. (आ. बीजी.)	६४	०–२–०
*१५ अध्यात्मभजन पद संग्रह.	१९०	०–६–०
१६ गुरुबोध.	१७२	०–८–०
*१७ तत्त्वज्ञानदीपिका.	१२४	०–६–०
१८ गहूंलीसंग्रह भा. १	११२	०–३–०
१९–२० श्रावकधर्मस्वरूप भाग १–२. (आवृत्ति त्रीजी.)	४०–४०	०–१–०
*२१ भजनपदसंग्रह भाग ६.	२०८	०-१२-०
२२ वचनामृत.	३८८	०-१४-०
२३ योगदीपक.	२६८	०-१४-०
२४ जैन ऐतिहासिक रासमाळा.	४०८	१–०–०
*२५ आनन्दघनपद (१०८) भावार्थ संग्रह.	८०८	२–०–०
*२६ अध्यात्मशान्ति (आ. बीजी.)	१३२	०–३–०
२७ काव्यसंग्रह भाग ७.	१५६	०–८–०
*२८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति.	९६	०–२–०
*२९ कुमारपाळ. (हिंदी)	२८७	०–६–०
३० थी ३४ सुखसागर गुरुगीता.	३००	०–४–०

३५ षड्द्रव्यविचार.	२४०	०–४–०
*३६ विजापुर वृत्तांत.	९०	०–४–०
३७ साबरमती काव्य.	१०६	०–६–०
३८ प्रतिज्ञापालन.	११०	०–५–०
*३९–४०–४१ जैनगच्छमतप्रबंध, संघप्रगति, जैनगीता.	३०४	१–०–०
४२ जैनधातुप्रतिमा लेखसंग्रह भा. १	३२८	१–०–०
४३ मित्रमैत्री.		०–८–०
*४४ शिष्योपनिषद्.	४८	०–२–०
४५ जैनोपनिषद्.	४८	०–२–०
४६–४७ धार्मिक गद्यसंग्रह तथा सदुपदेश भा. १.	९७६	३–०–०
४८ भजनसंग्रह भा. ८	९७६	३–०–०
*४९ श्रीमद् देवचंद्र भा. १.	१०२८	२–०–०
५० कर्मयोग.	१०१२	३–०–०
५१ आत्मतत्त्वदर्शन.	११२	०-१०-०
५२ भारतसहकारशिक्षण काव्य.	१६८	०-१०-०
५३ श्रीमद् देवचंद्र भा. २	१२००	३–८–०
५४ गहुंलीसंग्रह भा. २.	१२०	०–४–०

५५ कर्मप्रकृतिटीकाभाषांतर	८००	३-०-०
५६ गुरुगीत गहुलीसंग्रह.	१९०	०-१२-०
५७-५८ आगमसार अने अध्यात्मगीता.	४७०	०-६-०
५९ देववंदन स्तुति स्तवन संग्रह.	१७५	०-४-०
६० पूजासंग्रह भा. १.	४१६	१-०-०
६१ भजनपद संग्रह भा. ९	४८४	१-८-०
६२ भजनपद संग्रह भा. १०	२००	१-०-०
६३ पत्रसदुपदेश भा. २	५७८	१-८-०
६४ धातुप्रतिमालेख संग्रह भा. २	१८०	१-०-०
६५ जैनदृष्टिए ईशावास्योपनिषद्‌ भावार्थ विवेचन.	३६०	१-०-०
६६ पूजासंग्रह भा. १-२	४१५	२-०-०
६७ स्नात्रपूजा.	२४	०-२-०
६८ श्रीमद्‌ देवचंद्रजी अने तेमनुं जीवनचरित्र		०-४-०
६९-७२ शुद्धोपयोग वि. संस्कृत ग्रंथ ४	१८०	०-१२-०
७३-७७ संघ कर्तव्य वि. संस्कृतग्रंथ ५	१६८	०-१२-०
७८ लाला लजपतराय अने जैनधर्म	१००	०-४-०

७९	चिन्तामणि.	१२०	०–४–०
८०–८१	जैनधर्म अने ख्रीस्तिधर्मनो मुकाबलो ता. जैनख्रीस्ति संवाद.	२२०	१–०–०
८२	सत्यस्वरूप.	२००	०-१२-०
८३	ध्यानविचार.	८४	०–८–०
८४	आत्मशक्तिप्रकाश.	१४०	०–४–०
८५	सांवत्सरिक क्षमापना.	८०	०–३–०
८६	आत्मदर्शन. (मणिचंद्रजी कृत सज्जायोनुं विवेचन,)	१५०	०–४–०
८७	जैन धार्मिक शंका समाधान.	५५	०–२–०
८८	कन्याविक्रय तथा बाळलग्न निषेध.	२२०	०–६–०
८९	आत्मशिक्षा भावना प्रकाश.	११८	०–७–०
९०	आत्मप्रकाश.	५६८	१–८–०
९१	शोकविनाशक ग्रंथ.	८०	०–१–०
९२	तत्त्वविचार. (आ. बीजी)	१२०	०–६–०

९३ अध्यात्म गीता.
९४ आत्म समाधि शतक.
९५ जीवक प्रबोध.
९६ आत्म स्वरूप.
९७ परमात्म दर्शन.
९८ जैनसूत्रमां मूर्तिपूजा.

} संस्कृत ग्रंथो.

छपाता ग्रन्थो.

१ जैन श्वे. ग्रंथनामावलि.
२ श्रीदेवचंद्रजी निर्वाणरास.
(श्रीमद् देवचंद्र जीवनचरित्र.)
३ मोटुं विजापुर वृतांत.
४ उ. श्रीयशोविजयजी निबंध.
५ भजनसंग्रह भा. ११ मो.

संक्षिप्त श्रावकाचार.

नत्वा श्रीमन्महावीरं । सद्भूतार्थप्रकाशकं ॥
श्राद्धानामुपकृत्यर्थम् । श्राद्धकृत्यं विभज्यते ॥ १ ॥

જ્ઞાનાદિ લક્ષ્મીએ કરીને યુક્ત અને લોકાલોકનું સ્વરૂપ પ્રકાશ કરનારા વીરપ્રભુને નમસ્કાર કરીને સ્વપરને હિતકારક શ્રાવકકૃત્યને હું કહુંછું.

મનુષ્ય માત્ર સુખની વાંછા કરેછે તે સંપૂર્ણ સુખ આ જીવને મોક્ષ પ્રાપ્ત થયે મળે છે. તે મોક્ષની પ્રાપ્તિ ધ્યાનથી થાય છે, અને ધ્યાન મનની શુદ્ધિથી થાય છે, અને મનશુદ્ધિ કષાય જીતવાથી થાય છે, કષાયનું જીતવું ઇંદ્રિયનો જય કરવાથી થાય છે, ઇંદ્રિયજય સદાચારથી થાય છે, માટે સર્વને સદાચાર પાળવાની આવશ્યકતા છે. તે કારણમાટે સુશ્રાવકને દિન પ્રત્યે શું કાર્ય કરવું તેનું વિવેચન કરાય છે. શ્રાવક એકવીશ ગુણોએ કરીને યુકત હોવો જોઇએ તે ગુણો નીચે પ્રમાણે જાણવા.

૧ અક્ષુદ્ર (ગંભીર હૃદયવાળો), ૨ રૂપવાન્ (જેનાં અંગોપાંગ અને ઇંદ્રિયો વિકાર રહિત સારાં હોય), ૩ પ્રકૃતિસૌમ્ય (શાંતસ્વભાવી, પાપથી દૂર રહેનારો અને ચાકર નોકરો રાજી

ખુશીથી સેવા કરે તેવો), ૪ લોકપ્રિય (દાન શીળ વિનય વગેરે ગુણોથી લોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન કરનારો), ૫ અક્રૂર (મનમાં ક્લેશ નહિ રાખનાર), ૬ ભીરૂ (પાપથી અને અપયશથી ડર રાખનારો), ૭ અશઠ (કોઇને નહિ ઠગનારો), ૮ સુદાક્ષિણ્ય (કોઇની પ્રાર્થનાનો ભંગ નહિ કરનાર), ૯ લજ્જાળુ (મનમાં શરમ હોવાથી ખોટાં કાર્યને વર્જનાર), ૧૦ દયાલુ, ૧૧ મધ્યસ્થ, ૧૨ ગુણરાગી અને નિર્ગુણીની ઉપેક્ષા કરનારો, ૧૩ સત્કથ (ધર્મ-કથાનો રાગી), ૧૪ સપક્ષયુકત (જેનો પરિવાર શીલવંત અને વડીલની આજ્ઞાનુસાર ચાલનાર હોય), ૧૫ સુદીર્ઘદર્શી (દીર્ઘદ્રષ્ટિ-વાળો), ૧૬ વિશેષજ્ઞ (વસ્તુધર્મને યથાર્થ રીતે સમજનારો), ૧૭ વૃદ્ધાનુગ (ગુણવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધની સેવા કરનારો તથા તેમના કહેવા પ્રમાણે ચાલનારો), ૧૮ વિનીત (ગુણીનો વિનય કરનાર), ૧૯ કૃતજ્ઞ (કરેલ ઉપકારને નહિ ભૂલનાર), ૨૦ પરાહતાર્થકારી (પરનું હિત કરનારો), ૨૧ લબ્ધલક્ષ (ધર્મ-કૃત્યમાં જેને સારી શીખામણ લાગેલી છે એવો).

આ પ્રમાણે એકવીશ ગુણોએ કરીને યુકત જિનાજ્ઞાને હૃદયને વિષે ધારણ કરી જિનાજ્ઞાનુસાર વર્તનારને શ્રાવક કહીએ. તેણે રૂડા આચાર કેમ પાળવો તે કહે છેઃ–

પાછલી રાત્રે પહોર રાત્રિ શેષ રહે ત્યારે નિદ્રાનો ત્યાગ કરી નવકારમંત્રનું સ્મરણ કરવું. નિદ્રા વિશેષ લેવી નહિ. સવારમાં મોડા ઉઠવાથી બળ, બુદ્ધિ, આયુષ્ય અને ધનની હાનિ થાય છે માટે વહેલા ઉઠવું. નવકારમંત્રનું સ્મરણ કરતો શય્યાનેવિષે બેસી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉપયોગ કરે કે હું શ્રાવક છું કે બીજો કોઇ છું ?

એવો વિચાર કરવો તે દ્રવ્યથી ઉપયોગ; હું પોતાના ઘરમાં છું કે પારકે ઘેર, મેડા ઉપર કે ભૂતળ ઉપર એવો વિચાર કરવો તે ક્ષેત્રથી ઉપયોગ,; રાત્રિ છે કે દિવસ છે એવો વિચાર કરવો તે કાળથી ઉપયોગ; મન, વચન અને કાયાના દુ:ખથી હું પીડાયેલો છું કે નહિ એવો વિચાર કરવો તે ભાવથી ઉપયોગ; એવો ચતુર્વિધ ઉપયોગ દીધા પછી નિદ્રા બરાબર ગઇ ન હોય તો નાસિકા પકડીને શ્વાસોશ્વાસ રોકે તેથી નિદ્રા તદ્દન જાય, એટલે તે વખતે ડાબી અગર જમણી બાજુની જે નાડી વહેતી હોય તે તરફનો પગ પ્રથમ ધરતી ઉપર મૂકી શય્યાથી ઉઠે. બારણું જોઇને બહાર નીકળી કાયચિંતા નિવારે. તે વખતે કોઇને બોલાવે તો ધીરે સાદે બોલાવે કેમકે ઉતાવળા બોલવાથી કે ખુંખારા, ખાંસી, હુંકાર વગેરેથી ગીરોલી વગેરે હિંસક પ્રાણીઓ જાગે, પડોસના માણસો જાગ્રત્ થઈ આરંભનાં કાર્યો કરે વગેરે અનર્થ કાર્યના કારણિક બનવું પડે, માટે મંદસ્વરથી કોઇને કાંઈ બતાવવું પડે તો બોલવું. દેહચિંતા નિવારણ કર્યા બાદ શુદ્ધવસ્ત્ર પહેરી પૂર્વદિશિ સન્મુખ અથવા ઉત્તરદિશિ સન્મુખ પવિત્ર શરીરે પવિત્ર સ્થાનકે બેસી મન સ્થિર રાખીને શ્રીનવકારમંત્રનો જાપ કરે, કેમકે અપવિત્ર અથવા પવિત્રપણે સુખિયો અથવા દુખિયો થકો પણ જે પ્રાણી નવકાર પ્રત્યે ધ્યાવે તે સર્વ પાપથી મૂકાય છે. અંગુલીને ટેરવે જે નવકારનો જાપ કરે, જે મેરૂ ઓલંઘી જાપ કરે, વળી સંખ્યા રહિત જાપ કરે તેનું પ્રાયે અલ્પ ફળ હોય, જાપ ત્રણ પ્રકારે છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. એમાં કમળ આદિકના વિધિએ જે ગણે તે પ્રથમ મુખ્ય જાણવો. નવકારવાળીએ ગણે તે મધ્યમ જાપ જાણવો. મૌન ધારણ કર્યા વિના, સંખ્યા વિના, મન સ્થિર વિના,

સ્થાનક વિના અને ધ્યાન વિના જે ગણે તે ત્રીજો જઘન્ય જાપ જાણવો. જાપ કર્યા પછી હું કોણ? મારી જાતિ કઇ? કુળ કોણ? દેવ કોણ? ગુરૂ કોણ? ધર્મ કયો? અભિગ્રહ કયા? અવસ્થા કઇ? મેં પોતાનું કર્તવ્ય કર્યું કે નહિ? કાંઇ અકૃત્ય કર્યું કે શું? કાંઇ કર્તવ્ય કરવાનું બાકી છે કે શું? કરવાની શક્તિ છતે પ્રમાદવશથી નથી કરાતું એવું કાંઇ છે કે કેમ? પારકા જન મારૂં શું સારૂં માઠું જુવે છે? હું પોતાનું શું સારૂં માઠું જોઉંછું? કયો દોષ હું છાંડતો નથી? આજે કયા તીર્થંકરનું કલ્યાણક છે? આજે તિથિ કઇ છે? મારે શું વ્રત નિયમ કરવા છે? તે વિચારે. ચાૈદ નિયમ ધારે. પછી ઉપાશરે અથવા પોતાને ઘરે શુદ્ધ સ્થાનકે જઇને પોતાનાં પાપ શુદ્ધ કરવાને અર્થે પંડિત પુરૂષોએ પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ નહિ. કરનારે ખોટાં સ્વપ્ન આવેલ હોય તેના દોષ નિવારવા ૧૦૮ શ્વાસો-શ્વાસનો કાઉસગ્ગ કરવો, એટલે ' સાગરવર ગંભીરા ' સુધી ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો. પ્રતિક્રમણ કરી રહ્યા બાદ પોતાના કુળ-ક્રમને યાદ કરતા પછી મંગળિક સ્તુતિ ભણવી. પછી જિનમંદિર જાય. ત્યાં કીધી છે નિસીહીની ક્રિયા જેણે એવો સમસ્ત દેરાસરની આશાતનાઓને ટાળતો શ્રી ભગવંતને ત્રણ પ્રદક્ષિણાયે નમો જિનાય આદિ સ્તુતિનાં પદ ભણતો થકો અક્ષત-ફળ-નૈવેદ્ય પ્રભુ આગળ મૂકે. જમણે પાસે પુરૂષ અને ડાબે પાસે સ્ત્રી ઉભી રહીને ભગવંત પ્રત્યે વાંદે, તે વખતે જઘન્ય નવ હાથથી માંડી સાઠ હાથનો અવગ્રહ મૂકી એટલે તેટલે દૂર ભગવંતથી રહ્યાથકાં વાંદે. ત્યારપછી ઉત્તરાસણ કરી ભલી યોગમુદ્રાએ રહી મીઠી વાણીથી ચૈત્યવંદન કરે. (પેટ ઉપર બે કોણી રાખી કમળના ડોડાને આકારે માંહોમાંહે દશ

આંગળી ભેળી કરીયે તે યોગમુદ્રા.) પછી પોતાને ઘેર જઇ પ્રભાત સમયની ક્રિયા કરે. પછી ભોજન, વસ્ત્ર અને ઘરના માણસની ચિંતા કરે. બાંધવ તથા દાસને પોતપોતાના કાર્યને વિષે થાપીને આઠ બુદ્ધિના ગુણે કરી સહિત પોશાળે ગુરૂ પાસે જાય.

૧ ગુરૂસેવા, ૨ ધર્મ સાંભળવો, ૩ ધર્મ ગ્રહણ કરવો, ૪ ધારવો, ૫ વિચારવો, ૬ ઉહાપોહ કરવો, ૭ અર્થ જાણવો, ૮ તત્ત્વજ્ઞાન કરવું એ આઠ બુદ્ધિના ગુણ જાણવા. શાસ્ત્ર સાંભળવાથી ધર્મનો જાણ થાય. તેથી દુષ્ટ મતિનું છાંડવું થાય, જ્ઞાન પામે, વૈરાગ્યની પ્રાપ્તિ થાય, માટે પોશાળે જઇ બે હાથ, બે પગ અને મસ્તક, એ પંચાંગવડે ગુરૂ અને બીજા સાધુઓને ખમાસમણુ દેઇને ગુરૂની આશાતના છાંડતો થકો ધર્મ સાંભળવા બેસે. ગુરૂ પાસે બેઠાં થકાં પગ ન બાંધીએ, પગ લાંબા પ્રસારીએ નહિ, પગ ઉપર પગ ન ચડાવીએ, કાખ ઉંચી કરી બતાવીએ નહિ, પાછળ બેસવું નહિ, આગળ બેસવું નહિ, પડખે બેસવું નહિ, પરંતુ ગુરૂ સન્મુખ બેસવું. બીજા આવેલ માણસને ગુરૂના બોલાવ્યા વિના પોતે બોલાવવા નહિ. ગુરૂના મુખ સન્મુખ એકાગ્ર ચિત્તથી દૃષ્ટિ રાખી ધર્મ સાંભળવા બેસે, પોતાના મનના સંદેહ ટાળે. વ્યાખ્યાન ઉઠયા બાદ દેવગુરૂના ગુણ ગાનારા યાચકવર્ગને યથાશક્તિ દાન આપ્યા પછી યથાશક્તિ પચ્ચખાણ કરે, કેમકે વિરતિ વિના જે દાતાર હોય તે પણ તિર્યં-ચની યોનિમાં જઇ ઉપજે, હાથી ઘોડાના ભવ પામે, ભોગ ભોગવતાં પણ બંધનમાં પડયા રહે, પચ્ચખાણ સહિત દાન દેનાર નરકે ન જાય, તિર્યંચમાં ન જાય, દયાવંત હોય તે આયુષ્ય હીન ન થાય, સત્યવાદી હોય તેનો માઠો સ્વર ન હોય તપસ્યા સર્વ ઈંદ્રિયરૂપ

બગલાને વશ કરવાને જાળપાશ સમાન છે, કષાયરૂપ તાપ ટાળવાને દ્રાક્ષ સમાન છે, કર્મરૂપ અજીર્ણ ટાળવાને હરડે સમાન છે. જે વસ્તુ દૂર અને દુઃખે પ્રાપ્ત કરવા યોગ્ય હોય, દેવને પણ દુર્લભ હોય, તે સર્વ તપસ્યાઓ કરી સધાય છે. માટે યથાશક્તિ તપસ્યા કરવીજ.

પછી બજારમાં જઇ ધર્મનીતિથી દ્રવ્ય કમાવાને વ્યાપાર કરે. મિત્રના ઉપકાર અર્થે, ભાઇના ઉદય અર્થે ઉત્તમ પુરૂષો લક્ષ્મી ઉપાર્જન કરે. પોતાનું પેટ તો તિર્યંચ પણ ભરે છે. વ્યાપારથી આજીવિકા ચલાવવી તે ઉત્તમ જાણવી, ખેતીવાડીથી આજીવિકા મધ્યમ અને નોકરી કરીને આજીવિકા ચલાવવી તે જઘન્ય જાણવી, અને ભિક્ષા માગી પેટ ભરવું તે અધમાધમ આજીવિકા જાણવી. તે માટે નીચ વ્યાપાર પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, ઘણા આરંભરૂપ મહાપાપ જેમાં છે, લોકમાં જેની નિંદા થાય છે, ઉભય લોક વિરૂદ્ધ છે, એવું કાર્ય આચરે નહિ. આ પ્રમાણે પહેલા પહોરનું કાર્ય સંપૂર્ણ થયું.

હવે બીજે પહોરે ઘેર જઇ જીવ રહિત જમીન ઉપર પૂર્વદિશિ સન્મુખ બેસી સ્નાન કરે. ભલા પરનાલાવાળું બાજોઠ સ્નાન અર્થે રાખે. રજસ્વલા સ્ત્રીનો અથવા ચંડાળનો સ્પર્શ થયો હોય અથવા સૂતક લાગ્યું હોય અથવા સ્વજનાદિનું મૃત્યુ થયું હોય તો સર્વાંગે સ્નાન કરવું. સ્નાન અર્થે પાણી નાંખ્યાથી જીવ હણાય એવા સ્નાનધર્મથી મિથ્યાત્વી જનો પોતાના જીવને મલીન કરે છે, અને શરીરને પવિત્ર કરે છે. સ્નાન કર્યા બાદ ભીંનું વસ્ત્ર મૂકી, કાંબળ આદિ વસ્ત્ર પહેરી, પગ ભીંના હોય ત્યાં સુધી ત્યાંજ ઉભો રહે, પછી ઘરના દેરાસર

પાસે જઇ ધરતી પુંજી ત્યાં પૂજાનાં વસ્ત્ર સફેદ અને ફાટયાં વિનાનાં શુદ્ધ પહેરી અષ્ટ પટ મુખકોષ બાંધે. પછી પોતાના અંગે તિલક કરી હાથ ધોઇ અષ્ટ પ્રકારી પૂજા કરે. દેવપૂજા અવસરે ૧ મન, ૨ વચન, ૩ કાયા, ૪ વસ્ત્ર, ૫ ભૂમિ, ૬ પૂજાનાં ઉપકરણ એ સાત વાનાં શુદ્ધ રાખવાં. પૂજા વખતે પુરૂષે કદી સ્ત્રીનું વસ્ત્ર પહેરવું નહિ. તેમ સ્ત્રીએ પુરૂષનું વસ્ત્ર પહેરવું નહિ. જો પહેરે તો કામ તથા રાગની વૃદ્ધિ થાય. શુદ્ધ જળ લાવી પ્રભુને પખાળ કરી અંગલૂહણાંવતી શરીર સૂકું કરે, પછી અષ્ટ પ્રકારી પૂજા કરે. અષ્ટ પ્રકારી પૂજાનો ક્રમ–ચંદન, કુસુમ, ધૂપ, અક્ષત, ફળ, નૈવેદ્ય, દીપ, જળ એ અષ્ટ પ્રકારી પૂજા જાણવી. કસ્તૂરી–કેસર કપુર તેણે કરીને મિશ્રિત મનોહર ચંદન-વડે રાગદ્વેષાદિકે રહિત ચોસઠ ઈંદ્રે જેમ પૂજા કરી તેમ પૂજા કરવી તે પ્રથમ ચંદનપૂજા જાણવી. પછી જાઇ, જાસુસ, ગુલાબ, મોગરો કુંદ, ચંપક, મચકુંદ, સો પાંખડોના કમળ વગેરે પુષ્પોથી પૂજા કરવી તે દ્વિતીયા પુષ્પપૂજા જાણવી. કાળા અગરનો કરેલો, સાકર સહિત, ઘણાં કપૂરે સહિત અને ઘણા પ્રયત્ને બનાવેલો એવો ધૂપ ભગવંત આગળ ઉખેવવો તે તૃતીયા ધૂપપૂજા જાણવી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ ભાવ મનમાં ચિંતવી ત્રણ ઢગલા અખંડિત સ્વચ્છ ચોખાના કરે, સ્વસ્તિક કરે તે ચતુર્થી અક્ષતપૂજા જાણવી. ભલા નાળિયેર, ફનસ, પપનસ, બીજોરાં, સોપારી, આંબા પ્રમુખ ફળ મુકવાં તે પંચમી ફળપૂજા જાણવી. ભલા લાડવા, વડાં, માંડા, ચોખા, દાળ પ્રમુખ રસોઈ, પકવાન વગેરે પ્રભુ આગળ ધરવાં તે ષષ્ઠી નૈવેદ્યપુજા. પછી દીપક કરવો તે સપ્તમી દીપકપૂજા. પ્રભુ ઉપર જળની ધાર કરવી તે અષ્ટમી જળપૂજા જાણવી. પૂજા કરનાર

પૂર્વદિશિ સામો અથવા ઉતરદિશિ સામો બેસે. વિદિશિ કે દક્ષિણદિશા વર્જીને બેસે. પૂર્વદિશિ સામો બેસી પૂજા કરે તો લક્ષ્મી પામે, અગ્નિખૂણે સંતાપ પામે, દક્ષિણ દિશિએ મરણ પામે, નૈરૃત્ય ખૂણે ઉપદ્રવ ઉપજે, પશ્ચિમ દિશિએ પુત્રનું દુઃખ હોય, વાયુખૂણે સંતાન ન હોય, ઉત્તર દિશિએ લાભ થાય, ઈશાનખૂણે ઘરને વિષે ન રહે. બે પગ, બે ઢીંચણ, બે હાથ, બે ખભા અને એક મસ્તક, એ નવ અંગે અનુક્રમે જિનેશ્વરની પુજા કરવી. પછી લલાટે, કંઠે, હૃદયે અને નાભિએ પૂજા કરવી.

પ્રભાતમાં પવિત્ર વાસક્ષેપથી પૂજા કરે, બે પહોરે અષ્ટ પ્રકારી પૂજા કરે અને સાંજે ધૂપ–દીપવડે પૂજા કરે, એ ત્રિકાળપૂજા જાણવી. પૂજા કરતાં ફુલના બે કટકા ન કરવા, કળી છેદવી નહી, પત્રથી ફુલ જૂદું ન કરવું, હાથથી પડી ગયેલ, જેને પગ લાગેલો હોય, જે ભમિ ઉપર પડેલ હોય, મસ્તક ઉપર આણેલ હોય એવું ફુલ પૂજાને યોગ્ય નહિ જાણવું. ગંધ રહિત, ઉગ્ર ગંધવાળું, નીચ મનુષ્યે સ્પર્શ કરેલું, કીડે ડંસેલ, માઠાં વસ્ત્રમાં લાવેલ, એવું ફુલ પણ પૂજાને યોગ્ય નથી. એ પ્રકારે પૂજા કર્યા બાદ ગામનાં મોટાં દેરાસર જઇ પ્રથમ માફક મૂળનાયકજીની પ્રથમ પૂજા કરી પછી બીજા ભગવંતને પૂજે. પછી બહાર આવી ત્રીજી નિસિહિ કહીને ચૈત્યવંદન કરે. એક નમુથ્થુણે જઘન્ય ચૈત્યવંદન, બે નમુથ્થુણે મધ્યમ ચૈત્યવંદન અને પાંચ નમુથ્થુણે ઉત્તમ ચૈત્યવંદન જાણવું. એ પ્રકારે યથાશક્તિ ભાવ ટકે તે પ્રમાણે ચૈત્યવંદન સ્તુતિ કરીને આવસ્સહિ કહેતો થકો ઘરપ્રત્યે જાય.

ત્યાં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરી પોતાના બાંધવો સાથે ભોજન જમે. પગ ધોયા વિના, રીસે ચડેલ અને મુખે માઠાં વચન બોલતો દક્ષિ-

ણુદિશિએ બેસી જમે તે રાક્ષસભોજન જાણવું. અંગ પવિત્ર કરી શુભ સ્થાનકે નિશ્ચલ આસને બેઠોથકો દેવગુરૂને સંભારતો ભોજન કરે તે મનુષ્યનું ભોજન જાણવું. દેવપૂજા કરી પૂજ્ય માતાપિતા આદિને નમી હર્ષ સહિત સુપાત્રે દાન દેઇ એકાદ પણ સાધર્મી બંધુને જમાડી ભોજન કરવું તે ઉત્તમભોજન જાણવું. ઉત્તમપુરૂષોએ ૧ ભોજન કરતાં, ૨ સ્ત્રી સેવતાં, ૩ વમન કરતાં, ૪ દાતણ કરતાં, ૫ વડીનીતિ કરતાં, અને ૬ લઘુનીતિ કરતાં બોલવું નહીં. અગ્નિખૂણે, નૈરૂત્યખૂણે, દક્ષિણદિશિએ ભોજન કરવું વર્જ્ય છે. રવિના અસ્ત વેળાયે, ઉદય-વેળાએ, રાત્રિએ, ગ્રહણ હોય ત્યારે, જ્ઞાતિ બાંધવમાં શબ ઘરે પડ્યું હોય ત્યારે જમવું નહિ. નીચકૃત્ય કરનાર સાથે બેસી જમવું નહીં. અજાણ્યાં ભાજનમાં જમવું નહિ. અજાણ્યું ભોજન જમવું નહીં. ભોજનની આદિમાં પાણી તે વિષ સમાન, મધ્યમાં પાણી તે અમૃત સમાન અને પછવાડે પાણી પીવું તે શિલા સમાન જાણવું. જમ્યા બાદ મુખવાસ વાપરી મુખ શુદ્ધ કરે. પછી ડાબે પડખે પા કલાક સુઇ રહે. ઉનાળા શિવાય બીજા દિવસોમાં નિદ્રા કરે નહિ.

પછી ઘરની શોભા જોતો, પુત્રાદિકને શીખામણ આપતો બે ઘડી પર્યંત ઘરને વિષે રહે. પછી ન્યાયમાર્ગથી ધન કમાવા વ્યાપારના કામમાં પ્રવર્તે. રાજ્યવિરૂદ્ધ, જાતિવિરૂદ્ધ કે ધર્મવિરૂદ્ધ વ્યાપારકાર્ય કરે નહિ. આવક કરતાં વધારે ખર્ચ કરે નહિ અને શુદ્ધ વ્યવહારમાં પોતાનો ચોથો પ્રહર નિર્ગમન કરે. સાંજે ચાર ઘડી દિવસ બાકી રહ્યા છતાં ઘરે જઇ વાળુ કરે. બે ઘડી દિવસ બાકી રહે ત્યારે ચૌવિહાર-તિવિહાર-દુવિહારનું પચ્ચખાણ કરે. ચૌદ નિયમ ધારનાર હોય તે સંક્ષેપીને નવા ધારણ કરે. હમેશાં દેવસી, ચતુર્દશીએ

પાક્ષિક, અને ફાગણ, અશાડ અને કાર્તિક શુદિ ૧૪ ચોમાસી, ને ભાદરવા શુદિ ૪ સંવત્સરી પ્રતિક્રમણ કરે. પછી ગુરૂની વૈયાવચ્ચ કરે. પછી ગામનાં દેરાસર વંદન કરી ઘરપ્રત્યે જાય. ત્યાં પગ ધોઇ પંચ પરમેષ્ઠી નવકાર ગણે. જે રાગી પુરૂષ ઉપર પણ વિરાગી થાય તે સ્ત્રીને કોણ ભોગવે? જે પંડિત હોય તે મુક્તિરૂપિણી સ્ત્રીનેજ ભોગવે, કેમકે મુક્તિરૂપિણી સ્ત્રી છે તે વૈરાગી ઉપર રાગિણી છે, એવુ સ્ત્રીનું અસારપણું ચિંતવતો થોડીવાર સમાધિવંત થકો ચાર શરણ સંભારતો ડાબે પડખે સુખ નિદ્રા લે. બુદ્ધિમાન્ પુરૂષ ધર્મના પર્વ વિષે સ્ત્રીને ભોગવે નહિ. પ્રજાર્થેજ ફક્ત મૈથુન સેવ્યા બાદ સ્ત્રીથી અલગ પથારી ઉપર શરીર શુદ્ધિ કરી નવકારમંત્રનું સ્મરણ કરતો નિદ્રા કરે. એ પ્રકારે શ્રાવકનું દિવસનું કૃત્ય કહ્યું.

પર્વ તિથિએ વિશેષ પ્રકારે તપસ્યા આદિ ધર્મકૃત્યમાં તત્પર રહે. જિનેશ્વરની આણા હૃદયમાં ધારણ કરે. મિથ્યાત્વને પરિહરે અને સમ્યકત્વને ધારણ કરે. ષડ્વિધ આવશ્યક ક્રિયામાં હમેશપ્રત્યે ઉદ્યમવંત થાય. પર્વ દિવસે પોસહ આદિ વ્રત કરે. દાન, શીયળ, તપ અને ભાવનામાં આસક્ત રહે. હમેશા સ્વાધ્યાય કરે, નવકારનો જાપ કરે, જયણાપૂર્વક વર્તે, જિનપૂજા, જિનસ્તુતિ, ગુરૂસ્તુતિ કરે, સાધર્મી વત્સલ કરે, વ્યવહારની શુદ્ધિ પાળે, રથયાત્રા, તીર્થયાત્રા કરે, ઉપશમ, વિવેક, સંવરને ધારણ કરે, ભાષાસમિતિ પાળે, ષડ્ જીવોની રક્ષા કરે, ધર્મી પુરૂષોનો સંગ કરે, ઇંદ્રિયનું દમન કરે, સાધુધર્મના પરીણામ રાખે, સંઘ ઉપર બહુમાન કરે, પુસ્તક લખાવે, શાસન પ્રભાવના કરે. એ પ્રકારે સદ્ગુરુનાં વચનાનુસાર શ્રાવકને કરવાં યોગ્ય કૃત્ય જાણવું. મિથ્યાત્વીઓના પર્વો કરવાં નહીં. રડવાકુટવા આદિના

રીવાજો રાખવા નહીં. એ પ્રમાણે શ્રાવકધર્મને વર્ણવતો છતો હું સમાપ્તિ અવસરે મંગળાચરણરૂપ અર્હંત દેવની સ્તુતિ કરૂં છું. શ્રાદ્ધવિધિ તથા આચારોપદેશ આદિ ગ્રંથોથકી ઉદ્ધરીને મેં અલ્પ મતિવાળાએ આ રચના કરી તે દેવગુરૂના પ્રસાદથકી વીરશાસન લગી જયવંતી વર્તો.

सर्वमंगलमांगल्यं । सर्वकल्याणकारणम् ॥
प्रधानं सर्व धर्माणां । जैनं जयति शासनम् ॥ १ ॥

संक्षिप्त श्रावकाचार

समाप्त.

तत्त्व विचार.

ॐ पार्श्वनाथाय नमः

દોહા.

પુરિસાદાણી પાર્શ્વનાથ, ત્રેવીશમા સુખકાર;
પદપંકજ નમી તેહના, વલી સદ્‌ગુરૂ જયકાર.—૧
સૂત્ર ગ્રંથ અનુસારથી, ભવિજનને હિતકાર;
અતિ સુખદાયક ગ્રંથ એ, નામે તત્ત્વવિચાર.—૨
સમવસરણ બેસી પ્રભુ, દિયે દેશના સાર;
નવ તત્ત્વ પ્રકાશિયાં, કહીશ હું લેશ વિચાર.—૩
જીવાજીવ ને પુણ્ય પાપ, આસ્રવ સંવર જાણ;
નિર્જરા બંધ ને મોક્ષ નવ, તત્ત્વ કહે જિનભાણ.—૪

તત્ત્વ નવ છે. ૧ જીવતત્ત્વ, ૨ અજીવતત્ત્વ, ૩ પુણ્યતત્ત્વ, ૪ પાપતત્ત્વ, ૫ આસ્રવતત્ત્વ, ૬ સંવરતત્ત્વ, ૭ નિર્જરાતત્ત્વ, ૮ બંધતત્ત્વ, ૯ મોક્ષતત્ત્વ.

જીવતત્વ.

જીવ બે પ્રકારના છે. ૧ મુક્તિના, ૨ સંસારી.

૧ આઠ કર્મથકી રહિત થયા હોય અને મોક્ષસ્થાનમાં બિરાજમાન હોય તેને મુક્તિના જીવ કહે છે.

૨ આઠ કર્મ સહિત હોય તેને સંસારી કહે છે.
સંસારી જીવના બે ભેદ છે. ૧ સ્થાવર, ૨ ત્રસ.

સ્થાવરના પાંચ ભેદ છે. ૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય. એક સ્પર્શેન્દ્રિયવાળા પાંચ સ્થાવર એકેન્દ્રિય જીવો છે.

પૃથ્વીકાયના ભેદ–સ્ફટિકમણિ, રત્ન, પરવાળાં, હિંગલોક, હડતાળ અને પારો. સોનું, રૂપું, ત્રાંબુ કથીર, જસત, સીસું, લોઢું એ સાત ધાતુ અગ્નિકાયના સંયોગે તેઉકાય કહેવાય છે. અગ્નિસંયોગ–અભાવે પૃથ્વીકાય છે. ખડી, રમચી, અરણેટો પાષાણ, પલેવો પાષાણ, પાંચ વર્ણનો અભરખ, તુરી, ખારો, માટી, પાષાણ, સુરમો, સૈંધવ, સાજી, બિડલવણ, કાચલવણ તથા સમુદ્રલવણ ઇત્યાદિ પૃથ્વીકાય સંસારી જીવોના ભેદ છે.

અપ્કાયના ભેદ–કૂવાનું પાણી, આકાશથી પડેલું પાણી, ઓસનું પાણી, હિમ, કરા, ઘાસના ઉપર પડેલાં પાણીનાં બિંદુ, ધૂમસ્ ઘનોદધિ આદિ અપ્કાય જીવના ભેદ છે.

તેઉકાયના ભેદ–જ્વાલા વિનાનો અગ્નિ જેને અંગારા કહે છે, જ્વાળાનો અગ્નિ, ભાસડ, ઉલ્કાપાત, વજ્રનો અગ્નિ, કોઇક કાળમાં આકાશમાં અગ્નિના તણખા ઉડતા દેખાય છે તે,

કણિયાનો આગ્ન, વિજળી આદિ અગ્નિકાય સંસારી જીવના ભેદ જાણવા.

વાયુકાયના ભેદ–આકાશમાં તૃણાદિકના છેડાને ભમાવનાર ઉદ્ભ્રામકવાયુ, નીચો પડતો હોય તે ઉત્કલિક વાયુ, વટોળિયો, કોઇ કાળે મોટો વાયરો થાય તે મહાવાયુ, હળવે હળવે વાય તે શુદ્ધ વાયુ, ગુંજારવ કરતો વાય તે ગુંજવાયુ, જે બે વાયુના આધારે નરક દેવલોકાદિ રહેલાં છે તે એક ઘનવાયુ અને બીજો તનુવાયુ કહેવાય છે ઇત્યાદિ વાયુકાય જીવના ભેદ છે.

વનસ્પતિકાયના ભેદ–વનસ્પતિ બે પ્રકારની છે. ૧ સાધારણ વનસ્પતિ, ૨ પ્રત્યેક વનસ્પતિ.

૧ અનંતજીવો વચ્ચે એક શરીર હોય તેને સાધારણ વનસ્પતિ કહે છે.

૨ એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેક કહે છે.

૧ સાધારણ વનસ્પતિના ભેદ–સુરણાદિ સર્વ જાતના કંદ, બાહેર નીકળેલા અંકુરા, સર્વ જાતિની કુંપલો, પંચવર્ણી શેવાળ, વર્ષાકાળમાં છત્રના આકારે પૃથ્વીમાંથી નીકળે છે તે ભૂમિફોડા, લીલું આદું, લીલી હળદર, લીલો કચુરો એ ત્રણને આર્દ્રકત્રિક કહે છે, ગાજર, મોથ, વથુલો, (શાક ભેદ), થેગ, પલ્લંકાની ભાજી, સર્વ કોમળ ફળ, જેની ગૂઢ શિરા હોય તે, શણાદિકનાં પાંદડાં, જારનાં પાંદડાં, થોહરની સર્વ જાતિ, કાંટાલો, ખુરશાણી, કુઆરી, ગુગળ, ગળો, છેદ્યાં છતાં વાવ્યાથી ફરી ઉગનાર એ સર્વે સાધારણ વનસ્પતિ વા અનંતકાય કહીએ. એ સાધારણનું ભક્ષણ કરવાથી મહા પાપ થાય છે માટે તેનું ભક્ષણ કરવું નહીં.

૨ પ્રત્યેક વનસ્પતિના ભેદ-આંબો, લીંબડો, રાયણુ, વડ ઇત્યાદિ પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે. સર્વ ફળ, ફુલ, છાલ, કાષ્ઠ, થડ, પાંદડાં, સર્વ બીજ, એ સાત સ્થાનકે પ્રત્યેક ભિન્ન ભિન્ન જીવ હોવાથી તેમને પ્રત્યેક વનસ્પતિ કહે છે.

પાંચ સૂક્ષ્મ સ્થાવર જીવો આંખે કરી દેખાતા નથી. પાંચ સૂક્ષ્મ સ્થાવર ચૌદરાજ લોકમાં વ્યાપીને રહ્યા છે.

પાંચ સ્થાવરના ૨૨ ભેદ.

પૃથ્વીકાય—૧ સૂક્ષ્મ, ૨ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૪ ભેદ.
અપ્‌કાય—૧ સૂક્ષ્મ, ૨ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૪ ભેદ.
તેઉકાય—૧ સૂક્ષ્મ, ૨ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૪ ભેદ.
વાયુકાય—૧ સૂક્ષ્મ, ૨ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૪ ભેદ.
પ્રત્યેક વનસ્પતિકાય—૧ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૨ ભેદ.
સાધારણ વનસ્પતિકાય—૧ સૂક્ષ્મ ૨ બાદર તે બે ૧ પર્યાપ્તા અને ૨ અપર્યાપ્તા.	૪ ભેદ.

એકંદર ૨૨ ભેદ થયા.

ત્રસજીવના ચાર ભેદ છે. ૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય, ૩ ચૌરિંદ્રિય તથા ૪ પંચેંદ્રિય.

સ્પર્શ અને જીભ એ બે ઇંદ્રિયો જેને હોય તેને બેઈંદ્રિય કહેછે. ચામડી, જીભ અને નાકવાળા ત્રીન્દ્રિય અને આંખવાળા ચતુરિન્દ્રિય અને કાન સહિત પંચેન્દ્રિય જીવો જાણવા

બેઈંદ્રિય જીવના ભેદ—દક્ષિણાવર્ત પ્રમુખ મોટા નાના શંખ, કોડીઓ, પેટમાં મોટા કૃમિ ઉત્પન્ન થાય છે તે, ગંડોલા, જળો, સ્થાપના કરવામાં વપરાયછે તે ચંદણુક, અલસિયાં, રોટલી પ્રમુખ વાસી જીવમાં ઉત્પન્ન થનાર લાલિયા જીવ, કીડા, પૂરા, ચુડેલ, વાળા ઇત્યાદિ જીવ બેઇંદ્રિય છે.

તેઇંદ્રિય જીવના ભેદ—કાનખજૂરા એને પગ ઘણા હોય છે, માંકણુ, જુ, રાતી અને કાળી એ બે જાતની કીડીઓ, ઉધેઈ, મંકોડા, ઇઅળ, ઘીમેલ, સુવા જે આંખની પાપણુમાં પડે છે તે, ગીંગોડા, ગદહિયાં, વિષ્ટામાં ઉત્પન્ન થનાર ચોરકીડા, કુંથુઆ, ઇંદ્રગોપાદિ જીવ વર્ષાઋતુમાં ઉત્પન્ન થાય છે રંગે લાલ હોય છે, ઇત્યાદિ તેઇંદ્રિયજીવ છે.

ચતુરિંદ્રિય જીવના ભેદ—વિંછી, બગાઇ, ભમરા, ભમરીઓ, તીડ, માખીઓ, ડાંસ, મચ્છર, કંસારી, ખડમાંકડી, પતંગ, ઢીંઢણુ આદિને ચૌરિંદ્રિય જીવ કહે છે.

પંચેંદ્રિય જીવના ભેદ—૧ દેવતા, ૨ મનુષ્ય, ૩ તિર્યંચ, ૪ નારકી.

દેવતાના ચાર પ્રકાર—૧ વૈમાનિક, ૨ ભુવનપતિ, ૩ વ્યંતર અને ૪ જ્યોતિષી.

વૈમાનિકના ભેદ—૧ કલ્પ, ૨ કલ્પાતીત.

૧ જેને સ્વામી-સેવક સંબંધ છે ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે

જઈ શકે છે તેને કલ્પ દેવતા કહે છે.

૨ જેને સ્વામી–સેવકપણું નથી અને પૃથ્વી ઉપર આવી શકતા નથી તેને કલ્પાતીત કહે છે.

મતલબ કે–કલ્પ એટલે આચારવાળા અને કલ્પાતીત–આચાર રહિત. બાર દેવલોક સુધીના કલ્પ દેવો છે, તે ઉપરના કલ્પાતીત દેવો છે. સમભૂતલા પૃથ્વી છે ત્યાંથી સાતસેં નેવું જોજન માંડીને નવસેં જોજન પર્યંત ઉંચા જ્યોતિષી દેવતાઓ રહે છે. ત્યાંથી એક રાજને આશરે ઉંચા જઇએ ત્યારે દક્ષિણ દિશાએ સૌધર્મ દેવલોક અને ઉત્તર દિશાએ ઇશાન દેવલોક એ રીતે બે દેવલોક જોડાજોડ છે. સૌધર્મ દેવલોકે ૩૨ લાખ વિમાન છે. ઇશાને અઠાવીશ લાખ વિમાન છે. ત્યાંથી કેટલાક ઉંચે જઇયે ત્યારે ત્રીજા સનત્કુમાર દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં માહેંદ્ર દેવલોક એ રીતે બે દેવલોક જોડાજોડ છે. ત્યારપછી પાંચમો બ્રહ્મ દેવલોક, છઠ્ઠો લાંતક દેવલોક, સાતમો શુક્ર, આઠમો સહસ્રાર, એ ચાર દેવલોક કેટલેક કેટલેક અંતરે એકલા એકજ છે. ત્યાંથી કેટલાક ઉંચે જઇએ ત્યારે નવમો આનત અને દશમો પ્રાણત એ બે દેવલોક અનુક્રમે દક્ષિણ ઉત્તર દિશાએ જોડાજોડ છે. ત્યાંથી કેટલાક ઉંચે જઇએ ત્યારે અગિયારમો આરણ અને બારમો અચ્યુત એ બે દેવલોક અનુક્રમે દક્ષિણ ઉત્તર દિશાએ જોડાજોડ આવેલા છે. ત્યાંથી કેટલાક ઉંચા જઇએ ત્યારે ચૌદરાજ લોકરૂપ પુરૂષના ગળાને સ્થાનકે નવ ગ્રૈવેયક છે. તે વાર પછી કેટલેક ઉંચે પાંચ અનુત્તર વિમાન છે. તે વાર પછી ચૌદરાજ લોકરૂપ પુરૂષના લલાટને ઠેકાણે સિદ્ધશિલા છે તે પીસ્તાલીશ લાખ જોજનની લાંબી પહોળી છે, આઠ યોજનની

જાડી છે અને માખીની પાંખ જેવી પાતળી છે, તેના ઉપર એક યોજનના ચોવીશમા ભાગે સિદ્ધ મહારાજા સ્વસ્વઅવગાહનાએ બિરાજી રહ્યા છે.

કિલ્વિષિયા દેવતાઓ વૈમાનિક જાતિના છે, પણ તેમની નીચ જાતિ છે તેથી હલકાં કામ, દાસપણું આદિ તેમને કરવું પડે છે. તેમનાં સ્થાનઃ—

પહેલા અને બીજા દેવલોકની નીચે ત્રણ પલ્યોપમના આયુષ્ય વાળા રહ્યા છે.

ત્રીજા અને ચોથા દેવલોકની નીચે ત્રણ સાગરોપમના આયુષ્ય-વાળા રહ્યા છે.

પાંચમા અને છઠ્ઠા દેવલોકની નીચે તેર સાગરોપમના આયુષ્ય-વાળા રહ્યા છે.

એ ત્રણ કિલ્વિષિયા દેવો ચંડાળ સરખા કામ કરનાર જાણવા.

પાંચમા દેવલોકની છેડે ઉત્તર અને પૂર્વની અભ્યંતર કૃષ્ણરાજીમાં નવ પ્રકારના લોકાંતિક દેવો રહે છે. એમનું આઠ સાગરોપમનું આયુષ્ય છે. લોકાંતિક દેવનો એવો આચાર છે કે જ્યારે તીર્થંકર ભગવાનને દીક્ષા લેવાનો અવસર થાય છે ત્યારે તેઓ તીર્થંકર મહારાજાને અહીં આવી વિનયપૂર્વક વંદન કરી ‘ દીક્ષા લેઇ જગત્ જીવનો ઉદ્ધાર કરો ’ એમ વિનંતિ કરે છે.

હવે ત્રીજા સનત્કુમારે બાર લાખ વિમાન છે. માહેંદ્ર દેવલોકે આઠ લાખ વિમાન છે. બ્રહ્મ દેવલોકે ચાર લાખ વમાન છે. લાંતકે પચ્ચાશ હજાર, શુક્ર દેવલોકે ચાલીશ હજાર, આઠમા સહસ્રારે ૭ હજાર,

આણુત તથા દશમા પ્રાણુત દેવલોકમાં ચારસેં વિમાન અને આરણ તથા બારમા અચ્યુત દેવલોક એમ બેમાં મળી ત્રણસેં વિમાન છે. હેઠલા ત્રણ ગ્રૈવેયકે ૧૧૧ વિમાન, વચલા ત્રણ ગ્રૈવયકે ૧૦૭ વિમાન, ઉપરના ત્રણ ગ્રૈવેયકે ૧૦૦ વિમાન છે.

ઉપર પાંચ અનુત્તર વિમાને પાંચ વિમાન છે.

સૌધર્મના સામાનિક દેવતા ૮૪ હજાર, ઈશાનેંદ્રના ૮૦ હજાર, સનત્‌કુમારેંદ્રના ૭૨ હજાર, માહેંદ્રના ૭૦ હજાર, બ્રહ્મેંદ્રના ૬૦ હજાર, લાંતકેંદ્રના ૫૦ હજાર, મહાશુક્રેંદ્રના ૪૦ હજાર, સહસ્રારેંદ્રના ૩૦ હજાર, આણુતપ્રાણુતેંદ્રના ૨૦ હજાર, આરણ–અચ્યુતેંદ્રના ૧૦ હજાર સામાનિક દેવતા જાણવા.

એ સામાનિક દેવતાથકી ચાર ગુણા આત્મરક્ષક દેવતા દરેક ઇંદ્રને હોય છે

સૌધર્મ દેવલોકમાં મૃગનું ચિન્હ છે. ઇશાન દેવલોકમાં પાડાનું ચિન્હ છે. સનત્‌કુમારે સુઅરનું ચિન્હ છે. માહેંદ્ર દેવલોકમાં સિંહનું ચિન્હ છે. બ્રહ્મદેવલોકે બોકડાનું ચિન્હ છે. શુક્રે ઘોડાનું ચિન્હ છે. સહસ્રારે હાથીનું ચિન્હ છે. આણુતે સર્પનું ચિન્હ છે. પ્રાણુતે ગેંડાનું ચિન્હ છે. આરણે વૃષભનું ચિન્હ છે. અચ્યુતે મૃગવિશેષ જાતિ આદિ ચિન્હ જાણવાં. એ ચિન્હ મુગટમાં હોય છે.

સૌધર્મ અને ઇશાન એ બે દેવલોકને ઘનોદધિ આધાર છે. ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકને ઘનવાતનો આધાર છે. ઘનવાત જામ્યો વાયુ છે, તે હાલે ચાલે નહિ. છઠ્ઠા, સાતમા અને આઠમા દેવલોકને ઘનોદધિ-અને ઘનવાત એ બન્નેનો આધાર છે. ઉપરનાં વિમાન આકાશને આધારે રહ્યાં છે.

પહેલે તથ બીજે દેવલોકે ૨૭૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૫૦૦ યોજન વિમાનની ઉંચાઈ, ત્રીજે તથા ચોથે દેવલોકે ૨૬૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૬૦૦ યોજન વિમાનની ઉંચાઇ, પાંચમે તથા છઠ્ઠે દેવલોકે ૨૫૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૭૦૦ યોજન વિમાનની ઉંચાઇ, સાતમે તથા આઠમે દેવલોકે ૨૪૦૦ યોજન પૃથ્વી- પિંડ અને ૮૦૦ યોજન વિમાનની ઉંચાઇ, નવમે, દશમે, અગિયારમે તથા બારમે એ ચાર દેવલોકે ૨૩૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૯૦૦ યોજન વિમાનનું ઉંચપણું, નવ ગ્રૈવેયકે ૨૨૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૧૦૦૦ યોજન વિમાનનુ ઉંચપણું, પાંચ અનુત્તરવિમાને ૨૧૦૦ યોજન પૃથ્વીપિંડ અને ૧૧૦૦ યોજન વિમાનની ઉંચાઇ છે.

સૌધર્મ તથા ઇશાનદેવલોકે ધજાસહિત પાંચે વર્ણનાં વિમાન છે.

સનત્‌કુમાર તથા માહેંદ્રે એક કાળો વર્ણ વર્જીને ચાર વર્ણનાં વિમાન છે. બ્રહ્મ તથા લાંતકે કાળો અને નીલો વર્ણ વર્જીને ત્રણ વર્ણનાં વિમાન છે, શુક્ર તથા સહસ્રારે કાળો, નીલો અને રાતો એ ત્રણ વર્ણ વર્જીને બે વર્ણનાં વિમાન છે. ત્યાંથી ઉપરના આણતાદિ ચાર દેવલોકે તથા નવ ગ્રૈવેયકે તથા પાંચ અનુત્તર વિમાને ધોળા વર્ણનાં વિમાન છે.

ભુવનપતિ, વ્યંતર અને જ્યોતિષિનાં વિમાન ત્રિવિધ વર્ણવાળાં જાણવાં.

પહેલા દેવલોકના પહેલા પ્રતરને વિષે ઉડુ નામે મુખ્ય ઇંદ્રક વિમાન છે તે વૃત્રાકારે થાળ સરખું પિસ્તાલીશ લાખ યોજન પ્રમાણ છે અને સર્વના ઉપર છેલ્લા બાસઠમા પ્રતરે એક લાખ યોજનનું સર્વાર્થસિદ્ધ નામે વૃત્રાકારે વિમાન છે.

પિસ્તાલીશ લાખ યોજનનો સિમંત નામે નરકાવાસ છે. વળી બીજું મનુષ્યક્ષેત્ર છે. ત્રીજું પિસ્તાલીશ લાખ યોજનનું ઉડુ નામે વિમાન છે. ચોથી પિસ્તાલીશ લાખ યોજનની સિદ્ધશિલા છે. એ ચાર પદાર્થ ૪૫ લાખ યોજનના આયામ વિષ્કંભે છે.

સાતમી નરકનો અપઇઠાણુ નામે નરકાવાસ, બીજું સર્વાર્થસિદ્ધ વિમાન, ત્રીજો જંબુદ્વીપ, એ ત્રણ પદાર્થ લાખ યોજનનાં છે.

મેરૂપર્વતના મધ્યભાગમાં ગાયના સ્તનના આકારે આઠ રૂચક પ્રદેશ છે. ત્યાંથી સાત રાજ ઉંચો ઉર્ધ્વલોક છે તથા સાત રાજ નીચો અધોલોક છે. એ રીતે લોકાકાશ ચૌદ રાજલોક ઉંચપણે છે. જે વારે કેવળી કેવળીસમુદ્ઘાત કરે તે વારે એકેકા લોકાકાશ પ્રદેશે એકેકો પોતાના જીવનો પ્રદેશ સ્થાપે તેવારે સર્વ લોકને ફરશે,

ભુવનપતિના ભેદ અને તેનું સ્વરૂપ—રત્નપ્રભા પૃથ્વીનો એકલાખ ને એંશીહજારનો પિંડ છે. તે મેરૂપર્વતની સમભૂતલા પૃથ્વીના ભાગથકી ગણવો. એકલાખ ને એંશી હજાર પૃથ્વીના પિંડમાં થી એકહજાર ઉપર મૂકીએ અને એક હજાર નીચે મૂકીએ. બાકી મધ્યમાં એક લાખ અઠ્ઠોત્તર હજાર પૃથ્વીપિંડ રહ્યો, તેના તેર ભાગ કરીએ. તેમાં નરકનાં તેર પડ છે, તેનાં વચલાં આંતરાં અગિયાર રહ્યાં. તે મધ્યે દશ આંતરામાં ભુવનપતિની દશ નિકાય છે અને એક આંતરૂં ખાલી છે.

૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુતકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશિકુમાર, ૯ વાયુકુમાર, ૧૦ સ્તનિતકુમાર, એ રીતે દશ પ્રકારના ભુવનપતિદેવો

છે. તે એકેકા નિકાયને વિષે એક દક્ષિણ શ્રેણિનો અને એક ઉત્તરનો, એમ બે બે ઇંદ્ર છે. કુમાર એ વિશેષણનું સાર્થક પણ એટલા માટે છે કે તે દેવો બાળકની પેઠે રમે છે.

દશ ભુવનપતિનિકાય.	દક્ષિણશ્રેણિ ઇંદ્ર.	ઉત્તરશ્રેણિ ઇંદ્ર.
૧ અસુરકુમારનિકાય	ચમરેંદ્ર	બલીંદ્ર
૨ નાગકુમારનિકાય	ધરણેંદ્ર	ભૂતાનેંદ્ર
૩ સુવર્ણકુમારનિકાય	વેણુદેવેંદ્ર	વેણુદાલીંદ્ર
૪ વિદ્યુતકુમારનિકાય	હરિકંતેંદ્ર	હરિસહેંદ્ર
૫ અગ્નિકુમારનિકાય	અગ્નિશિખેંદ્ર	અગ્નિમાનવેંદ્ર
૬ દ્વીપકુમારનિકાય	પૂર્ણેંદ્ર	વિશિષ્ટેંદ્ર
૭ ઉદધિકુમારનિકાય	જલકંતેંદ્ર	જલપ્રભેંદ્ર
૮ દિશિકુમારનિકાય	અમિતગતીંદ્ર	અમિતવાહનેંદ્ર
૯ વાયુકુમારનિકાય	વેલંબેંદ્ર	પ્રભંજનેંદ્ર
૧૦ સ્તનિતકુમારનિકાય	ઘોષેંદ્ર	મહાઘોષેંદ્ર
	૧૦ +	૧૦ = ૨૦ ઇંદ્ર

	દક્ષિણશ્રેણિની ભુવનસંખ્યા.	ઉત્તરશ્રેણિની ભુવનસંખ્યા
૧ અસુરકુમાર.	૩૪ લાખ ભુવન.	૩૦ લાખ ભુવન.
૨ નાગકુમાર.	૪૪ લાખ ભુવન.	૪૦ લાખ ભુવન.
૩ સુવર્ણકુમાર.	૩૮ લાખ ભુવન.	૩૪ લાખ ભુવન.

૪ વિદ્યુત્કુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
૫ અગ્નિકુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
૬ દ્વીપકુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
૭ ઉદધિકુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
૮ દિશિકુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
૯ વાયુકુમાર.	૫૦ લાખ ભુવન.	૪૬ લાખ ભુવન.
૧૦ સ્તનિતકુમાર.	૪૦ લાખ ભુવન.	૩૬ લાખ ભુવન.
	૪૦૬૦૦૦૦૦ +	૩૬૬૦૦૦૦૦ =

સર્વ ભુવન સંખ્યા. ૭૭૨૦૦૦૦૦

ભુવનપતિનાં ભુવન નાનામાં નાનાં જંબુદ્વીપ જેવડાં મ્હોટાં છે. મધ્યમ સંખ્યાતા કોટિ યોજન પ્રમાણુ છે અને ઉત્કૃષ્ટા અસંખ્યાતા કોટિ યોજન પ્રમાણુ છે. ભુવનપતિનાં ભુવન મહામંડપસમાન આવાસ તે નગર બહાર વાટલાકારે છે. અને માંહેલી કોરે ચોખુણા છે. અંતર મધ્ય સમચોરસ તથા તળે કમળની કર્ણિકાને આકારે છે.

અસુરકુમારના મુગટને વિષે ચૂડામણિનું ચિન્હ, નાગકુમારને સર્વ આભરણમાં સર્પની ફણાનું ચિન્હ, સુવર્ણકુમારને આભરણે ગરૂડનું ચિન્હ, વિદ્યુત્કુમારનાં આભરણે વજ્રનું ચિન્હ, અગ્નિકુમારનાં આભરણમાં કળશનું ચિન્હ, દ્વીપકુમારનાં આભરણમાં સિંહનું ચિન્હ, ઉદધિકુમારનાં આભરણમાં અશ્વનું ચિન્હ, દિશિકુમારનાં આભરણમાં હસ્તિનું ચિન્હ, અને સ્તનિતકુમારનાં આભરણમાં વર્ધમાન (સરાવસંપુટ) નું ચિન્હ છે. સિદ્ધાંતમાં ચિન્હોમાં કેટલેક ઠેકાણે પાઠાંતર છે. શ્રી પન્નવણાજી તથા ઉવ્વાઇના પાઠ પ્રમાણે કરવા.

અસુરકુમારનાં શરીર કૃષ્ણવર્ણે છે. નાગકુમાર ને ઉદધિકુમારનાં શરીર ગૌરવર્ણે છે. સુવર્ણકુમાર, દિશિકુમાર ને સ્તનિતકુમાર એ ત્રણનાં શરીર કનકવર્ણે છે એટલે કસવટી ઉપર સોનાની રેખા સમાન છે. વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર અને દ્વીપકુમાર એ ત્રણનાં શરીર રાતા વર્ણે છે. વાયુકુમાર પ્રિયંગુવૃક્ષ પરે નીલવર્ણે છે.

અસુરકુમારનાં વસ્ત્ર રાતાં છે. નાગકુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, દ્વીપકુમાર તથા અગ્નિકુમાર, એ પાંચનાં વસ્ત્ર વર્ણે નીલ છે. દિશિકુમાર, સ્તનિતકુમાર અને સુવર્ણકુમાર, એ ત્રણનાં ધોળાં વસ્ત્ર છે. વાયુકુમારનાં સંધ્યારાગ સદૃશ છે.

ચમરેંદ્રને ચોસઠહજાર સામાનિક દેવો છે. બલીંદ્રને સાઠહજાર, અને બાકીના અઢાર ઇંદ્રને પ્રત્યેકને છ છ હજાર સામાનિક દેવો છે. તે દરેકને સામાનિક દેવોના કરતાં ચાર ગણા આત્મરક્ષક દેવતાઓ છે.

જ્યોતિષી દેવોનું સ્વરૂપ—૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર અને ૫ તારા, એ જ્યોતિષી દેવો છે.

સમભૂતલાપૃથ્વીથકી ૭૯૦ યોજન ઉંચા જઇએ ત્યાંથી ઉપર ૧૧૦ યોજનમાંહે જ્યોતિષી દેવો રહે છે.

આઠસેં યોજન ઉપર સૂર્ય છે. ૮૮૦ યોજને ચંદ્ર છે. ૮૮૪ યોજને નક્ષત્રો છે.

સર્વે નક્ષત્રો અઠ્ઠાવીસ છે. સર્વથી નીચું ભરણિનક્ષત્ર ચાલે છે. સ્વાતિનક્ષત્ર સર્વથી ઉપર ચાલે છે. મૂળનક્ષત્ર સર્વથી બાહિરના મંડળમાં છે. સર્વ નક્ષત્રની વચમાં અભિજિત્નક્ષત્ર ચાલે છે.

સમભૂતલાથકી ૭૯૦ યોજન ઉપર તારા છે.

સમભૂતલાથી ૮૮૮ યોજને બુધ નામા ગ્રહ છે. ૮૯૧ યોજન ઉપર શુક્ર ગ્રહ છે. ૮૯૪ યોજન ઉપર બૃહસ્પતિ નામા ગ્રહ છે. ૮૯૭ યોજન ઉપર મંગળ ગ્રહ છે. ૯૦૦ યોજન ઉપર શનિ નામા ગ્રહ છે.

મેરૂપર્વતથકી અગિયારસો એકવીશ યોજન છેટે જ્યોતિષી-ચક્ર ચાલે છે. તે મનુષ્યક્ષેત્રમાંહે ચાલે છે.

જ્યોતિષીઓનાં સર્વ વિમાન સ્ફાટિકરત્નમય હોય છે. લવણુસ-મુદ્રમાં જ્યોતિષીનાં વિમાન છે તે ઉદકસ્ફાટિકરત્નમય છે કેમકે લવ-ણુસમુદ્રની શિખા દશ હજાર યોજન પહોળી અને સોલ હજાર યોજન ઉંચી છે. અને જ્યોતિષીનાં વિમાન તો નવસેં યોજન ઊંચાઇમાં તે સર્વ શિખામાંહે ચાલે છે. પણ ઉદકસ્ફાટિકરત્નના પ્રભાવે કરી પાણી ફાટીને મોકળું થઇ જાયછે તેથી વિમાનોને પાણીમાંહે ફરવાને હરકત આવતી નથી, તેમજ વિમાનમાં પાણી પણ ભરાતું નથી એમ સૂર્યપ્રજ્ઞપ્તિનિર્યુક્તિકાર કહે છે.

મનુષ્યક્ષેત્રને વીંટી રહેલો સુવર્ણમય ૧૭૨૨ યોજન ઊંચો માનુષ્યોત્તર પર્વત છે. ત્યાંસુધી મનુષ્યનું જન્મમરણ થાય છે. પણ તેથી બહાર મનુષ્યનું જન્મમરણ થતું નથી, કદાપિ કોઇ દેવતા પૂર્વ ભવના વૈરથી અઢીદ્વીપ બહાર ઉપાડી લઇ જાય અથવા ગર્ભિણી સ્રીને લઇ જાય પરંતુ ત્યાં જન્મમરણ ત્રિકાળે થાયજ નહીં.

વિદ્યાચારણ તથા જંઘાચારણ નંદીશ્વર તથા રૂચકદ્વીપે જાત્રા કરવા સારૂ જાય છે ખરા, પણ તે મનુષ્યલોકમાંહે પાછા આવીનેજ મરે. તે માટે મનુષ્યક્ષેત્ર નામ સાર્થક છે.

ચંદ્રમાના વિમાનવાહક દેવના સોળહજાર છે. સૂર્યના વિમાન-વાહક સોળહજાર દેવો છે. ગ્રહના વિમાનવાહક આઠહજાર દેવો છે. નક્ષત્રના વિમાનવાહક ચારહજાર દેવો છે. તારાના વિમાનવાહક બે હજાર દેવો છે. અઠ્ઠાસી ગ્રહ, અઠ્ઠાવીશ નક્ષત્ર, છાસઠહજાર કોડાકોડી નવસેં કોડાકોડી પંચોતેર કોડાકોડી એટલી તારાની સંખ્યા છે. એ સર્વ ચંદ્રનો પરિવાર જાણવો. રાહુનું વિમાન કાળું છે. ચંદ્રમાનાં વિમાન-થકી ચાર આંગળ હેઠું ચાલે છે. એક તારા અને બીજા તારા વચ્ચે ઉત્કૃષ્ટ અંતર ૧૨૨૪૨ યોજનનું હોય છે. વિશેષ અધિકાર સૂર્યપન્નતિ જંબુદ્વીપપન્નતિ વગેરેથી જાણવો. ૧૫ માંડલાં ચંદ્રમાનાં છે. ૧૮૪ માંડલાં સૂર્યનાં છે.

વ્યંતરદેવોનું સ્વરૂપ—હવે હજાર યોજન પૃથ્વી જે ઉપર રહી તે મધ્યે સો યોજન ઉપર મૂકીએ અને સો યોજન ઉપર મૂકીએ, મધ્યે આઠસો યોજનમાં વ્યંતરનિકાયના દેવો રહે છે. તે વ્યંતરદેવોનાં (સ્થાન) ભુવન ઘણાં મનોહર રમણિક છે, પૃથ્વીકાય સંબંધી નગરો અસંખ્યાત છે.

વ્યંતરદેવોના ઘરનો બાહિરનો આકાર વૃત્તાકારે છે અને માંહેલી કોરે ચોખુણા છે, નીચે ભાગે કમળની કર્ણિકાને આકારે છે.

વ્યંતરદેવો અતિસુંદર, દેદીપ્યમાન, દેવાંગનાઓના બત્રીશબદ્ધ નાટકની રચનાથી તથા ગાનતાનથી મગ્ન થયા છતાં ગયું આયુષ્ય પણ જાણતા નથી.

વ્યંતરદેવોનાં મોટાં નગર જંબુદ્વીપ બરોબર એક લાખ યોજન ગોળ ચૂડીને આકારે છે. વ્યંતરદેવોનાં જઘન્ય નગર ભરતક્ષેત્ર જેવડ

છે. મધ્યમ ભુવન છે તે મહાવિદેહક્ષેત્ર પ્રમાણુ ૩૩૬૮૪ યોજન અને એક યોજનના ઓગણીશા ચાર ભાગ ઉપર એટલાં મોટાં છે.

વ્યંતરદેવોના ભેદ—૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ.

હાથમાં અને ગ્રીવામાં રત્નનાં આભૂષણુ ધરનારા અત્યંત સ્વરૂપવાન પિશાચદેવો છે. ૧ કુષ્માંડા, ૨ પટકા, ૩ જોષા, ૪ આન્હિકા, ૫ કાલા, ૬ મહાકાલા, ૭ ચોક્ષા, ૮ અચોક્ષા, ૯ તાલપિશાચા, ૧૦ મુખરપિશાચા, ૧૧ અધસ્તારકા, ૧૨ દેહા, ૧૩ મહાદેહા, ૧૪ તુદ્દશ્નીકા, ૧૫ વનપિશાચા, એ પન્નર પ્રકારના પિશાચદેવો છે.

૧ સ્વરૂપા, ૨ પ્રતિરૂપા, ૩ અતિરૂપા, ૪ ભૂતોત્તમા, ૫ સ્કંદિકા ૬ મહાસ્કંદિકા, ૭ મહાવેગા, ૮ પ્રતિછત્રા, ૯ આકાશગા, એ નવ પ્રકારના ભૂતદેવો છે, તે સ્વરૂપવંત સામ્યમુખવાળા હોયછે. શરીરે વિવિધ પ્રકારનાં વિલેપન કરે છે.

ગંભીર સ્વભાવવાળા, પ્રિયદર્શની તથા હાથપગનાં તળીઆં, નખ, તાલુ, જીભ, હોઠ જેમનાં લાલ હોય છે, એવા યક્ષદેવો હોય છે. તે દેદીપ્યમાન મુગટ ધારણુ કરે છે. તેમના તેર ભેદ છે. ૧ પૂર્ણભદ્રા, ૨ મણિભદ્રા, ૩ શ્વેતભદ્રા, ૪ હરિભદ્રા, ૫ સુમનોભદ્રા, ૬ વ્યતિપાકભદ્રા, ૭ સુભદ્રા, ૮ સર્વતોભદ્રા, ૯ મનુષ્યપક્ષા, ૧૦ ધનાધિપતિ, ૧૧ ધનાહારા, ૧૨ રૂપયક્ષા, ૧૩ યક્ષોત્તમા, એ તેર ભેદ યક્ષદેવોના છે.

સ્વભાવે ભયંકર અને જેમનું દર્શન પણુ ભયંકર તથા જેમને જોતાં ભય ઉપજે એવા વિકાળ, રક્ત તથા લાંબા હોઠવાળા, તપનીય આભૂષણુ ધારણુ કરનારા, એવા રાક્ષસદેવો તે ૧ ભીમા, ૨

મહાભીમા, ૩ વિઘ્ના, ૪ વિનાયકા, ૫ જળરાક્ષસા, ૬ રાક્ષસરાક્ષસા, અને ૭ બ્રહ્મરાક્ષસા, એ સાત પ્રકારના રાક્ષસ દેવો છે.

જેમનું દર્શન સૌમ્ય છે તથા જેના મુખને વિષે અધિક રૂપ અને શોભા છે તથા મસ્તકને વિષે મુકુટ છે જેમને એવા ૧ કિંનરા ૨ કિંપુરૂષા, ૩ કિંપુરૂષોત્તમા, ૪ હૃદયંગમા, ૫ રૂપશાલિન્, ૬ અનિંદિતા, ૭ કિંનરોત્તમા, ૮ મનોરમા, ૯ રતિપ્રિયા ૧૦ રતિશ્રેષ્ઠા, એ દશ પ્રકારના કિન્નરદેવો છે.

જેમના સાથળ અને ભુજાઓમાં અધિક રૂપશોભા છે તથા મુખની અધિક કાંતિ છે તથા નાનાપ્રકારનાં આભરણ તથા ભૂષણ ધારણ કરનારા એવા ૧ પુરૂષા, ૨ સત્પુરૂષા, ૩ મહાપુરૂષા, ૪ પુરૂષવૃષભા, ૫ પુરૂષોત્તમા, ૬ અતિપુરૂષા, ૭ મહાદેવા, ૮ મરૂતા, ૯ મેરૂપ્રભા, અને ૧૦ યશસ્વંત, એ દશ ભેદ કિંપુરૂષદેવોના છે.

જેમનો વેગ અત્યંત છે, જેમનું સૌમ્યદર્શન છે અને જે મ્હોટા શરીરવાળા અને સ્કંધ તથા ગ્રીવા જેની વિસ્તારવંત છે અને જે વિચિત્ર પ્રકારનાં આભરણ તથા ભૂષણ ધારણ કરનારા છે એવા ભુયંગા, ભોગશાલિન્, મહાકાયા, અતિકાયા, સ્કંધશાખિન્, મનોરમા, મહાવેગા, મહેશ્વક્ષા, મેરૂકાંતા અને ભાસ્વંતા એ દશ પ્રકારના મહોરગદેવો છે.

પ્રિયદર્શનવાળા, સ્વરૂપવંત, સુસ્વરવાળા, મસ્તકે મુકુટ ધારણ કરનાર, હાર છે ભૂષણ જેમનું એવા હાહા, હુહુ, તુંબુરવ, નારદા, રૂષિવાદકા, ભૂતવાદકા, કાદંબા, મહાકાદંબા, રૈવતા, વિશ્વાવસવ, ગીતરતિ અને ગીતયશ એ બાર પ્રકારના ગંધર્વદેવો છે.

આઠ જાતિના વ્યંતર દેવોમાં દક્ષિણ અને ઉત્તર શ્રેણિના ભેદે કરી સોળ ઈંદ્રો છે.

ભેદ.	વર્ણ.	દક્ષિણશ્રેણિ ઈંદ્ર.	ઉતરશ્રેણિ ઈંદ્ર.	ધ્વજામાં ચિન્હ.
૧ પિશાચ	કાળા	કાલેંદ્ર	મહાકાલેંદ્ર	કદંબવૃક્ષ
૨ ભૂત	કાળા	સ્વરૂપેંદ્ર	પ્રતિરૂપેંદ્ર	સુલસવૃક્ષ
૩ યક્ષ	કાળા	પૂર્ણભદ્ર	માણિભદ્ર	વડવૃક્ષ
૪ રાક્ષસ	ધોળા	ભીમેંદ્ર	મહાભીમેંદ્ર	તાપસ વિશેષ ઉપગરણ ચિન્હ
૫ કિંનર	શ્યામ	કિંનરેંદ્ર	કિંપુરૂષેંદ્ર	અશોકવૃક્ષ
૬ કિંપુરૂષ	ધોળા	સત્પુરૂષેંદ્ર	મહાપુરૂષેંદ્ર	ચંપકવૃક્ષ
૭ મહોરગ	કાળા	અતિકાયેંદ્ર	મહાકાયેંદ્ર	નાગવૃક્ષ
૮ ગંધર્વ	કાળા	ગીતરતીંદ્ર	ગીતયશેંદ્ર	તુંબુરાના વૃક્ષનું ચિન્હ.

૮ ઈંદ્ર + ૮ ઈંદ્ર = ૧૬ ઇંદ્ર.

વાણુવ્યંતર દેવોનું સ્વરૂપ—આઠસેં યોજનની ઉપર જે સો યોજન રહ્યા હતા. તેમાં દશ યોજન ઉપર મૂકીએ અને દશ યોજન નીચે મૂકીએ, તો વચલા એંશી યોજન મધ્યે વાણુવ્યંતરિક દેવો રહે છે.

૧ સંનિહિતઈંદ્ર, ૨ સામાનઇંદ્ર, ૩ ધાતાઈંદ્ર, ૪ [વિધાતાઈંદ્ર] ૫ ઋષિઈંદ્ર, ૬ ઋષિપાલેંદ્ર, ૭ ઇશ્વિરઈંદ્ર, ૮ મહેશ્વરઈંદ્ર, ૯ સુવચ્છ ઈંદ્ર, ૧૦ વિશાલઈંદ્ર, ૧૧ હાસ્યઈંદ્ર, ૧૨ હાસ્યરતિઈંદ્ર, ૧૩ શ્વેતઈંદ્ર, ૧૪ મહાશ્વેતઈંદ્ર, ૧૫ પતંગઈંદ્ર, ૧૬ પતંગપતિઇંદ્ર, એ સોળ ઇંદ્ર વાણુવ્યંતરના છે.

સર્વ મળી વ્યંતરના બત્રીશ ઇંદ્ર, ભુવનપતિના વીશ ઈંદ્ર, યદ્યપિ ચંદ્ર સૂર્ય તો અસંખ્યાતા ઈંદ્ર છે, તથાપિ જાતિની અપેક્ષાએ ચંદ્ર સૂર્ય બેજ ગણીએ માટે જ્યોતિષીના બે અને વૈમાનિકના દશ ઈંદ્ર મળી ચોસઠ ઈંદ્ર ગણત્રીમાં છે. વ્યંતરના બત્રીશ ઈંદ્રોને તથા જ્યોતિષીના બે ઈંદ્રોને લોકપાળ હોતા નથી, અને તેઓને ત્રાયત્રિંશક દેવતાઓ પણ હોતા નથી.

મનુષ્યના ભેદ—૧ કર્મભૂમિના, ૨ અકર્મભૂમિના, ૩ છપ્પન્ન અંતરદ્વીપના. મનુષ્યના ૩૦૩ ભેદ થાય છે.

તિર્યંચના ભેદ—૧ જળચર, ૨ સ્થળચર, ૩ ખેચર, ૪ ઉરપરિસર્પ, ૫ ભુજપરિસર્પ.

૧ **જળચર**—માછલાં, મગર, કાચબા, ગ્રાહજંતુ વગેરે.
૨ **સ્થળચર**—ગાય, ભેંસ, બળદ, ઉંટ, શ્વાન, બિલાડી વગેરે.
૩ **ખેચર**—કાગડા, ચકલી, હંસ, ગીધ, મેના, પોપટ, પારેવાં વગેરે.
૪ **ઉરપરિસર્પ**—સર્પ વગેરે.
૫ **ભુજપરિસર્પ**—નોળિયો, ખીસકોલી વગેરે.

મનુષ્યના ૩૦૩ ભેદ.
દેવતાના ૧૯૮ ભેદ.
તિર્યંચના ૪૮ ભેદ.
નારકીના ૧૪ ભેદ.
સરવાળે ૫૬૩ જીવના ભેદ જાણવા.

શરીર, સંસ્થાન, ઈંદ્રિય, પ્રાણ, પર્યાપ્તિની હાનિ-વૃદ્ધિ અનુસારે જીવ જુદા જુદા કહેવામાં આવે છે. સારાં ખોટાં શરીર, સારાં ખોટાં સંસ્થાન અને અધિક ઓછી ઈંદ્રિયો પામવી એનું

મુખ્ય કારણ કર્મ છે. કર્મ એ વસ્તુ પુદ્દગળ છે, અને તે જડ છે આત્માને દુઃખકર્તા છે એ કર્મવસ્તુ અજ્ઞાનસ્વરૂપ છે. તેનો વિશેષ અધિકાર આગળ કહેવામાં આવશે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ દેવલોક તથા ઈશાન દેવલોક સુધી ઉત્સેધાંગુલ પ્રમાણ સાત હાથ શરીરમાન ઉત્કૃષ્ટું જાણવું. ત્રીજા તથા ચોથા દેવલોકે છ હાથ શરીરમાન છે. બ્રહ્મ તથા લાંતકે પાંચ હાથ શરીરમાન, શુક્ર તથા સહસ્રારે ચાર હાથ, આરણાદિક ચાર દેવલોકે ત્રણ હાથ, ગ્રૈવેયકે બે હાથ અને અનુત્તર વિમાને એક હાથનું શરીરમાન જાણવું.

જે દેવતાના ભવમાં જ્યાંસુધી દેવતા જીવે ત્યાંસુધી જે શરીર ધારણ કરે તેને ભવધારણીય શરીર કહે છે, અને કારણસર વિકુર્વણા કરી શરીર નીપજાવે તેને વૈક્રિય શરીર કહે છે. વૈક્રિય શરીર ઉત્કૃષ્ટું એક લાખ યોજનનું કરે. નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનના દેવતાને વિષે એકલું ભવધારણીય શરીર છે; પણ ઉત્તર-વૈક્રિય શરીર કરવાની શક્તિ છતાં તેનું કોઇ કામ પડતું નથી કે જે થકી તેના રહેવાસી દેવતાને તે ઉત્તરવૈક્રિય શરીર કરવું પડે.

દેવતાને સ્વાભાવિકશરીર અને ઉત્તરવૈક્રિયશરીર એ બન્ને પ્રારંભની વેળાએ અંગુળના અસંખ્યાતમે ભાગે હોય છે. અંગુળનો અસંખ્યાતમો ભાગ જઘન્યથકી જાણવો.

સામાન્ય રીતે ચારે નિકાયના દેવતાને વિષે સમુચ્ચય બાર મુહૂર્તનો ઉત્કૃષ્ટો ઉપજવાનો વિરહકાળ જાણવો. ભાવાર્થ એ છે કે ચારે નિકાયના દેવતા નિરંતર ઉપજે છે. તે ઉપજવામાં કેવારેક ઉત્કૃષ્ટું અંતર પડે તો સામાન્યપણે બાર મુહૂર્તનું પડે.

ગર્ભજ તિર્યંચ, મનુષ્ય, દેવતા અને નારક, એ ચારને ઉપપાત ને વિરહકાળ બાર મુહૂર્તનો હોય એમાં પંચસંગ્રહ ગ્રંથની સાખ છે. સમુર્છિમ મનુષ્યનો ઉત્કૃષ્ઠ ઉપપાત અને વિરહકાળ ચોવીશ મુહૂર્તનો હોય છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાનવાસી દેવતાને ઉત્કૃષ્ઠ ચોવીશ મુહૂર્ત ઉપજવાનો વિરહકાળ છે. તેવારપછી બીજો કોઇ દેવતા અવશ્ય ઉપજે.

સનતકુમારે નવ દિવસ ને વીશ મુહૂર્ત ઉત્કૃષ્ઠ ઉપજવાનો વિરહકાળ છે. તેમજ માહેંદ્રદેવલોકે બાર દિવસ ને દશ મુહૂર્ત, બ્રહ્મદેવલોકે સાડીબાવીશ દિવસ, લાંતકે પીસ્તાલીશ દિવસ, શુક્રે એંશી દિવસ, સહસ્રારે સો દિવસ, આણુત તથા પ્રાણુતદેવલોકે પ્રત્યેકે સંખ્યાતા માસનો ઉપજવાનો વિરહકાળ એટલે આણુતે દશ માસ અને પ્રાણુતે અગિયાર માસ અને આરણુ તથા અચ્યુત એ બે દેવલોકે સંખ્યાતા વર્ષનો ઉપજવાનો વિરહકાળ છે. પછી જરૂર બીજો દેવતા ઉપજે, તે જ્યાંસુધી સો વર્ષ પુરાં ન થાય ત્યાંસુધી સંખ્યાતા વર્ષ ગણુવાં. નવગ્રૈવેયકના પહેલા ત્રિકમાં સંખ્યાતા સેંકડો વર્ષ, બીજા મધ્યમ ત્રિકે સંખ્યાતા હજાર વર્ષ અને ત્રીજા ઉપરના ત્રિકે સંખ્યાતા લાખ વર્ષનો ઉપજવાનો વિરહકાળ જાણુવો. જ્યાંસુધી સહસ્ર વર્ષ પૂરાં ન થાય ત્યાંસુધી સંખ્યાતા વર્ષ શત ગણુવાં. જ્યાંસુધી લાખ વર્ષ પૂરાં ન થાય ત્યાંસુધી સંખ્યાતા વર્ષ સહસ્ર ગણુવાં. જ્યાંસુધી ક્રોડ વર્ષ પૂરાં ન થાય ત્યાંસુધી સંખ્યાતા વર્ષ લાખ ગણુવાં. વિજય, વિજયંત, જયંત, અપરાજિત, એ ચાર વિમાનને વિષે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વિરહકાળ હોય છે, અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉપપાત વિરહકાળ હોય પછી અવશ્ય બીજો દેવતા ઉપજે.

ભુવનપતિઆદિથી તે સર્વાર્થસિદ્ધવિમાન પર્યંતના દેવતાને જઘન્યપણે એક સમયનો ઉપજવાનો વિરહકાળ હોય. ઉપપાત વિરહની પેઠે ચ્યવન વિરહકાળ પણ જઘન્ય ઉત્કૃષ્ઠ જાણવો.

એક, બે, ત્રણ, ચાર, સંખ્યાતા ને અસંખ્યાતા દેવતા એક સમયમાં ઉપજે અને ચવે. ભુવનપતિથી માંડીને સહસ્રારદેવલોક સુધી જઘન્યથકી એક સમય માંહે જો ઉપજે તો એક, બે, ત્રણ ઉપજે તથા ચવે અને ઉત્કૃષ્ઠા સંખ્યાતા તથા અસંખ્યાતા ઉપજે અને ચવે, કેમકે સહસ્રારદેવલોક પર્યંત તિર્યંચ પણ જાય છે માટે અસંખ્યાતા ઉપજે અને ચવે.

આઠમા દેવલોકથી ઉપરના દેવતા એક સમયમાંહે સંખ્યાતા ઉપજે અને ચવે, પણ અસંખ્યાતા નહીં, કેમકે ત્યાં મનુષ્યજ જઇ શકે છે અને ત્યાંનો દેવતા ચવે તે પણ મનુષ્યજ થાય છે, તે માટે તે મનુષ્ય સંખ્યાતાજ છે. પર્યાપ્તા મનુષ્ય તથા પર્યાપ્તા તિર્યંચ પચેંદ્રિય એ બે દેવતાની ગતિમાંહે ઉપજે. અને શેષ દેવતા, નારકી, એકેંદ્રિય, વિગલેંદ્રિય, વળી અપર્યાપ્તા પંચેંદ્રિય, તીર્યંચ અને મનુષ્ય એટલા માંહેલો કોઇ જીવ મરીને દેવતા થાય નહીં.

અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિયા મનુષ્ય તથા તિર્યંચ સર્વે નિશ્ચયે દેવતાની ગતિમાંહે અવતરે.

સંમૂર્છિમ મનુષ્ય મરીને ઉત્કૃષ્ઠપણે ભુવનપતિ તથા વ્યંતરને વિષે જાય, પણ જ્યોતિષીમાં ન જાય.

પંચાગ્નિ તપનારા, મિથ્યાત્વી તપસ્વીયો, ઉત્કૃષ્ઠ રોષને ધારણ કરનારા, અહંકાર કરનારા, તપશ્ચર્યા કરતાં વેરભાવનો પ્રતિબંધ કરનારા જીવો મરી અસુરકુમાર ભુવનપતિમાંહે ઉપજે છે.

કંદમૂળ ભક્ષણ કરનાર વનવાસી તાપસ કાળ કરી જ્યોતિષી થઇ શકે છે. ચરક અને કપિલમતિ ત્રિદંડી ઉત્કૃષ્ટ બ્રહ્મદેવલોક સુધી જઇ શકે છે. હાથી, બળદ, સંબળ-કંબલ જેવા સમ્યક્ત્વધારી દેશવિરતિસહિત મરીને આઠમા સહસ્રારદેવલોક સુધી જઇ શકે છે. દેશવિરતિ શ્રાવક કાળકરી બારમા દેવલોક સુધી જાય છે, રજોહરણાદિ સાધુવેષધારી મિથ્યાદષ્ટિ હોય તે ક્રિયાના બળેકરી નવગ્રૈવેયક સુધી જાય.

ચૌદ પૂર્વી સાધુ જઘન્યથકી છઠ્ઠા લાંતક દેવલોક સુધી જઇ શકે. તાપસ, સંન્યાસી, શાક્યાદિકને જઘન્યથકી વ્યંતરમાં ઉપજવું હોય. શ્રી પન્નવણાજી સૂત્રમાંહે તાપસને જઘન્યથકી ભુવનપતિમાંહે ઉપજવું કહ્યું છે.

જે શરીરના હાડનો દઢ દઢતર બંધ તેને સંઘયણ કહે છે. સંઘયણના ૬ ભેદ છે. ૧ વજ્રઋષભનારાચસંઘયણ, ૨ ઋષભનારાચસંઘયણ, ૩ નારાચસંઘયણ, ૪ અર્ધનારાચસંઘયણ, ૫ કીલિકાસંઘયણ, ૬ સેવાર્તસંઘયણ.

ગર્ભજતિર્યંચ તથા મનુષ્યને છએ સંઘયણ હોય. સંમૂર્છિમ પંચેદ્રિયતિર્યંચ તથા સંમૂર્છિમ મનુષ્યને એક સેવાર્તસંઘયણ હોય છે.

વિગલેંદ્રિયને છેવટ્ઠો સંઘયણ હોય. કમ્મપયડિમાંહે સંમૂર્છિમપંચેંદ્રિયતિર્યંચને છએ સંઘયણ કહ્યાં છે. તત્ત્વકેવલીગમ્ય. દેવતા તથા નારકી અસંઘયણી છે, કેમકે સંઘયણ તે હાડરચના વિશેષ છે, તે હાડ દેવતા તથા નારકીને નથી.

છેવટ્ઠા સંઘયણવાળો જીવ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને ચોથા દેવલોક સુધી જઇ શકે છે. કીલિકાસંઘયણવાળો પાંચમા અને છઠ્ઠા દેવલોક સુધી જઇ શકે છે. અર્ધનારાચસંઘયણે આઠમા દેવલોક

સુધી જાય. નારાચસંઘયણે કરી દશમા દેવલોક સુધી જાય. ઋષભનારાચે કરી બારમા દેવલોક સુધી જાય. વજ્રઋષભનારાચસંઘયણે કરી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, બાર દેવલોક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવિમાન અને યાવત્ મોક્ષે પણ જાય. એટલે પહેલા સંઘયણવાળો જીવ મોક્ષે જાય.

જ્યાં જ્યાં સંઘયણ હોય ત્યાં ત્યાં સંસ્થાન હોય છે. સંસ્થાન—શરીરનો આકારવિશેષ. તે સંસ્થાનના ૬ પ્રકાર છે. ૧ સમચોરસ, ૨ ન્યગ્રોધ, ૩ સાદિ, ૪ વામન, ૫ કુબ્જ, ૬ હુંડક. જીવોને ઉપર મુજબ ૬ સંસ્થાન હોય છે. અજીવને પાંચ સંસ્થાન હોય છે. ૧ પરિમંડલ, ૨ વટ્ટ, ૩ ત્રિંશ, ૪ ચોરસ, ૫ આયત, તે પાંચ અજીવ પુદ્ગલ સ્કંધનાં હોય છે.

ગર્ભજમનુષ્ય તથા ગર્ભજતિર્યંચને છએ સંસ્થાન હોય છે, દેવતાને સમચોરસ સંસ્થાન હોય છે.

નારકી, એકેંદ્રિય, વિગલેંદ્રિય, સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચ તથા સંમૂર્છિમ મનુષ્ય એ સર્વ હુંડકસંસ્થાનવાળા હોય.

કમ્મપયડીમાંહે સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચને છએ સંસ્થાન કહ્યાં છે. એકેંદ્રિય માંહે પૃથ્વી મસુરચંદા સંસ્થાનવાળી છે. અપ્કાયનું બિંદુ જેવું સંસ્થાન, તેઉકાયનું સૂચિકલાપ સંસ્થાન, વાયુકાયનું પતાકાને આકારે સંસ્થાન, વનસ્પતિકાયનું વિચિત્ર પ્રકારે સંસ્થાન છે. વાયુકાય વૈક્રિય શરીર કરે તો પણ પતાકા જેવાં સંસ્થાન કરે. પંચેંદ્રિય તિર્યંચ અને પંચેંદ્રિય મનુષ્ય તથા બારમા દેવલોકના દેવતા સુધી જે ઉત્તરવૈક્રિયરૂપ કરે તે નાના સંસ્થાનવાળું જાણવું. નારકી ઉત્તરવૈક્રિયરૂપ કરે તે પણ હુંડકસંસ્થાને જાણવું.

દેવતા ચવીને કયાં ઉપજે તે કહે છે—સામાન્યપણે ચારે નિકાયના દેવતા દેવલોકમાંથી ચવીને એક યુગલિયા વિના ગર્ભજ પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યના ધણી મનુષ્ય તથા તિર્યંચને વિષે જાય. પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાંહે દેવતા મરીને ઉપજે.

સનત્કુમાર આદિ લેઇને સહસ્રાર દેવલોક સુધીના દેવતા ચવીને એકેંદ્રિયમાંહે ઉપજે નહીં. આણુત પ્રમુખ દેવલોકથી માંડી અનુત્તર વિમાન સુધીના દેવતા ચવીને ગર્ભજ પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા સામાન્ય મનુષ્યમાંહે ઉપજે, પણ પૃથ્વીઆદિક એકેંદ્રિયમાંહે ન ઉપજે તથા તિર્યંચમાંહે પણ ઉપજે નહીં

ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાન દેવલોક સુધી દેવીઓનું ઉપજવું હોય. ઉપરાંત દેવીઓને ઉપજવું હોય નહીં. ઉપરના દેવતાના ભોગને માટે સૌધર્મ તથા ઇશાન દેવલોકની અપરિગૃહિતા દેવીઓ આઠમા સહસ્રાર દેવલોક સુધી જાય.

અચ્યુત દેવલોકથકી ઉપરાંત દેવતાનું પણ ગમનાગમન નથી. હેઠલા દેવોને બારમા દેવલોકથકી ઉપરાંત જવાની શક્તિ નથી તથા ઉપરના દેવતાને અહીંયાં આવવાનું પ્રયોજન નથી, કારણ કે નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનના દેવતા તીર્થંકરના કલ્યાણક મહિમા માંહે પણ શય્યાથકી નીચે ઉતરે નહીં પણ શય્યામાં બેઠાં થકાં નમસ્કારાદિક ભક્તિ યથાયોગ્ય જાળવે અને સંદેહ ઉપજે તો મનોવર્ગણાએ પ્રશ્ન કરે, અને કેવળી પણ કેવળજ્ઞાને જાણીને મનોવર્ગણાએ ઉત્તર આપે.

લેશ્યા સ્વરૂપ—જેણે કરી જીવ, કર્મ સાથે આશ્લેષ પામે તેને લેશ્યા કહે છે. તે લેશ્યાના બે ભેદ છે. એક દ્રવ્યલેશ્યા તથા બીજી ભાવલેશ્યા. ત્યાં આત્માને કાળાં, પીળાં આદિ દ્રવ્યરૂપં કર્મપુદ્‌ગલસં-યોગ તે દ્રવ્યલેશ્યા અને આત્માના શુભાશુભ પરિણામ તે ભાવલેશ્યા.

૧ કૃષ્ણુલેશ્યા, ૨ નીલલેસ્યા, ૩ કાપોતલેશ્યા, ૪ તેજોલેસ્યા, ૫ પદ્મલેસ્યા, ૬ શુકલલેસ્યા, એ છ લેસ્યા છે.

ભુવનપતિ તથા વ્યંતરને કૃષ્ણુ, નીલ, કાપોત અને તેજોલેસ્યા એ ચાર લેશ્યા હોય છે, પરમાધામીને એક કૃષ્ણુલેશ્યાજ હોય છે, અને જ્યોતિષી, સૌધર્મ અને ઇશાન એ બે દેવલોકને વિષે એક તેજે-લેશ્યા હોય છે. સનત્‌કુમાર, માહેંદ્ર અને બ્રહ્મ એ ત્રણ દેવલોકે પદ્મલેશ્યા હોય. લાંતક આદે લેઇને પાંચ અનુત્તર સુધીના દેવોને એકલી શુકલ લેશ્યા હોય. એ સર્વ લેશ્યા નિર્મળ, શુદ્ધ, શુદ્ધતર, અનુક્રમે જાણુવી.

आहार.

કેવળ શરીરેકરી જે આહાર તે ઓજાહાર, યદ્યપિ શરીર પાંચ છે, તથાપિ તેજસ અને કાર્મણુ શરીરે કરી જીવ ઉત્પત્તિ દેશે આવી પૂર્વશરીર ત્યાગે. વિગ્રહગતિ અથવા અવિગ્રહગતિવાળો જીવ પ્રથમ સમયે ઔદારિક શરીર યોગ્ય પુદ્‌ગલાહાર કરે, બીજા સમય આદે દેઈ કાર્મણુ સાથે ઔદારિક મિશ્રે આહાર કરે, તે જ્યાંસુધી શરીર પૂર્ણું નીપજે ત્યાંસુધી. એ પૂર્વોક્ત સર્વ તેજસશરીર તેણે કરી જે આહાર તે પ્રથમ ઓજાહાર જાણુવો.

સ્પર્શેંદ્રિયેકરી જે આહાર તે બીજો લોમાહાર જાણુવો. જેમકે તેલ ચોપડવાથકી મુખે ચીકાશ થાય, ઉનાળે પાણીની છાંટ લાગવાથી શીતળ પુદ્ગળે તૃષા મટે ઇત્યાદિ. કોળીઆએ કરી આહારનો જે મુખમાં પ્રક્ષેપ કરવો તે કવળાહાર જાણુવો.

દેવતા, નારકી અને એકેંદ્રિય વિના બાકીના જીવ કવળાહારી હોય છે. દેવતા, નારકી તથા એકેંદ્રિયને કવળાહાર નથી. કિંતુ પર્યાપ્તિ પૂરી કર્યા પછી લોમાહારી હોય. તેમાં દેવતા મનઃકલ્પિત શુભપુદ્ગલનો સર્વ કાયાએ આહાર કરે. નારકીને અશુભપણે પરિણમે.

સર્વ તિર્યંચ તથા મનુષ્યને ત્રણ પ્રકારના આહાર હોય. કેવારેક સચિત્ત, કેવારેક અચિત્ત, કેવારેક ઉભયરૂપ હોય. દેવતા તથા નારકીને અચિત્ત આહાર હોય. દેવતાને આયુષ્ય ઉપર આહાર કાળમાન છે, પરંતુ નારકીને આહારે કાળમાન ન હોય.

વિગલેંદ્રિય તથા નારકીને આહાર લીધા પછી આહાર ઇચ્છા ઉત્કૃષ્ટી અંતર્મુહૂર્ત પછી ઉપજે. એકેંદ્રિય પૃથ્વીઆદિકને આહારાભિલાષ નિરંતર ઉપજે, ને પંચેંદ્રિયતિર્યંચને રોગાદિક અભાવે બે અહોરાત્રને આંતરે આહારાભિલાષા ઉપજે. તથા મનુષ્યને ત્રણ અહોરાત્રને આંતરે આહારાભિલાષા ઉપજે. એ બે ઉત્કૃષ્ટો આહારાંતર તે ઉત્તરકુરૂ, દેવકુરૂ તથા ભરત અને ઐરવતે, સુષમસુષમાકાળે ત્રણ પલ્યોપમ આયુષ્યવાળા તિર્યંચ–મનુષ્ય આશ્રી જાણુવો.

વિગ્રહગતિવાળા ઉત્કૃષ્ટપણે ચાર સમય અણાહારી હોય, અને આઠ સમય પ્રમાણ કેવલીસમુદ્ઘાત છે. તેમાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કેવળ કાર્મણ યોગી હોય. તે ત્યાં ત્રણ સમય અણાહારક જાણવા, અને ચૌદમે ગુણઠાણે શૈલેશીકરણે અંતર્મુહૂર્ત પ્રમાણ

અણાહારક જાણવા અને સાદિ અનંત મોક્ષમાંહે સિદ્ધના જીવ અનંતો કાળ અણાહારી જાણવા. બાકીના સર્વ જીવ આહારક જાણવા.

દુહા.

હાડ રૂધિર નખ રોમ માંસ, કેશ રહિત સુરકાય;
વિષ્ટા મૂત્ર રહિત તેમ, સુખમાં ગાળે આય. ૧
પરસેવો તો થાય નહિ, નિર્મળકાયી સુર;
કપૂર સરખો શ્વાસ છે, ભોગી સુખ ભરપૂર. ૨

ઉત્પત્તિકાળે અંતર્મુહૂર્તમાંહે પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી અસંત તરૂણપુરૂષ સરખા સર્વ અંગમાં ભૂષણ ધારણ કરનાર દેવતાઓ હોય. શ્રી જીવાભિગમસૂત્રના અભિપ્રાયે કોઇ કહે છે કે, દેવતા આભૂષણ તથા વસ્ત્રેકરી રહિત છે, તે ઉત્પત્તિ કાળેજ જાણવા. પરંતુ ઉપપાત સભાએ ઉપજે, અભિષેક સભાએ સ્નાન કરે, અલંકાર સભાએ અલંકાર પહેરે, વ્યવસાય સભાએ પુસ્તક વાંચી પૂજોપગરણ વ્યવસાય લીએ, પછી સુધર્મા સભાએ, સિદ્ધાયતનને વિષે જિનપ્રતિમાને પૂજે. એ સર્વ જુદાં જુદાં કૃત્ય કરનાર દેવતાને કેમ વસ્ત્રરહિત કહેવાય. વસ્ત્રસહિત દેવતા જાણવા.

દેવતા આંખ મીટકારે નહીં. મને કરી સર્વ કાર્યસાધક હોય. ઉરમાં ફુલની માળા હોય તે કોઇ દિવસ કરમાય નહીં. મનુષ્યલોકમાંહી આવે છતે ભૂમિથકી ચાર આંગુલ અધર (ઊંચા) પગ રાખે.

તીર્થંકરોનાં જન્માદિ પાંચ કલ્યાણકનેવિષે તપસ્વીના તપ પ્રભાવે, જન્માંતરના સ્નેહથકી અથવા રીસથકી દેવતા અહીં આવે છે.

સાધર્મ અને ઈશાન દેવલોકના દેવો રત્નપ્રભા પૃથ્વીનો હેઠલા ભાગ પર્યંત અવધિજ્ઞાને કરી દેખે. સનતકુમાર ને માહેંદ્રના દેવતા બીજી શર્કરાપ્રભા પ્રત્યે દેખે. બ્રહ્મ ને લાંતકના દેવો ત્રીજી નરક સુધી દેખે. શુક્ર તથા સહસ્રારના દેવ ચોથી પંકપ્રભા પ્રત્યે દેખે. આણત, પ્રાણત, આરણ અને અચ્યુત, એ ચાર દેવલોકના દેવતા પાંચમી ધૂમપ્રભા નરક સુધી દેખે. ત્રણ હેઠલા ને ત્રણ મધ્યના એવા છ ગ્રૈવેયકના દેવ તે છઠ્ઠી તમપ્રભાનરકપૃથ્વી સુધી અવધિજ્ઞાને કરી દેખે, ને ઉપરના ત્રણ ગ્રૈવેયકના દેવતા તે સાતમી તમઃતમપ્રભા નામા નરકપૃથ્વી સુધી દેખે, અને પાંચ અનુત્તરવિમાનના દેવો કાંઇક ઉણી લોકનાલી પંચાસ્તિકાયરૂપ ચૌદરાજ પ્રમાણ અવધિજ્ઞાને કરી દેખે.

નારકીનું અવધિજ્ઞાન પાણી ઉપર તરવાના ત્રાપાના આકારે જાણવું. ભુવનપતિનું પાલાને આકારે, વ્યંતરનું અવધિજ્ઞાન ઢોલને આકારે, જ્યોતિષીનું અવધિજ્ઞાન જાલરને આકારે, બાર દેવલોકના દેવોનું અવધિજ્ઞાન મૃદંગને આકારે, નવગ્રૈવેયકના દેવોનું અવધિજ્ઞાન ફુલે ભરી ચંગેરીના આકારે, અનુત્તરદેવોનું અવધિજ્ઞાન કુમારી કન્યાનો ગલકંચુઓ જેવો પેશવાદ તુરકણી પહેરણો પહેરે એને ઉર્ધ્વ સર કંચુક કહે છે એ નામે મારવાડ દેશમાં પ્રસિદ્ધ છે તેને આકારે જાણવું. તિર્યંચ તથા મનુષ્યનું અવધિજ્ઞાન નાનાપ્રકારના સંસ્થાને સંસ્થિત જાણવું.

સ્વયંભૂરમણ સમુદ્રમાંહે મત્સ્ય સર્વ આકારે છે પરંતુ વલયાકારે નથી અને મનુષ્ય તથા તિર્યંચને અવધિજ્ઞાન વલયાકારે પણ છે.

ભુવનપતિ તથા વ્યંતરને અવધિજ્ઞાન ઉંચું ઘણું હોય ને તીર્છું તથા નીચું થોડું હોય. વૈમાનિકને નીચું અવધિજ્ઞાન ઘણું હોય

અને તીર્છું તથા ઉંચું થોડું હોય. નારકી તથા તિર્યંચને તીર્છું અવધિજ્ઞાન ઘણું હોય અને ઉંચું તથા નીચું થોડું હોય. મનુષ્ય તથા તિર્યંચને અનેક પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

नरकस्वरूप.

નરકો સાત છે. ૧ રત્નપ્રભા, ૨ શર્કરપ્રભા, ૩ વાલુકપ્રભા, ૪ પંકપભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા, ૭ તમઃતમપ્રભા, એ સાત છે.

ઘણાં પાપકૃત્ય કરનાર, ક્રોધી, આરંભાદિ ક્રૂરલેશ્યાવંત, મૂઢમતિ, પરને દુઃખ દેનાર, હિંસા કરનાર જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

નરકનાં નામ.	જઘન્ય સ્થિતિ.	ઉત્કૃષ્ઠ સ્થિતી.
૧ રત્નપ્રભા.	૧૦ હજાર વર્ષ.	૧ સાગરોપમ.
૨ શર્કરપ્રભા.	૧ સાગરોપમ.	૩ સાગરોપમ.
૩ વાલુકપ્રભા.	૩ સાગરોપમ.	૭ સાગરોપમ.
૪ પંકપ્રભા.	૭ સાગરોપમ.	૧૦ સાગરોપમ.
૫ ધૂમપ્રભા.	૧૦ સાગરોપમ.	૧૭ સાગરોપમ.
૬ તમઃપ્રભા.	૧૭ સાગરોપમ.	૨૨ સાગરોપમ.
૭ તમઃતમપ્રભા.	૨૨ સાગરોપમ.	૩૩ સાગરોપમ.

નરકનાં નામ.	દરેક નરકના પાથડા.	નરકાવાસા.
૧ રત્નપ્રભા.	૧૩	૩૦ લાખ.
૨ શર્કરપ્રભા.	૧૧	૨૫ લાખ.
૩ વાલુકપ્રભા.	૯	૧૫ લાખ.

૪ પંકપ્રભા	૭		૧૦ લાખ.
૫ ધૂમપ્રભા.	૫		૩ લાખ.
૬ તમઃપ્રભા.	૩	પાંચે ઉણા	૧ લાખ.
૭ તમઃતમપ્રભા.	૧	સાતમીયે	૫

દરેક નરકના પાથડાનું જઘન્ય-ઉત્કૃષ્ઠ આયુષ્ય, મોટી સંઘયણી વગેરે ગ્રંથોથકી જાણવું.

એ સાતે નરકમાં જ્યાંસુધી જીવ રહે ત્યાંસુધી સદા વેદના વેદે. આંખ મીચી ઉઘાડીએ એટલો વખત પણ નારકીને સુખ નથી પરંતુ એકાંત દુઃખજ ભોગવે છે. નારકી જીવોને ત્રણ પ્રકારની વેદના છે. ૧ ક્ષેત્રવેદના, ૨ અન્યોન્યવેદના, ૩ પરમાધામી કૃત વેદના.

ક્ષેત્રવેદના—એક રત્નપ્રભા, બીજી શર્કરા, ત્રીજી વાલુકા, એ ત્રણ નરકના જીવો શીતયોનિયા છે. અને યોનિસ્થાન વિના બીજી જે નરકભૂમિકા છે તે ઉષ્ણ છે. તે માટે નારકી શીતયોનિયા તે ઉષ્ણ વેદના વેદે છે. ત્યાં જેવા અગ્નિવર્ણ ખેરના અંગારા તે કરતાં પણ નરકભૂમિકા અત્યંત ઉષ્ણ જાણવી.

એમ બીજા નરકોને વિષે ભાવના જાણવી. પંકપ્રભા નરકે ઉપરના ઘણા નરકાવાસા તો ઉષ્ણ છે અને નીચલા થોડા નરકાવાસા થોડા શીત છે. ધૂમપ્રભાને વિષે શીતળ નરકાવાસા ઘણા છે અને ઉષ્ણ થોડા છે, તથા છઠ્ઠી અને સાતમીયે એકાંત શીતળ ભૂમિકા છે, અને નારકી એકાંત ઉષ્ણયોનિયા છે, પરંતુ નીચે નીચે નરકે અનંતગુણ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ છે. નરકો મધ્યે ઉષ્ણવેદના ને શીતવેદનાનું સ્વરૂપ એવું છે કે, ગ્રીષ્મઋતુના અંતે મધ્યાન્હ સમયે સૂર્ય પ્રાપ્ત થયો છતાં અને આકાશ મેઘરહિત છતાં અત્યંત દુષ્ટ

પિત્તપ્રકોપે કરી વ્યાકુળ અને છત્રરહિત ચારે દિશાએ પ્રદિપ્ત થએલી અગ્નિજ્વાળા તેણે કરી વ્યાપ્ત એવા કોઇ પુરૂષને જેવી ઉષ્ણવેદના હોય તે કરતાં પણ ઉષ્ણવેદના નરકાવાસામાં રહેલા નારકીને અનંતગુણી જાણવી.

શીતયોનિયા નારકીને ઉષ્ણવેદના નરકાવાસાથી લેઇ ખેરના અંગારામાંહે નાખી ધમે, તેવારે તે નારકી ચંદન જેવી શીતળતા પામીને અત્યંત સુખ પામ્યા છતા તે અગ્નિમાંહે નિદ્રા પામે. વળી પોષ તથા માઘ મહિનામાં રાત્રિને સમયે શીતળવાયુ વાય તેણે કરી જેમ હૃદય વગેરે કંપે તથા હિમાચળમાંહે વસ્ત્રરહિત બેઠથકે ઉપરથી હિમ પડતાં જેવી શીતવેદના હોય તેથી અનંતગુણી શીતવેદના નરકાવાસમાં હોય. તે શીતવેદના યુક્ત નરકમાંથી તે નારકીને બાહેર કાઢી પૂર્વે કહ્યા એવા હિમાચળાદિક સ્થાને જો મૂકીએ તો નિરૂપમ સુખી થયા છતા નિદ્રા પ્રત્યે પામે.

પ્રતિક્ષણે જે જે આહારાદિક નાના પ્રકારના પુદ્ગળનું જે બંધન તે થકી પ્રદિપ્ત થયેલા અગ્નિ કરતાં પણ અત્યંત દારૂણ હોય. ગતિ ઊંટ સરખી હોય, હુંડકસંસ્થાન હોય, નારકીને બીડા પ્રમુખના પુદ્ગળ ઉડીને લાગે તે શસ્ત્રધારા સરખા હોય. નરકાવાવાસાનો વર્ણ સર્વત્ર અંધકારમય અને વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, મલ, લોહી, વસા, પરૂ અને મેદે ભર્યું તળાયાનો ભાગ છે. સ્મશાનની પેઠે ઠામ ઠામ કેશ, નખ, હાડ, માંસ, લોહી પડયાં હોય. મરેલાં કુતરાં, બિલાડાં, સર્પના કરતાં પણ અત્યંત દુર્ગંધ હોય. કડવી તુંબડી કરતાં પણ અત્યંત કડવો રસ હોય. સ્પર્શ વીંછીના કાંટા સરખો હોય. નવમો અગુરૂલઘુ પરિણામ તે અત્યંત દુઃખનું સ્થાનભૂત

જાણુવો. દશમો શબ્દ તે અત્યંત વિલાપાક્રંદ દુઃખકારી શબ્દના પુદ્ગળ હોય. એ પ્રકારે નારકીને પુદ્ગળ પરિણુમે. ભલા કરતાં ભૂંડા પરિણુમે. વૈમાનિક દેવતાના હાથના સ્પર્શથકી પણુ નારકીને અત્યંત દુઃખ હોય.

સમસ્ત અઢી દ્વીપનાં અન્ન તથા ઘૃત આપીએ તોપણુ નારકી જીવોની ભૂખ મટે નહીં એવી ક્ષુધાવેદના હોય.

સમસ્ત સમુદ્ર, નદી, તળાવ વગેરેના પાણી નારકીજીવોને પાઇએ તોપણુ નારકીનું ગળું, તાળવું તથા હોઠ સૂકાતાં રહે નહીં એવી તૃષાવેદના છે.

છરી, કરવતે કરી ખણુતાં પણુ તેની ખસની ખંજવાળ મટે નહીં. નારકીના જીવ સદા પરવશ રહે. અહીંયાં રહેનારા પુરૂષો કરતાં પણુ અનંતગુણો જ્વર સર્વદા હોય. શરીરે દાહ અત્યંત હોય નવમો ભય અને દશમો શોક એ બે મનુષ્ય કરતાં અનંતગુણા હોય, અને નારકીના જીવોને વિભંગજ્ઞાન પણુ દુઃખદાઈ છે.

પરમાધામી પણુ નારકોને ભાલા, શસ્ત્ર, તલવાર, તીર દેખાડી અત્યંત દુઃખ આપે છે.

અન્યોન્યવેદના—નારકોના બે ભેદ છે. ૧ મિથ્યાદૃષ્ટિ, ૨ સમ્યગ્-દૃષ્ટિ. ત્યાં જેમ ભીલ તથા વણુજારાનો કૂતરો બીજા કૂતરાને દેખી અત્યંત ક્રોધ પામી સામો લડવા આવે અને નખે તથા દાંતે કરી યુદ્ધ કરે, તેમ મિથ્યાત્વી નારકી જે હોય તે પણુ વિભંગજ્ઞાને કરી બીજા નારકીને દૂર થકી આવતો દેખી ક્રોધે કરી અત્યંત રૌદ્ર એવું વૈક્રિયરૂપ કરે, અને પોતપોતાના નરકાવાસાને વિષે પૃથ્વીના સ્વભાવોત્પન્ન હથીઆર વા નવાં વિકુર્વ્યાં એવાં ત્રિશૂલ અને ભાલા પ્રમુખ વા હાથ, પગ,

દાંત, નખે કરી માંહોમાંહે પ્રહાર કરે. તે પ્રહારેકરી પીડા પામેલા તે લોહીના કાદવમાં આળોટતા રૂદન કરે. મોટા ભયંકર શબ્દ ભકે. સમ્યગ્દષ્ટિ નારકી હોય તો પોતાનાં પૂર્વભવકૃત પાપને સ્મરણ કરી બીજા નારકીથી થએલું દુઃખ સમ્યક્પ્રકારે સહન કરે, પણ બીજાને પીડા ઉપજાવે નહીં.

પરમાધામીકૃત વેદના—નરકાવાસાની પહેલી ભીંતને વિષે નિઃકુટ આલા છે. તે નારકીને ઉપજવાની યોનિ જાણવી. ત્યાં નારકી ઉપન્યા પછી અંતર્મુહૂર્તે આળીયો (આલો) નાનો અને શરીર મોટું થાય. તેથી તેમાં સમાય નહીં તેવારે નીચે પડે. તે જેવો નીચે પડે કે તુરત પરમાધામી ત્યાં દોડી આવે. આવીને પૂર્વકૃત કર્મના અનુસારે દુઃખ આપે. જેણે મદ્યપાન કર્યું હોય તેને તપાવેલું સીસું પીવરાવે. પરસ્ત્રીસંગી જે હોય તેને અગ્નિમય લોહની પૂતળીનું આલિંગન કરાવે અને કૂટશીમલાના વૃક્ષ ઉપર બેસાડે. લોઢાના ઘણે કરી ઘાત કરે. વાંસલાએ કરી છેદે. ક્ષત ઉપરે ક્ષાર આપે. ઉના તેલમાંહે તળે. કુંત ભાલામાંહે શરીરને પરોવે, ભઠ્ઠીમાંહે શેકે. ઘાણીમાંહે પીલે. કરવતે કરી વેહેરી નાંખે. કાક, કૂતરા, ઘુઅડ, સિંહ પ્રમુખને વિકૂર્વી કદર્થના કરાવે. વૈતરણી નદીમાંહે ઝબોળે. અસિપત્રવનમાંહે પ્રવેશ કરાવે. તપેલી રેતીમાંહે દોડાવે. વજ્રમય કુંભીમાંહે તીવ્ર તાપે કરી પચતાં, નારકી ઉત્કૃષ્ટા પાંચસેં યોજન ઊંચા ઉછળે. ત્યાંથી તેઓને પાછા પડતાં વજ્રમય ચંચુએ કરી પક્ષીઓ તોડે. ધરતીપર પડ્યા છતા વાઘ ખાય. એવા તે પરમાધામી અધમ મહાપાપીષ્ટ ક્રૂરકર્મી હોય.

કદર્થ્યમાન એવા નારકીને માંહોમાંહે પાડા, કૂકડા, મેંઢાની પેરે ઝુઝતાં (યુદ્ધ કરતાં) દેખી પરમાધામી હર્ષ પામે, અટ્ટહાસ

કરે, પડહગદાદાગ્રી બજાવે, જેમ અહીંયાંના લોક નાટક દેખી ખુશી થાય તેમ પરમાધામી નારકીને ત્રણે પ્રકારની કદર્થના દેખી ખુશી થાય. નારકીને દુઃખ થવામાં તથા દુઃખી દેખી ખુશી થવામાં પરમાધામી દેવોને જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ બીજા કશામાં નથી.

સાતે નરકોમાં ક્ષેત્રવેદના હોય. શરીરેકરી અન્યોન્યવેદના સાતે નરકે છે. પ્રહરણકૃત વેદના પહેલી પાંચ નરકે છે. પહેલી ત્રણ નરકનેવિષે પરમાધામીકૃત વેદના છે.

રત્નપ્રભાનું એક લાખ એંશી હજાર પૃથ્વીપિંડ છે. શર્કરપ્રભાનું એક લાખ ને બત્રીશ હજાર, વાલુકપ્રભાનું એક લાખ અઠ્ઠાવીશ હજાર, પંકપ્રભાનું એક લાખ વીશ હજાર, ધૂમપ્રભાનું એક લાખ અઢાર હજાર, તમઃપ્રભાનું એક લાખ સોળ હજાર, તમઃતમપ્રભાનું એક લાખ ને આઠ હજારનું પૃથ્વીપિંડ જાણવું.

પ્રથમ નરકાવાસો પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ લાંબપણે ને પહોળપણે છે અને છેલ્લો અપઇઠાણો નામે ઈંદ્રક નરકાવાસો એક લાખ યોજન પ્રમાણ લાંબપણે ને પહોળપણે છે.

સાતમી નરકના જીવોનું દેહમાન પાંચસેં ધનુષ્યનું જાણવું. દરેક નરકે અડધું અડધું ઓછું કરીએ. નારકીનું સ્વાભાવિક જે શરીર છે તેથી બમણું ઉત્તરવૈક્રિય શરીર જાણવું.

સાતે નરકે નારકી પ્રાયશઃ નિરંતર ઉપજે છે અને ચવે છે. ક્યારેક જો વિરહ પડે તો જઘન્યથકી સાતે નરકે એક સમય વિરહ પડે, અને પ્રત્યેકે જુદો જુદો પણ એક સમયજ વિરહ પડે. સાતે નરકનેવિષે ઉત્કૃષ્ટો ભેળો વિરહકાળ પડે તો બાર મુહૂર્તનો પડે. રત્નપ્રભાએ ચોવીશ મુહૂર્ત, શર્કરાએ સાત દિવસ, વાલુકાએ

પન્નર દિવસ, પંકપ્રભાએ એક માસ, ધૂમપ્રભાએ બે માસ, તમઃપ્રભાએ ચાર માસ, અને તમઃતમપ્રભાએ છ માસ ઉપપાત વિરહકાળ જાણવો. તેટલા કાળથી અવશ્ય જીવ બીજો ઉપજે.

ભુજપરિસર્પ, ઘો, નોળિયાદિક બીજી નરક સુધી જાય. પક્ષી, માંસાહારી, ગીધ, સીંચાણા, સમળી પ્રમુખ ત્રીજી નરક સુધી જાય. સિંહ, ચિતરા, કૂતરા, બિલાડી પ્રમુખ ચોથી નરકપૃથ્વી સુધી જાય. ઉરપરિસર્પ, કાળા–ધોળા–કાબરા પ્રમુખ સર્પ, પાંચમી નરક સુધી જાય. સ્ત્રીવેદે નરકાયુઃબાંધે એવા સ્ત્રીરત્ન પ્રમુખ, યાવત્ છઠ્ઠી નરક સુધી જાય. મનુષ્ય, મત્સ્ય, એ બે ગર્ભજ પર્યાપ્તા ઉત્કૃષ્ઠ સાતમી નરક સુધી જાય.

સર્પાદિક, સિંહ પ્રમુખ, પક્ષી તે ગૃધ્ર પ્રમુખ, મત્સ્યાદિક એટલી જાતિના જીવ તે નરક થકી આવ્યા હોય અને ફરી નરકે જાય તે પ્રાયશઃ વચન જાણવું.

છેવઠ્ઠાસંઘયણે બીજી નરક સુધી જાય, ઉપરાંત ન જાય. કીલિકાસંઘયણે ત્રીજી નરકપૃથ્વી સુધી જાય. અર્ધનારાચે ચોથી નરક સુધી જાય નારાચે પાંચમી નરક સુધી જાય. ઋષભનારાચે છઠ્ઠી નરક સુધી જાય અને વજ્રઋષભનારાચસંઘયણે સાતમી સુધી જાય.

નારકી જીવોને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા ને કાપોત એ ત્રણ લેશ્યાઓ હોય.

લેશ્યાસ્વરૂપ.

માર્ગ ભૂલ્યાથકા કોઇક છ પુરૂષ વનમાં ભમતા ક્ષુધા તૃષાએ પીડયાથકા જાંબુનાં ઝાડ હેઠે આવ્યા. તે છ પુરૂષ માંહોમાંહે ફળ

ખાવાની ઇચ્છા કરતા છતાં ચિંતન કરવા લાગ્યા જે એ વૃક્ષનાં ફળ ભક્ષણ કરીને ક્ષુધા-તૃષાને ઉપશમાવીએ. એમ વિચારી એક પુરૂષ ફળને અર્થે વૃક્ષને મૂળમાંથી છેદવા લાગ્યો. બીજો પુરૂષ બોલ્યો જે થંભારાને છેદો. ત્રીજો બોલ્યો જે ડાળાં છેદો. ચોથો પુરૂષ નાની ડાળીઓને છેદો એમ બોલ્યો. પાંચમો પુરૂષ પાકાં ફળને તોડો એવું બોલ્યો. છઠ્ઠો પુરૂષ બોલ્યો જે પૃથ્વી ઉપર ખરી પડેલાં ફળ મધ્યેથી વીણી ખાઓ. જેમ એ છ પુરૂષના પરિણામ જુદા જુદા, તેમ કૃષ્ણાદિકથી પ્રારંભી યાવત્ શુકલલેશ્યાના પરિણામ પણ જુદા જુદા જાણવા.

સ્નિગ્ધમેઘની ઘટા સરખો, ભેંસના શિંગડા, અરિષ્ટરત્ન, નેત્રની કીકી અને કાળા સુરમા સરખો કૃષ્ણલેશ્યાનો વર્ણ મહાભયંકર જાણવો. અશોક વૃક્ષના અંકુર સરખો, નીલચાસપક્ષી સરખો, વૈડુર્યરત્નની કાંતિ સરખો નીલલેશ્યાનો વર્ણ જાણવો. અળશીના ફુલ સરખો, કોકિલાની પાંખ સરખો, પારેવાના કંઠ સરખો કાપોતલેશ્યાનો વર્ણ જાણવો. હિંગળોકનો રંગ, ઉગતા સૂર્યની કાંતિ, પોપટની ચાંચ સરખો તેજોલેશ્યાનો વર્ણ જાણવો. હડતાલના મધ્યરંગ સરખો, હળદરના રંગ સરખો, સેણનાં ફુલ સરખો પદ્મલેશ્યાનો વર્ણ જાણવો. શંખ, મુચકુંદનાં ફુલ, દૂધ, પૂર્ણચંદ્રમા, મોતીના હાર અને રૂપા સરખો શુકલલેશ્યાનો વર્ણ જાણવો.

કડવી તુંબડીનો રસ, નિંબનો રસ, ઇંદ્રવારૂણિનો રસ, એ થકી અનંતગુણો કડવો રસ કૃષ્ણલેશ્યાનો જાણવો. સુંઠ, મરી, પીપર અને ગજપીપરનો જેવો તીખો રસ છે તેના કરતાં અનંતગુણો તીખો રસ નીલલેશ્યાનો જાણવો. કાચું આમ્ર ને કાચું કોઠફળ, તેથકી

અનંતગુણો તૂરો રસ કાપોતલેશ્યાનો જાણવો. પાકા આંબાના ફળનો રસ પાકાં કોઠફળ વા બીજોરાનો રસ, તે કરતાં અનંતગુણો મીઠો રસ તેજોલેશ્યાનો જાણવો. પ્રધાનવારૂણિનો રસ અને મધુ, એના કરતાં અનંતગુણો રસ પદ્મલેશ્યાનો જાણવો. ખજુર, દ્રાખ, દૂધ, ખાંડ, સાકર, એના રસ થકી પણ અનંતગુણો રસ શુકલલેશ્યાનો જાણવો.

કૃષ્ણ, નીલ ને કાપોત, એ ત્રણ લેશ્યાનો સ્પર્શ અપ્રશસ્ત જાણવો. ગાયની જીભનો સ્પર્શ તથા કરવતનો સ્પર્શ તે કરતાં પણ અનંતગુણો કર્કશ સ્પર્શ, પ્રથમની ત્રણ લેશ્યાનો જાણવો. અને તેજો, પદ્મ, શુકલ, એ ત્રણનો પ્રશસ્ત સ્પર્શ છે. માખણનો જેવો કોમલ સ્પર્શ હોય તે કરતાં પણ અનંતગુણો સુકુમાલ તેજો આદિનો સ્પર્શ જાણવો.

પહેલી નરકે અવધિક્ષેત્ર ચાર ગાઊ, બીજી નરકે સાડાત્રણ ગાઊ, ત્રીજીએ ત્રણ ગાઊ, ચોથીએ અઢી ગાઊ, પાંચમીએ બે ગાઊ, છઠ્ઠીએ દોઢ ગાઊ અને સાતમીએ એક ગાઊ, એ ઉત્કૃષ્ટ અવધિક્ષેત્ર જાણવું. નરકમાં સમ્યગ્દૃષ્ટિને મતિજ્ઞાનયોગે જાતિસ્મરણજ્ઞાન છે તેથી પૂર્વભવ જાણે.

मनुष्यस्वरूप.

મનુષ્ય બે પ્રકારે છે. ૧ ગર્ભજ, ૨ સમૂર્છિમ.

ગર્ભજમનુષ્યનું ઉત્કૃષ્ટું ત્રણ પલ્યોપમનું આયુષ્ય છે અને ઉત્કૃષ્ટું ત્રણ ગાઉનું શરીરમાન છે. ગર્ભજમનુષ્યનું જઘન્ય આયુ અંતર્મુહૂર્ત જાણવું તથા સંમૂર્છિમમનુષ્યનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત જાણવું.

ગર્ભજમનુષ્યનું દેહમાન જઘન્યથકી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવો. સંમૂર્છિમમનુષ્યનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ દેહમાન અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવું. એ સંમૂર્છિમમનુષ્ય તે અઢી દ્વીપ-સમુદ્રને વિષે ગર્ભજમનુષ્યના ઉચ્ચાર (વડીનીતિ), પાસવણ (લઘુનીતિ), ખેલ તે શ્લેષ્મા, સંઘાન, નાસિકામલ, વમન કરેલું પિત્ત, શુક્ર, વીર્ય, શોણિત, લોહી, મૃતકલેવર, સ્ત્રીપુરૂષના સંયોગે, નગરને ખાળે, બીજાં સર્વ અશુચિસ્થાનક, એટલે ચઉદસ્થાનકે સંમૂર્છિમ-મનુષ્ય ઉપજે. એ સંમૂર્છિમ અસંજ્ઞી, મનરહિત, મિથ્યાત્વી, સમસ્ત પર્યાપ્તિએ અપર્યાપ્તો છે, કેમકે સંમૂર્છિમને પાંચ પર્યાપ્તિ છે અને સમૂર્છિમમનુષ્ય આહાર શરીર પર્યાપ્તિઓ ઇંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરી મરણ પામે, તે કારણે સંમૂર્છિમ સર્વપર્યાપ્તિએ અપર્યાપ્તોથકો કાળ કરે.

સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્યને વૈક્રિયશરીર જઘન્ય અંગુળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ યોજન ઝાઝેરૂં હોય.

પ્રમત્તયતિને આહારકલબ્ધિવંતને આહારક શરીર હોય. આહારક શરીર જઘન્યથી દેશેઊણું એક હાથ અને ઉત્કૃષ્ટું એક હાથ પૂર્ણ હોય.

તૈજસ અને કાર્મણ એ બે શરીર સર્વ સંસારી જીવને ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરને સંયોગે તદ્રૂપપણે પરિણમે.

ગર્ભજમનુષ્યનો ઉપપાત વિરહ કાળ ઉત્કૃષ્ટો બાર મુહૂર્તનો હોય અને ચ્યવન વિરહકાળ પણ બાર મુહૂર્તનો જાણવો. સંમૂર્છિમ મનુષ્યને ઉત્કૃષ્ટો જન્મ-મરણસંબંધી વિરહ પડે તો ચોવીશ મુહૂર્ત સુધી પડે અને જઘન્યથકી ગર્ભજ તથા સંમૂર્છિમ મનુષ્યને જન્મ-મરણનો વિરહકાળ એક સમય જાણવો.

સાતમી નરકપૃથ્વીના નારકી, તેઉકાય, વાયુકાય, અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિયા એટલે મનુષ્ય તથા તિર્યંચ યુગલિયા, એટલા મૂકીને બાકીના સર્વે જીવો મનુષ્યમાંહે ઉપજે.

વાસુદેવ, અરિહંત, ચક્રવર્તિ, બળદેવ, એ ચારે દેવતાની તથા નારકીની ગતિમાંહેથી આવ્યા હોય પણ તિર્યંચમાંથી તથા મનુષ્યમાંથી આવ્યા ના હોય. અરિહંત તથા વાસુદેવ એ બંને વૈમાનિક ગતિમાંથી આવ્યા હોય.

ચક્રવર્તિને ૧૪ રત્ન હોય છે તે આ પ્રમાણે—પહેલું ચક્રરત્ન વૈરીનું મસ્તક છેદે. બીજું છત્રરત્ન તે ચક્રવર્તિના હસ્તસ્પર્શે બાર યોજન સુધી વિસ્તાર પામે એવું હોતું થકું વૈતાઢ્ય પર્વતની ઉત્તરદિશાએ રહેનારા જે મ્લેચ્છ તેના દેવતા વરસાદ વરસાવે તેનો નિરોધ કરવાને સમર્થ થાય. ત્રીજું દંડરત્ન તે વિષમ એટલે જે વાંકી ભૂમિ હોય તેને સમી કરે અને કામ પડે છતે અધોભાગે હજાર યોજન પૃથ્વીનું વિદારણ કરે. ચોથું ચર્મરત્ન તે કાર્ય પડેથકે ચક્રવર્તિના હસ્તસ્પર્શે કરી બાર યોજન વિસ્તાર પામે એવું હોતું થકું પ્રભાતકાળે બીજ વાવીએ અને સંધ્યાકાળે સર્વ ઉપભોગ કરવાને યોગ્ય એવા શાલિ પ્રમુખને ઉત્પન્ન કરે છે. પાંચમું ખડ્ગરત્ન તે સંગ્રામ કરતી વખતે અત્યંત શકિતમંત હોય. છઠું કાંગણીરત્ન તે વૈતાઢ્યપર્વતની ગુફામાંહે એકેકી ભીતે ઓગણપચાસ માંડલાં કરવા યોગ્ય હોય. સાતમું મણિરત્ન તે અધોભાગે રહેનારૂં જે ચર્મરત્ન અને ઉર્ધ્વભાગે રહેનારૂં જે છત્રરત્ન તેના છત્રતુંબા ઉપર રાખ્યું છતાં બાર યોજનમાં એ મણિરત્ન ઉદ્યોતકારી હોય, અને હાથે વા મસ્તકે બાંધ્યું છતાં સમસ્ત રોગને હરણ કરે. આઠમું પુરોહિતરત્ન તે શાંતિ-

કર્મ કરનાર હોય. નવમું અશ્વરત્ન ને દશમું ગજરત્ન, એ બે મહા પરાક્રમવંત હોય. અગિયારમું સેનાપતિરત્ન તે ગંગાસિંધુની પેલે પાસે ચાર ખંડનું જીતનાર હોય. બારમું ગૃહપતિરત્ન તે ઘરનાં યોગ્ય કામ કરે. તેરમું વાર્ધકીરત્ન તે ઘર ચણે, વૈતાઢ્યપર્વતની ગુફામાંહે ઉમગ્ગા ને નિમગ્ગા નદીનાં પુલ બાંધે. ચૌદમું સ્ત્રીરત્ન તે અત્યંત અદ્ભુત રૂપવંત ચક્રવર્તિના ભોગ યોગ્ય હોય.

એ ચૌદ રત્નના દરેકના એકેક હજાર યક્ષો અધિષ્ઠિત છે. બે હજાર યક્ષ ચક્રવર્તિના બેઉ બાહુએ હોય. સરવાળે સોળ હજાર યક્ષો ચક્રવર્તિની સેવાચાકરી કરે.

જ્યારે જઘન્યથી જંબુદ્વીપને વિષે ચાર ચક્રવર્તિ હોય તેવારે છપ્પન રત્ન હોય. અને ઉત્કૃષ્ટ પદે અઠ્ઠાવીશ વિજયના અને બે ભરત તથા ઐરવતના મળી ત્રીશ ચક્રવર્તિ હોય તેવારે જંબુદ્વિપે ચારસેં ને વીસ રત્ન હોય.

વાસુદેવને ૧ ચક્ર, ૨ ધનુષ્ય, ૩ ખડ્ગ, ૪ મણિ, ૫ ગદા, ૬ વનમાળા, ૭ શંખ, એ સાત રત્ન જાણવાં.

હવે મનુષ્ય મરીને ક્યાં જાય તે કહે છે—સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્ય, સ્ત્રી, નપુંસક, તે નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવતારૂપ ચારે ગતિનેવિષે જાય. પહેલા સંઘયણવાળા મનુષ્ય, પાંચમી ગતિ જે મોક્ષ તે પ્રત્યે પણ જાય. એક સમયને વિષે એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટા એકસો ને આઠ જીવ મોક્ષપ્રત્યે જાય.

એક સમયમાં સ્ત્રીવેદે ઉત્કૃષ્ટા વીશ મોક્ષે જાય. એક સમયે નપુંસકવેદી દશ મોક્ષે જાય, અને એક સમયમાં પુરૂષવેદી એકસો ને આઠ મોક્ષે જાય. પાંચશે ધનુષ્ય પ્રમાણ શરીરવાળા ઉત્કૃષ્ટા એક

સમયને વિષે બે મોક્ષે જાય. જઘન્ય બે હાથ પ્રમાણ શરીરવાળા ઉત્કૃષ્ટા એક સમયને વિષે ચાર મોક્ષે જાય, અને મધ્યમ અવગાહનાયે ઉત્કૃષ્ટા એક સમયને વિષે એકસો ને આઠ મોક્ષે જાય.

ઉર્ધ્વલોક એટલે આ ઠેકાણે મેરૂચૂલિકા તથા નંદનવન પ્રમુખને વિષે એક સમયે ઉત્કૃષ્ટા ચાર મોક્ષે જાય. અધોલોક તે અધોગ્રામને વિષે એક સમયે બાવીશ મોક્ષે જાય. તિર્યગ્લોકને વિષે એકસો ને આઠ મોક્ષે જાય.

ચારે ગતિમાંહેથી આવ્યા કેટલા કેટલા મોક્ષે જાય તે કહે છે—નરકગતિથી નીકળી મનુષ્યમાંહી આવ્યા એક સમયને વિષે સીજે તો દશ સીજે, એમ તિર્યંચગતિથકી મનુષ્યમાંહી આવ્યા એક સમયને વિષે સીજે તો દશ સીજે, અને મનુષ્યગતિથકી આવ્યા વીશ સીજે, અને દેવગતિથકી આવ્યા એકસો ને આઠ સીજે.

તેમાં પણ વિશેષ એ છે. રત્નપ્રભા, શર્કરપ્રભા અને વાલુકાથકી આવ્યા પ્રત્યેકે દશ દશ સીજે. પંકપ્રભાથકી આવ્યા ચાર સીજે ને ધૂમાદિકથકી આવ્યા સીજે નહીં. પૃથ્વીકાયથકી આવ્યા ચાર સીજે. અપ્કાયથકી આવ્યા ચાર સીજે, વનસ્પતિકાયથકી આવ્યા છ સીજે. પંચેંદ્રિયમાં તિર્યંચથકી આવ્યા દશ સીજે, તેમાં પણ તિર્યંચની સ્ત્રીમાંહેથી આવ્યા પણ દશ સીજે અને મનુષ્ય (નર) થકી આવ્યા દશ સીજે અને મનુષ્ય નારીથકી આવ્યા વીશ સીજે. અસુરાદિક દશ નિકાયથકી આવ્યા દશ સીજે. તેમજ વ્યંતરથકી આવ્યા દશ સીજે. અસુરકુમારાદિ દશ નિકાયની દેવીથકી આવ્યા પાંચ સીજે. સમસ્ત વ્યંતરનિકાયની દેવીથકી આવ્યાથકા પાંચ સીજે. જ્યોતિષી પુરૂષથકી આવ્યા દશ સીજે. જ્યોતિષી સ્ત્રીથકી આવ્યા વીશ સીજે.

વૈમાનિક દેવથકી આવ્યા એકસો ને આઠ સીજે. વૈમાનિક સ્ત્રીથકી આવ્યા વીશ સીજે. અહીં સર્વત્ર એક સમયમાં અમુક સીજે એમ જાણવું. કેવળ પુરૂષવેદી વૈમાનિક દેવાથકી આવી પુરૂષ થઇ સીજે તો એક સમયે એકસો ને આઠ સીજે.

પુરૂષવેદથકી સ્ત્રી થઇ સીજે તો દશ સીજે. પુરૂષથકી નપુંસક થઇ સીજે તો એક સમયે દશ સીજે. સ્ત્રીવેદથકી આવી સ્ત્રી થઇ સીજે તો એક સમયે દશ સીજે. સ્ત્રીથકી પુરૂષ થઇ સીજે તો દશ સીજે. સ્ત્રીથકી નપુંસક થઇ સીજે તો દશ સીજે, નપુંસકવેદથકી આવી નપુંસક થઈ સીજે તો દશ સીજે. નપુંસકથકી પુરૂષ થઇ સીજે તોપણ દશ સીજે. નપુંપકથકી સ્ત્રી થઇ સીજે તોપણ દશ સીજે. અને વૈમાનિક દેવી, જ્યોતિષી દેવી અને મનુષ્યની સ્ત્રી, એ ત્રણ ઠેકાણેથી સ્ત્રીવેદી આવીને પ્રત્યેકે વીશ વીશ સીજે. ત્યાં એ વિશેષ છે કે જે સ્ત્રીવેદથકી આવી મનુષ્યપણે પુરૂષ થઇ અથવા સ્ત્રી થઇ વા નપુંસક થઇ સીજે તેવારે સર્વ મળી વીશ સીજે. વળી આઠે ભાંગે પૂર્વભવે પુરૂષ તે આ ભવે પુરૂષ થઇ સીજે તો એકસો ને આઠ સીજે. બીજી રીતે આઠે ભાંગે દશ સીજે. અને વળી પૂર્વે કહ્યું જે વીશ સ્ત્રી એક સમયે સીજે. ત્યાં એ વિશેષ છે કે જે-કોઇ પુરૂષવેદથકી આવી, કોઇ સ્ત્રીવેદથકી આવી, કોઇ નપુંસકવેદથકી આવી, સ્ત્રી થઇ સીજે તો મિશ્રિત મળી વીશ સીજે, પણ કેવળ પુરૂષથી આવી, કેવળ સ્ત્રીથી આવી, કેવળ નપુંસકથી આવી વીશ સીજે નહીં.

ઉત્કૃષ્ટો મોક્ષ જવાનો છ મહિનાનો ઉપપાતવિરહ જાણવો ને જઘન્યથી એક સમય જાણવો. એ મોક્ષથકી પાછું આવવાનું નથી, તે માટે મોક્ષના જીવ સાદિઅનંતમે ભાંગે છે. પ્રવાહ આશ્રી અનાદિ

અનંતમે ભાગે જાણવા. જેમ બળ્યા બીજે અંકુરો ન થાય તેમ કર્મરૂપ બીજ બળ્યાથકી સંસારરૂપ અંકુર ઉત્પન્ન થતો નથી.

सिद्धशिलास्वरूप.

સર્વાર્થસિદ્ધવિમાનની ધ્વજાથી ઉપર બાર યોજન સિદ્ધશિલા છે. તે લાંબપણે અને પહોળપણે પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ છે. એનું બીજું નામ ઈષત્પ્રાગ્ભારા છે. અર્જુનસુવર્ણમય સ્ફટિકની પેરે નિર્મળ છે. એ સિદ્ધશિલા મધ્યભાગે આઠ યોજન જાડી છે. ત્યાંથકી ચાર દિશાએ ને ચાર વિદિશાએ ઘટતી ઘટતી માખીની પાખ જેવી પાતળી થઇ છે. ઉત્તાનછત્રને આકારે સિદ્ધશિલાની સ્થાપના છે. તે સિદ્ધશિલાની ઉપર યોજનને આંતરે લોકાંત છે, ત્યાં સિદ્ધો રહે છે. ભાવાર્થ એ છે કે—એક યોજનના ચોવીશ ભાગ કરીએ તેમાં ત્રેવીશ ભાગ નીચે મૂકીએ અને ચોવીશમા ભાગમાં સિદ્ધના જીવો રહે છે.

तिर्यंचस्वरूप.

એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, ને પંચેંદ્રિય, એ પાંચ પ્રકારે તિર્યંચ જાણવા.

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ ને વનસ્પતિ, આ પાંચ પ્રકાર એકેંદ્રિયના જાણવા અને તેની સાથે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, ને પંચેંદ્રિય મળી ચાર ભેળવતાં નવ ભેદ થાય. તેમાં વળી પંચેંદ્રિયના બે ભેદ છે. ૧ ગર્ભજ, ૨ સમૂર્છિમ. તેમાં ગર્ભજની અપેક્ષા વિના સામાન્યે નવ પ્રકારે તિર્યંચસ્વરૂપ કહે છે.

પૃથ્વીકાયની ઉત્કૃષ્ટી સ્થિતિ બાવીશ હજાર વર્ષની હોય. અપ્કાયની ઉત્કૃષ્ટી સ્થિતિ સાત હજાર વર્ષની હોય. અગ્નિકાયની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ દિવસની, વાયુકાયની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ હજાર વર્ષ, વનસ્પતિકાયની ઉત્કૃષ્ટી સ્થિતિ દશ હજાર વર્ષ, બેઇંદ્રિયની ઉત્કૃષ્ટી સ્થિતિ બાર વર્ષની, તેઇંદ્રિયની ઉત્કૃષ્ટી સ્થિતિ ઓગણપચાસ દિવસની, ચૌરિંદ્રિયની ઉત્કૃષ્ટી સ્થિતિ છ મહિનાની, પંચેંદ્રિયની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. સર્વની જઘન્ય સ્થિતિ અંતર્મૂહૂર્તની છે.

સંમૂર્છિમ પંચેંદ્રિય ગાયપ્રમુખનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચોરાશી હજાર વર્ષનું, સંમૂર્છિમપક્ષીનું બહોતેર હજાર વર્ષ, સંમૂર્છિમ સર્પપ્રમુખનું ત્રેપન હજાર વર્ષ, સંમૂર્છિમ ગોહ, નકુલનું બેતાળીસ હજાર વર્ષ આયુષ્ય જાણવું.

कायस्थिति.

કાયસ્થિતિ એટલે જે પુનઃ પુનઃ મરણ પામીને તેજ કાયમાં ઉપજે તેને કાયસ્થિતિ કહે છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વાયુકાય, એ ચાર એકેંદ્રિયમાં ઉત્કૃષ્ટી કાયસ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ જાણવી. સારાંશ કે જો પૃથ્વીકાયનો જીવ મરણ પામી પામીને ફરી તેજ કાયમાં ઉપજે પણ પોતાની કાયને મૂકે નહીં તો અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રહે. દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય, અને દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી

થાય. એવં વીશ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય છે. એ કાળમાન ભરત, ઐરવતની અપેક્ષાએ જાણવું. અનંત અવસર્પિણી ઉત્સર્પિણીકાળની કાયસ્થિતિ વનસ્પતિકાયની છે. એ કાયસ્થિતિ વ્યંવહારરાશિ જીવને સંભવે. કેમકે વ્યવહારરાશિયો જીવ મરણ પામી નિગોદમાં જાય તો અનંતિ ઉત્સર્પિણી અવસર્પિણી રહીને પાછો વ્યવહારરાશિમાં આવે. એટલે અહીંયાં મરૂદેવામાતાના દષ્ટાંત સાથે વ્યભિચાર આવતો નથી, કેમકે મરૂદેવા અનાદિ નિગોદી છે. તેમને કાયસ્થિતિનું એ પ્રમાણ નહીં. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય પ્રત્યેકને સંખ્યાતા વર્ષસહસ્ર કાયસ્થિતિ જાણવી. પચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્યને સાત આઠ ભવની કાયસ્થિતિ જાણવી. એ આઠે ભવેકરી કાળમાન ત્રણ પલ્યોપમ અને સાત પૂર્વ કોટિ ઉત્કૃષ્ટી જાણવી. દેવતા ને નારકી મરણ પામી ફરી દેવતા નારકીમાં ન ઉપજે, તે માટે દેવતા તથા નારકીને કાયસ્થિતિ નથી. સામાન્યપણે એકેંદ્રિયનું એક હજાર યોજન ઝાઝેરૂં શરીર ઉત્કૃષ્ટું જાણવું. બેઇંદ્રિય શંખ, કોડા, જળો, અળસિયાં, પૂરા આદિનું શરીર બાર યોજન ઉત્કૃષ્ટું જાણવું. કીડી, મંકોડા, માંકણ આદિ તેઇંદ્રિયનું ત્રણ ગાઉનું શરીર જાણવું. ભમરાદિક ચૌરિંદ્રિયનું ચાર ગાઉનું જાણવું. પંચેંદ્રિયનું શરીર એક હજાર યોજનનું જાણવું.

સંમૂર્છિમચતુષ્પદ ગાય પ્રમુખનું નવ ગાઉનું શરીર ઉત્કૃષ્ટું હોય છે. સંમૂર્છિમભુજપરિસર્પ ગોહ, નોળિયાદિકનું નવ ધનુષ્યનું શરીર છે. સંમૂર્છિમઉરપરિસર્પ અજગરાદિકનું નવ યોજનનું શરીર જાણવું. ગર્ભજચતુષ્પદ હસ્તિ પ્રમુખનું છ કોશ શરીર છે. ગર્ભજભુજપરિસર્પ ગોહ પ્રમુખનું નવ ગાઉ શરીર જાણવું ઉરપરિસર્પનું એક હજાર

યોજનનું શરીર જાણવું. ગર્ભજ અને સંમૂર્છિમ બન્ને જાતના મત્સ્યોનું એક હજાર યોજન શરીર જાણવું. ગર્ભજ તથા સંમૂર્છિમ બે પ્રકારના ગૃદ્ધાદિક પક્ષી તેનું શરીર નવ ધનુષ્યનું જાણવું.

એકેંદ્રિયથી તે પંચેંદ્રિય પર્યંતનું જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગે શરીર જાણવું.

સમય સમય પ્રત્યે એકેંદ્રિય જીવો અસંખ્યાતા ઉપજે છે અને ચવે છે. વનસ્પતિકાયના વનસ્પતિમાંહેથી આવીને અનંતા ઉપજે અને ચવે, તથા પૃથ્વી આદિક પરસ્થાનકથકી વનસ્પતિમાં આવી ઉપજે તે વારે અસંખ્યાતા ઉપજે.

गोला य असंखिज्जा, असंखनिग्गोयओ हवइ गोलो;
इक्किक्कंमि निगोए, अणंत जीवा मुणेयव्वा.

અર્થ—સંસારમાંહે અસંખ્યાતા ગોળા છે. તે અસંખ્યાતે નિગોદે એક ગોળો હોય. તે એકેક નિગોદે અનંતા જીવ જાણવા.

એ નિગોદિયા જીવના બે ભેદ છે.—એક સંવ્યવહારીયા, બીજા અસંવ્યવહારીયા. તેમાં જે અનાદિ નિગોદથકી નીકળી પૃથ્વીકાય પ્રમુખમાંહે ઉપજે તેને સંવ્યવહારીયો જીવ કહીએ. કદાચિત્ તે જીવ વળી ફરી પાછો નિગોદમાંહે જાય તોપણ તેને સંવ્યવહારીયોજ કહીએ, અને જે જીવ અનાદિ નિગોદથકી નીકળ્યા નથી [અનાદિકાળથી સૂક્ષ્મનિગોદ તથા બાદરનિગોદમાંહે રહે છે] તેને અસંવ્યવહારીયા કહે છે. તથા જેટલા જીવ મોક્ષે જાય તેટલા જીવ નિગોદમાંથી નીકળી પૃથ્વીકાયાદિકને વિષે આવી ઉપજે છે એ વિશેષ છે.

अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइपरिणामो;
उप्पज्जंति चयंति य, पुण्णोवि तथ्थेव तथ्थेव.

અનંતા જીવ એવા છે કે જે જીવે ત્રસાદિક પર્યાય પામ્યા નથી. અને જે ફરી ફરી ત્યાં નિગોદના નિગોદમાંહેજ ઉપજે છે, ને ચવે છે એટલે તે નિગોદમાંહેજ ઉપજે છે અને નિગોદમાંહેજ મરણ પામે છે. ત્યાંના ત્યાંજ રહે છે,

જેવારે મોહનો ઉદય તીવ્ર વિષયાભિલાપ મૈથુનપરિણામ હોય અને ઘણીજ અશાતાવેદનીએ પરાભવ્યો આહટ્ટ દોહટ્ટ ચિંતવે તેવારે એવા પરિણામે વા સંજ્ઞાએ કરી એકેંદ્રિયપણાનું કર્મ બંધાય તેથી જીવ એકેંદ્રિય થાય

હવે તિર્યંચમાં કયો જીવ જાય તે કહે છે.—એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચૌરિંદ્રિય તથા સંખ્યાતા વર્ષ આયુવાળા પંચેંદ્રિય તિર્યંચ અને સંખ્યાતા વર્ષ આયુષ્યવાળા મનુષ્ય એટલા સ્થાનકના જીવ મરણ પામીને એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, ને પંચેંદિય તિર્યંચમાંહે ઉપજે. વળી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને સૌધર્મ, ઇશાન એ બે કલ્પવાસી દેવતા મરણ પામીને પર્યાપ્તા સંખ્યાતા વર્ષ આયુવાળા ગર્ભજતિર્યંચમાંહે ઉપજે. વળી પર્યાપ્તા બાદર પૃથ્વીકાય અને અપૂકાયમાંહે પણ ઉપજે. વળી પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિમાંહે પણ ઉપજે. સનત્કુમારથી માંડીને સહસ્રાર સુધીના દેવતા તથા નારકી ચવીને પર્યાપ્તા સંખ્યાતા આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચમાં જાય, પણ બીજી જાતના તિર્યંચમાંહે ન જાય.

સંખ્યાતા આયુષ્યવાળા પંચેંદ્રિય તિયચ મરીને એક મોક્ષ વિના

બાકીની ચારે ગતિમાં જાય. એકેંદ્રિય અને વિગલેંદ્રિય મરીને સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યમાંહે આવી ઉપજે. પણ દેવતા, નારકી અને સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ તથા અસંખ્યાતા આયુષ્યવાળા જે યુગલીયા મનુષ્ય તેમાં ન જાય. વળી વિગલેંદ્રિય મરીને મનુષ્યગતિ પામી સર્વ સાવદ્યવરતરૂપ ચારિત્ર પામે, પણ સીઝે નહીં; અને તેઉકાય તથા વાઉકાય મરણ પામીને મનુષ્ય તો ન થાય પણ કદાચિત્ પંચેંદ્રિય તિર્યંચ થાય તો સમ્યકત્વ પણ પામે નહીં, તો પછી વિરતિપણું કયાંથી પામે ? એ તેઉકાય તથા વાઉકાયના ભવનો સ્વભાવ છે, કે જે મનુષ્ય ન થાય અને સમ્યકત્વ પણ નહીં પામે. શેષ થાકતા સમૂર્છિમગર્ભજતિર્યંચ તથા સંમૂર્છિમગર્ભજમનુષ્ય તથા પૃથ્વી, અપ્ અને વનસ્પતિ એટલા મરણ પામીને મનુષ્ય થાય, અને મનુષ્ય થઇને મરૂદેવામાતાની પેઠે તેજ ભવે ચારિત્ર પાળી મોક્ષ પણ પામે.

બાદર પર્યાપ્તા, પૃથ્વીકાય, અપ્કાય ને પ્રત્યેક વનસ્પતિકાયને ચાર લેશ્યા હોય છે. કેમકે ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાનાંત સુધીના દેવતા તેજોલેશ્યાવંત હોય. તે પૃથ્વી, અપ્ અને વનસ્પતિમાંહે ઉપજે તે પર્યાપ્તા થયા પછી અંતર્મુહૂર્ત સુધી કેટલોએક કાળ તેજોલેશ્યાવંત હોય તે કારણથી કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો, એ ચાર લેશ્યા એમાં હોય. ગર્ભજતિર્યંચ તથા ગર્ભજમનુષ્યને છએ લેશ્યા હોય, કેમકે મનુષ્ય તથા તિર્યંચને અસ્થિર લેશ્યા હોય. બાકીના તેઉકાય, વાઉકાય, સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપ્કાય, સાધારણ અપર્યાપ્તા, બાદર પૃથ્વીકાય, અપર્યાપ્ત બાદર અપ્કાય, અપર્યાપ્ત પ્રત્યેકવનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને સંમૂર્છિમ પચેંદ્રિય તિર્યંચ તથા સંમૂર્છિમ પચેંદ્રિય મનુષ્ય એટલાને કૃષ્ણ,

નીલ અને કપોત, એ ત્રણ લેશ્યા હોય અને પૃથ્વી, અપ્ તથા પર્યાપ્ત બાદર વનસ્પતિમાંહે દેવતાના ઉપજવાથકી કેટલોએક કાળ તેજોલેશ્યા સંભવે, પર્યાપ્તાવસ્થાએ તેજોલેસ્યા કેમ સંભવે તે ઉપર હેતુ કહે છે. जल्लेसाए मरइ तल्लेसाए उववज्जइ इति. એટલે જે લેશ્યાથકાં મરણ પામે તેજ લેસ્યાથકાં ઉપજે તે ઉપર ગાથા કહે છે.

अंतमुहूत्तंमि गए, अंतमुहूत्तंमि से सिंयं चेव;
लेसाहिं परिणयाहिं, जीवा वच्चंति परलोयं.

અર્થ—મનુષ્ય તથા તિર્યંચ તે પરભવની લેસ્યા આવ્યા પછી અંતર્મુહૂર્તે મરણ પામે. એટલે લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયા પછી મરણ પામે, અને દેવતા તથા નારકી પોતાની મૂળગી લેશ્યાનું મુહૂર્ત થાકતું રહે તેવારે મરણ પામીને પરભવે જાય. ત્યાં ઉપન્યા પછી તે મૂળગી લેશ્યાનું અંતર્મુહૂર્ત ભોગવે. તેમાં પર્યાપ્તાનું અંતર્મુહૂર્ત નાનું જાણવું અને લેશ્યાનું અંતર્મુહૂર્ત મોટું જાણવું. તે માટે પર્યાપ્તાવસ્થાએ પણ પરભવની તેજોલેશ્યા સંભવે. અહીંઆં અંતર્મુહૂર્તના અસંખ્યાત ભેદ છે.

तिरिनर आगामिभवे, लेस्साए अइगए सुरा निरया;
पुव्वभवलेस्ससेसे, अंतमुहुत्ते मरणमिंति.

અર્થ—તિર્યંચ તથા મનુષ્ય તે આગલા ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયા પછી મરણ પામે. દેવતા તથા નારકી એ પૂર્વના ભવની એટલે દેવ તથા નારકીના ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી રહે તે વારે મરણ પામી પરભવમાં ઉપજે. પરમાર્થ એ છે કે તેજોલેશ્યાવંત દેવતા પૃથ્વીકાયમાં તથા અપ્કાયમાં તથા પ્રત્યેકવનસ્પતિ-

માંહે ઉપજતાં તેમને કેટલોએક કાળ તેજોલેશ્યાનો સદ્દભાવ હોય.

પૃથ્વીકાયાદિક તિર્યંચ અને સંમૂર્છિમ તથા ગર્ભજમનુષ્ય એને જે જે લેશ્યા સંભવે તે તે લેશ્યાઓની સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવી. એટલે પૃથ્વીકાયમાંહે જે લેશ્યા છે તે જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી રહે છે, ને વળી સંજ્ઞાએ કરી ફરી પણ જાય છે અને બીજી લેશ્યા થાય છે. અંતર્મુહૂર્ત ઉપરાંત લેશ્યા રહે નહીં. એમ અપૂકાય પ્રમુખ તર્યંચ તથા ગર્ભજમનુષ્યને પણ જાણવી.

છેલ્લી શુકલલેશ્યા તે મનુષ્યને ઉત્કૃષ્ટી નવ વર્ષે ઊણી એક પૂર્વ-કોડી વર્ષ સુધી રહે. તે કેવી રીતે રહે છે ? તે કહે છે-ગર્ભકાળના નવ મહિના રહિત આઠ વર્ષમાંહે ચારિત્ર ન હોય તે માટે કોઈક જીવ નવમે વર્ષે ચારિત્ર લેઇ કેવળજ્ઞાન પામે, તેવાર પછી નવ વર્ષે ઊણી એક પૂર્વ કોડી વર્ષ પર્યંત જીવતો રહે ત્યાંસુધી કેવળીને એકજ શુકલ લેશ્યા હોય, અને બીજા મનુષ્યને શુકલ લેશ્યા અંત-ર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

દેવતા અને અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિયા મનુષ્ય તથા તિર્યંચ, તેમાંહે સ્ત્રીવેદ અને પુરૂષવેદ એ બે વેદ હોય છે. સંખ્યાતા આયુષ્યના ધણી ગર્ભજમનુષ્ય તથા ગર્ભજતિર્યંચ એમાંહે સ્ત્રી, પુરૂષ ને નપુંસક એ ત્રણ વેદ હોય છે. નારકી, એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય તથા સંમૂર્છિમમનુષ્ય અને સમૂર્છિમતિર્યંચ, એ સર્વ નપુંસકવેદી છે. જેટલે થાકતે આયુષ્યે પરભવનું આયુષ્ય બાંધે તે આયુષ્યનો બંધકાળ કહીએ. બીજું—આયુષ્ય બાંધ્યા પછી જેટલો કાળ ગયે થકે આયુષ્ય ઉદયે આવે તેના વચમાંનો જે કાળ તેને અબાધાકાળ

કહીએ. ત્રીજું–આયુષ્ય ભોગવતાં જે સમયે પૂર્ણ થાય તેને અંત સમય કહીએ. ચોથું–જે આયુષ્ય ઘણા કાળે વેદવા યોગ્ય છે તે આયુષ્યને થોડા કાળમાં વેદીએ એટલે સો વર્ષનું આયુષ્ય અંતર્મુહૂર્તમાંહે વેદીએ તેને અપવર્તન કહે છે. પાંચમું–જે આયુષ્ય જેટલે કાળે વેદવાનું છે તે આયુષ્ય તેટલેજ કાળે વેદીએ પણ ઓછે કાળે ન વેદીએ તેને અનપવર્તન કહે છે છઠ્ઠું–જેણે કરી આયુષ્ય ઓછું કરીએ–ઉપક્રમીજે, તે ઉપક્રમકારણસમૂહ તે સોપક્રમ કહીએ. સાતમું–જેને કારણ મળ્યાં થકાં પણ આયુષ્ય ઘટે નહીં તે નિરૂપક્રમ જાણવો.

કોણ જીવ સોપક્રમી અને કોણ જીવ નિરૂપક્રમી તે કહે છે.

उत्तमचरमसरीरा, सुरनेरइया असंखनरतिरिया;
हुंति निरुवक्कमाओ, दुहावि सेसा मुणेयव्वा.

અર્થ—ઉત્તમ એટલે ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તિ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ, એ ત્રેસઠ શલાકાપુરૂષને ઉત્તમ કહીએ, તે નિરૂપક્રમી જાણવા. વળી તેજ ભવે મોક્ષગામી હોય તે પણ નિરૂપક્રમી જાણવા. ચાર નિકાયના દેવતા, સાતે નરકના નારકી, અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિયા મનુષ્ય અને તિર્યંચ નિરૂપક્રમી જાણવા, અને શેષ થાકતા જીવ સોપક્રમી અને નિરૂપક્રમી એમ બે ભેદે હોય.

સાત પ્રકારે આયુષ્ય ત્રુટે છે તે નીચે મુજબ.—

૧ અધ્યવસાયે કરી એટલે સ્નેહ, રાગ, ભયરૂપ મનના વિકલ્પે કરી આયુષ્ય તૂટે છે. જેને મન ના હોય તેને સંજ્ઞાથી જાણવું. રાગે કરી ક્ષય એવી રીતે કે–કોઇ પરબને વિષે પાણી પાનારી સ્ત્રી તરૂણ પુરૂષને દેખી અનુરાગે કરી જોતી થકી તેની પ્રાપ્તિ ન થાય

છતાં મરણ પામી. સ્નેહે કરી ક્ષય એવી રીતે કે-કોઇક સાર્થ-વાહીને પરદેશથકી તેનો પતિ સાર્થવાહ આવ્યો તે વારે કોઇ મિત્રે સ્નેહપરીક્ષાનિમિતે સાર્થવાહનું મરણ કહ્યું અને સ્ત્રી મરણ પામી. સ્ત્રીને મરણે સાર્થવાહ પણ મરણ પામ્યો. ભય થકી શ્રીકૃષ્ણને દેખી સોમીલ મરણ પામ્યો.

૨ નિમિત્તથકી આયુષ્ય ત્રુટે છે. દંડ, ચાબક, કોરડાદિકે કરી મરણપામે.

૩ અત્યંત સરસ આહાર ઘણોજ ખાવાથકી મરણ પામે.

૪ વેદના તે સઘઘાતી શૂળાદિકની તેથકી મરણ પામે.

૫ પરાઘાત તે ખાડામાં પડયાથકા મરણ પામે.

૬ ફાસે એટલે સર્પ, અગ્નિ, વિષ પ્રમુખના સ્પર્શથકી મરણ પામે.

૭ આણાપાણ કહેતાં શ્વાસોશ્વાસ ઓછો વત્તો લેવાથી વા શ્વાસોશ્વાસ રૂંધન કર્યાથકી મરણ પામે.

એ સાતે કારણે સોપક્રમ આયુષ્ય ઘટે છે નિરૂપક્રમ તો કદાપિ ઘટતું નથી. તેમજ એ ઉપક્રમ છે તે સ્કંધકાચાર્યના શિષ્ય સરખા કેટલાએક ચરમશરીરીને સંભવે છે તથા શ્રીકૃષ્ણનું બાહ્ય ઉપક્રમે આયુષ્ય પૂર્ણ થયું હતું પરંતુ અંતરંગ વિચારતાં નિરૂપક્રમ એટલુંજ આયુષ્ય હતું, તે માટે સોપક્રમ નહોતું.

સર્વ જીવને પર્યાપ્તિ કહેછે.

आहारसरीरिंदय, पज्जत्ती आणपाण भासमणे;
चउ पंच पंच छप्पिय, इग विगला सन्नि सन्नीणं.

અર્થ—આહાર પ્રમુખના પુદ્ગળગ્રહણપરિણમનહેતુ જે આત્માની શક્તિ તેને પર્યાપ્તિ કહેછે. પ્રથમ આહારપર્યાપ્તિ, બીજી શરીરપ-ર્યાપ્તિ, ત્રીજી ઇંદ્રિયપર્યાપ્તિ. ઈહાં ગાથામાં એ ત્રણની પછી વચાલે જે પર્યાપ્તિ શબ્દ કહ્યો છે તેનું કારણ એ છે કે, કોઇ જીવ અપ-

ર્યાપ્તો મરણ પામે તોપણ એ ત્રણ પર્યાપ્તિ પૂરી કરી મરણ પામે પણ એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઇ જીવ મરણ પામે નહીં, તે માટે અહીં ઇંદ્રિયપદની સાથે પર્યાપ્તિ શબ્દ જોડયો છે. ચોથી શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ, પાંચમી ભાષાપર્યાપ્તિ, છટ્ઠી મનઃપર્યાપ્તિ, એ સમસ્ત પર્યાપ્તિ ઉપજવાને પહેલે સમયે જે જીવને જેટલી પર્યાપ્તિ કરવાની છે તે જીવ તેટલી પર્યાપ્તિ સમકાળે કરવા માંડે, પછી અનુક્રમે પહેલી આહારપર્યાપ્તિ, તે પછી શરીરપર્યાપ્તિ, એમ સર્વ પર્યાપ્તિ યથાયોગ્યપણે કરે. ત્યાં આહારપર્યાપ્તિ પ્રથમ સમયેજ કરે અને બીજી સમસ્ત પર્યાપ્તિ તે પ્રત્યેક અસંખ્યાત સમય પ્રમાણ અંતર્મુહૂર્તે કરે. વૈક્રિયશરીર અને આહારકશરીરવાળા જીવને એક શરીરપર્યાપ્તિ અંતર્મુહૂર્તે હોય. અને બીજી સમસ્ત પર્યાપ્તિ એકેકે સમયે હોય. એવં સર્વ મળી અંતર્મુહૂર્ત પ્રમાણ પર્યાપ્તિકાળ જાણવો.

એકેંદ્રિયને ચાર પર્યાપ્તિ, વિકલેંદ્રિયને ભાષાસહિત પાંચ પર્યાપ્તિ હોય તથા અસંજ્ઞીસંમૂર્છિમપંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્યને એક મનવિના પાંચ પર્યાપ્તિ હોય. ત્યાં સંમૂર્છિમ મત્સ્ય જે સમુદ્રમાંહે આહારસંજ્ઞા જાણવી પણ મન સમજવું નહીં, કેમકે અસંજ્ઞીને પાંચ પર્યાપ્તિ કહી છે. સંજ્ઞીપંચેંદ્રિય, ગર્ભજતિર્યંચ તથા મનુષ્ય, દેવ અને નારકીને મન સહિત છ પર્યાપ્તિ જાણવી. જે પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના અપર્યાપ્તો મરણ પામે તે આગની ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરી પરભવઆયુનો બંધ કરી અંતર્મુહૂર્ત અબાધાકાળ જીવીને મરણ પામે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોતરૂપ પાંચ ઇંદ્રિયો, અને મનોબળ, વચનબળ, કાયબળરૂપ ત્રણ બળ, નવમો શ્વાસોચ્છ્વાસ અને દશમું આયુષ્ય, એ દશ પ્રાણ છે. જેને ધારણ કર્યા થકાં પ્રાણી કહીએ, અને જેનાથી વિછોડયાં થકાં જીવ મરણ પામ્યો એમજ કહીએ.

એકેંદ્રિયને ચાર પ્રાણ, બેઇંદ્રિયને છ પ્રાણ, તેઇંદ્રિયને સાત પ્રાણ, ચોરિંદ્રિયને આઠ પ્રાણ, અસંજ્ઞીસંમૂર્છિમને નવ પ્રાણ, ત્યાં સંમૂર્છિમપંચેંદ્રિય તિર્યંચને નવ પ્રાણ; યદ્યપિ સંમૂર્છિમ મનુષ્ય પણ અસંજ્ઞીમાંહે છે, પરંતુ પ્રાણ આશ્રી સંમૂર્છિમ મનુષ્યને સાત અથવા આઠ પ્રાણ હોય અને સંજ્ઞીગભજપંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્ય, વળી દેવતા તથા નારકીને દશ પ્રાણ પૂરા હોય છે.

અજીવતત્ત્વ.

धम्माधम्मागासा, तियतियभेया तहेव अद्धाय;
खंधा देसपएसा, परमाणु अजीवचउदसहा.

અર્થ-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, એ ત્રણ દ્રવ્યના ખંધ, દેશ તથા પ્રદેશ, એમ ત્રણ ત્રણ ભેદ છે. પ્રદેશના સમૂહને અસ્તિકાય કહે છે. એ ત્રણ દ્રવ્યનો ચૌદ રાજલોક પ્રમાણ ખંધ કહેવાય છે. કાળદ્રવ્યના ખંધ, દેશ, પ્રદેશ નથી. એમ દશ ભેદ થયા. પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના ખંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ, એ ચાર ભેદ ગણતાં પાંચે અજીવદ્રવ્યના ચૌદ ભેદ થાય છે.

ધર્માસ્તિકાય—ચલનસ્વભાવ ગુણ ધર્માસ્તિકાયનો છે, જેમ મત્સ્યના સંચારનું અપેક્ષાકારણ પાણી છે તેમ જીવને તથા પુદ્ગળને ગતિપણે પરિણમતાં જે અપેક્ષાકારણ હોય તેને ધર્માસ્તિકાય કહે છે. જેમ જળવિના મત્સ્યનો સંચાર થઇ શકે નહિ, તેમ ધર્માસ્તિકાયવિના જીવ અને પુદ્ગળ ચાલી શકે નહિ.

અધર્માસ્તિકાય—જેમ પંથીને વીસામો લેવાનેવિષે વૃક્ષાદિકની છાયા અપેક્ષા કારણ છે. તેમ જીવ તથા પુદ્ગળને સ્થિતિપણે

પરિણમતાં જે અપેક્ષાકારણ હોય અર્થાત્ સ્થિર રાખવાનો જે સહજગુણ તેને અધર્માસ્તિકાય કહે છે.

આકાશાસ્તિકાય—લોકાલોકવ્યાપી શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શરહિત અરૂપી અનંતપ્રદેશી અને સાકર ને દૂધની પેઠે જેનો અવકાશસ્વભાવગુણ તેને આકાશાસ્તિકાય કહે છે. આકાશના બે ભેદ છે. એક લોકાકાશ, બીજો અલોકાકાશ. પુદ્ગળ તથા જીવને આકાશાસ્તિકાય તે અવગાહનાગુણદાન આપે છે.

પુદ્ગલાસ્તિકાય—ખંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ, એ ચાર ભેદ પુદ્ગળદ્રવ્યના છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર, એ ત્રણ પ્રકારે શબ્દ, અંધકાર, રત્ન પ્રમુખનો પ્રકાશ, ચંદ્રમા પ્રમુખની જ્યોતિ, છાયા, સૂર્ય પ્રમુખનો આતપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, લક્ષણયુકત પુદ્ગળદ્રવ્ય છે.

કાળ દ્રવ્ય—એક ક્રોડ સડસઠ લાખ સત્યોતેર હજાર બસેં ને સોળ ઉપર એટલી આવલીએ એક મુહૂર્ત થાય છે. આંખનાં એક સ્ફુરણમાં અથવા એક ચપટી વજાડવામાં અથવા જૂનું વસ્ત્ર ફાડવાની વખતે એક તંતુથી બીજે તંતુએ જાય તથા કમળના પાંદડાના સમુહને જુવાન પુરૂષ ભાલાથી વા સોયથી વીંધે, તે ભાલો વા સોય જેટલી વારમાં એક પાંદડાંથી બીજે પાંદડે પહોંચે તેટલા વખતમાં અસંખ્યાતા સમય થઇ જાય છે. એવા અસંખ્યાતા સમયને આવલી કહે છે. એવી બસેં ને છપ્પન આવલીએ એક ક્ષુલ્લકભવ થાય છે. એ કરતાં બીજા કોઇ પણ નાના ભવની કલ્પના થઇ શકે નહીં. એવા કાંઇક અધિક સત્તર ક્ષુલ્લકભવમાં એક શ્વાસોશ્વાસરૂપ પ્રાણની ઉત્પત્તિ હોય છે. એવા સાત પ્રાણોત્પત્તિ કાળને એક સ્તોક કહે છે. એવા સાત સ્તોક સમયે એક લવ હોય છે. એવા સત્યોતેર લવે બે ઘડીરૂપ એક મુહૂર્ત હોય

છે. તે એક મુહૂર્તમાં પૂર્વોક્ત આવલી હોય છે. ત્રીશ મુહૂર્તે એક અહોરાત્રિરૂપ દિવસ થાય છે. પંદર અહોરાત્રિએ પખવાડિયું થાય છે. બે પખવાડિયે એક માસ થાય છે. બાર માસે એક વર્ષ થાય છે. તેમજ અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય છે. દશ કોડાકોડી પ-લ્યોપમે એક સાગરોપમ થાય છે. તેવા દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી અને બીજા દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી કાળ થાય છે. એ બે મળીને વીશ કોડાકોડી સાગરોપમે એક કાળ-ચક્ર થાય છે. એવા અનંતા કાળચક્રે એક પુદ્ગળપરાવર્ત્તન થાય છે. એ સર્વ મનુષ્યલોકમાં વ્યવહારથી કાળ જાણવો.

બે માસે એક ઋતુ થાય છે. ત્રણ ઋતુએ એક અયન. બે અયને એક વર્ષ, પાંચ વર્ષે એક યુગ, ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ, તે એક પૂર્વાંગને ચોરાશી લાખે ગુણતાં એક પૂર્વ થાય છે. ઇત્યાદિ કાળના અનેક ભેદ છે.

ષડ્દ્રવ્યનું કંઇક વિશેષ સ્વરૂપ.

છ દ્રવ્યનો ઘણો વિસ્તાર જોવો હોય તો ષડ્દ્રવ્યવિચાર નામનો ગ્રંથ વાંચવો. તેમાં વિસ્તારથી અધિકાર લખ્યો છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળાસ્તિકાય, કાળ અને જીવ, એ છ દ્રવ્ય છે.

परिणामीजीवमूत्ता, सपएसाएगखित्तकिरिया यः
णिच्चं कारणकत्ता, सव्वगयइयरअप्पवेसे.

ભાવાર્થ :—છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગળ એ બે દ્રવ્ય પરિણામી છે. બાકીનાં ચાર દ્રવ્ય અપરિણામી છે. ઇહાં પરિણામીનો ભાવ જાણવો, પરંતુ સ્વભાવે પરિણામી તો છએ દ્રવ્ય છે. છએ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય જીવ છે. બાકી પાંચ દ્રવ્ય અજીવ છે. છ દ્રવ્યમાં

એક પુદ્ગળદ્રવ્ય મૂર્તિમંત રૂપી છે. બાકીનાં પાંચ દ્રવ્ય અમૂર્તિમંત અરૂપી છે. છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી છે. એક કાળદ્રવ્ય અપ્રદેશી છે. છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્ય એક છે. બાકી ત્રણ દ્રવ્ય અનેક છે. છ દ્રવ્યમાં એક આકાશ ક્ષેત્ર છે. બીજાં પાંચ દ્રવ્ય ક્ષેત્રી છે. છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગળ, એ બે દ્રવ્ય સક્રિય છે, બાકીનાં ચાર અક્રિય છે. છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્ય નિત્ય છે, બે અનિત્ય છે. યદ્યપિ ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણે સર્વ પદાર્થ નિત્યાનિત્યપણે પરિણમે છે તથાપિ ધર્માદિક ચાર દ્રવ્ય સદા અવસ્થિત છે માટે નિત્ય કહ્યાં. છ દ્રવ્યમાં ધર્માદિક પાંચ દ્રવ્ય કારણ છે. એક જીવદ્રવ્ય અકારણ રૂપ છે. છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય કર્તા છે. બીજાં પાંચ અકર્તા છે. છ દ્રવ્યમાં એક આકાશ સર્વગત છે. બીજાં પાંચ દ્રવ્ય માત્ર લોક વ્યાપી છે, માટે અસર્વગત જાણવાં. યદ્યપિ છ દ્રવ્ય ક્ષીરનીર પેરે પરસ્પર અવગાઢ છે તથાપિ પ્રવેશરહિત છે, એટલે કોઈપણ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં તદ્રૂપપણે થતું નથી. માટે પ્રવેશરહિત છે. આનું વિશેષ સ્વરૂપ વિશેષાવશ્યકાદિક ગ્રંથોથકી જાણવું.

પુણ્યતત્ત્વ.

નવ પ્રકારે પુણ્ય બંધાય છે તે બતાવે છે—

સાધુ, સાધ્વી પ્રમુખને

૧ અન્ન દેવાથી પુણ્યબંધ થાય છે.

૨ પાણી દીધાથી પુણ્યબંધ થાય છે.

૩ રહેવાને સ્થાન આપવાથી પુણ્ય થાય છે.
૪ પાટ સુવા સારૂ દીધાથી પુણ્ય થાય છે.
૫ પહેરવા તથા ઓઢવાને વસ્ત્ર દીધાથી પુણ્યબંધ થાય છે.
૬ મનેકરી તે સંબંધી શુભ સંકલ્પ કર્યાથકી પુણ્યોપાર્જન થાય છે.
૭ વચને કરી સ્તુત્યાદિક કર્યાથી પુણ્યબંધ થાય છે.
૮ કાયાએ કરી સેવા કર્યાથી પુણ્યબંધ થાય છે.
૯ હાથથકી નમસ્કારઆદિ કરવાથી પુણ્ય બંધાય છે.

પરમેશ્વરની પૂજા, સંઘ કાઢવા, નવકારશીઓ કરવી, જીવોને મરતા બચાવવા, ઇત્યાદિથી પણ શુભ અધ્યવસાયે પુણ્યબંધ થાય છે.

તે પુણ્યને બેંતાલીશ પ્રકારે જીવ ભોગવે છે તે કહે છે—

सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचेंदिजाइपणदेहा;
आइतितणुणुवंगा, आइमसंघयणसंठाणा.

૧ જેના ઉદયે જીવ સુખનો અનુભવ કરે વા શાતાને પામે તેને શાતાવેદનીય કહે છે.

૨ જેના ઉદયે જીવ ઉચ્ચ કુળમાં જન્મીને પૂજાય, માન પામે, તેને ઉચ્ચગોત્ર કહે છે.

૩-૪ જેના ઉદયે મનુષ્યની ગતિ તથા મનુષ્યની આનુપૂર્વીની પ્રાપ્તિ થાય છે તેને મનુષ્યદ્વિક કહે છે.

૫-૬ જેના ઉદયે દેવની ગતિ તથા દેવની આનુપૂર્વીને પમાય છે તેને સુરદ્વિકરૂપ નામકર્મ કહે છે.

૭ જેના ઉદયે પંચેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે તેને પંચેંદ્રિયજાતિ નામકર્મ કહે છે.

૮ થી ૧૨ પણુદેહા—જેના ઉદયે પાંચ શરીરની પ્રાપ્તિ થાય છે

તે કહે છે. ૮ જેથી ઔદારિકશરીર યોગ્ય પુદ્ગળ ગ્રહણ કરીને તથા તેને શરીરપણે પરિણમાવીને જીવ પોતાના પ્રદેશની સાથે મેળવે તેને ઔદારિક નામકર્મ કહે છે. ૯ વૈક્રિયશરીરના બે ભેદ છે. એક ઔપપાતિક તે દેવતા તથા નારકીને હોય છે. બીજો લબ્ધિપ્રત્યયીયો તે તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંતને હોય છે. ૧૦ આહારકશરીર તે ચૌદ પૂર્વધર મુનિરાજ તીર્થંકરની ઋદ્ધિ પ્રમુખ જોવાને અર્થે એક હાથ પ્રમાણુ દેહ ધારણુ કરે છે. ૧૧ તૈજસશરીર તે આહારનું પચન કરનાર છે તથા તેજોલેસ્યાનું કારણીભૂત છે.

૧૨ કાર્મણશરીર તે કર્મનાં દળયાં આત્માની સાથે મળ્યાં છે તેજ જાણવું. એ પંચ શરીરરૂપ નામકર્મ કહીએ.

૧૩ થી ૧૫. જેના ઉદયથી ઉપર કહેલાં પાંચ શરીરમાંનાં આદિનાં ત્રણ ઔદારિક, વૈક્રિય તથા આહારક, એ ત્રણ શરીરનાં અંગોપાંગ પામીએ તે ઉવંગા એટલે અંગ, ઉપાંગ તથા અંગોપાંગ રૂપ નામકર્મ કહીએ. બે બાહુ, બે ઉરૂ, એક પૃષ્ઠિકા, એક મસ્તક, એક ઉદર તથા એક હૃદય, એ આઠ અંગ છે, અંગુલિ પ્રમુખ ઉપાંગ છે, તથા રેખાદિક અંગોપાંગ છે. ૧૩ ઔદારિક અંગોપાંગ ૧૪ વૈક્રિય અંગોપાંગ. ૧૫ આહારક અંગોપાંગ જાણવાં. કાર્મણ તથા તૈજસ શરીરને અંગોપાંગ નથી.

૧૬ જેના ઉદયથી છ સંઘયણમાંનું આદ્યસંઘયણ કહેતાં પહેલું વજ્રઋષભનારાચ નામનુ સંઘયણ પ્રાપ્ત થાય છે. તિહાં વજ્ર એટલે ખીલી, ઋષભ એટલે પાટો તથા નારાચ એટલે બે પાસા મર્કટબંધ તે ઉપર પાટો તે ઉપરે ખીલી એવો હાડનો સમુદાય હોય. તેને વજ્રઋષભનારાચ સંઘયણુ કહે છે.

૧૭ જેના ઉદયથી પોતે પર્યંકાસન કરી બેઠાં છતાં સમચતુરસ્ર ચારે બાજુ સરખી આકૃતિ થાય અને પોતાનાં અંગુલપ્રમાણુવડે એકસો ને આઠ અંગુલ પ્રમાણુ શરીર ભરાય તેને ઉત્તમ પુરૂષ કહે છે. એની પ્રાપ્તિ થાય છે તેને છ સંસ્થાનમાંનું પહેલું સમચતુરસ્ર સંસ્થાન કહે છે.

૧૮ થી ૨૧. જેના ઉદયથી (૧૮) શ્વેત, રક્ત, પીતરૂપ શુભ વર્ણુ. (૧૯) એક સુરભિરૂપ શુભ ગંધ. (૨૦) અમ્લ, મધુર અને કષાયેલ રૂપ શુભ રસ. (૨૧) લઘુ, મૃદુ, ઉષ્ણુ અને સ્નિગ્ધ-રૂપ શુભ સ્પર્શ. એ ચાર પદાર્થ પુણ્યપ્રકૃતિને અર્થે પ્રશસ્ત જાણુવા. એ વર્ણુચતુષ્ક જાણુવું.

૨૨ જેના ઉદયથી મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય છે, એટલે જે શરીર લોહની પેઠે અતિ ભારે પણુ નહીં, અને આકડાના તૂલની પેઠે અતિ હલકો પણુ નહીં, કિંતુ મધ્યમપરિણુામી હોય તેને અગુરૂલઘુ નામકર્મ કહે છે.

૨૩ જેના ઉદયથી બીજા બળવાનને અતિ દુઃસહનીય છતાં પોતે ગમે તેવા બળિયાને જીતવા સમર્થ થાય છે તેને પરાઘાત નામકર્મ કહે છે.

૨૪ જેના ઉદયથી સુખપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેઇ શકાય છે, પણુ હર-કત આવે નહીં તેને શ્વાસોચ્છ્વાસ નામકર્મ કહે છે.

૨૫ જેના ઉદયથી સૂર્યના બિંબની પેઠે પરને તાપ ઉત્પન્ન કર-વાના હેતુરૂપ તેજોયુક્ત શરીરની પ્રાપ્તિ થાય છે તેને આતપ નામકર્મ છે.

૨૬ જેના ઉદયથી ચંદ્રબિંબની પેઠે શીતળતાને ઉત્પન્ન કરવાના

હેતુભૂત તેજોયુક્ત શરીર તેની પ્રાપ્તિ થાય છે તેને ઉદ્યોત નામ-કર્મ કહે છે.

૨૭ જેના ઉદયથી વૃષભ તથા હંસની પેઠે સારી ચાલવાની શક્તિ પમાય છે તેને શુભવિહાયોગતિ નામકર્મ કહે છે.

૨૮ જેના ઉદયથી પોતાના અંગનાં સર્વ અવયવો યોગ્ય સ્થળને વિષે ગોઠવવાની શક્તિ સૂત્રધારની પેઠે પ્રાપ્ત થાય છે તેને નિર્માણ નામકર્મ કહે છે.

ત્રસદશક.

૨૯ જેના ઉદયથી જીવને બેઇંદ્રિયના શરીરની પ્રાપ્તિ થાય છે અર્થાત્ એકેંદ્રિયનું શરીર પામે નહીં તેને ત્રસ નામકર્મ કહે છે.

૩૦ જેના ઉદયથી બાદરશરીરની પ્રાપ્તિ થાય છે તેને બાદર નામ-કર્મ કહે છે.

૩૧ જેના ઉદયથી પોતપોતાની પર્યાપ્તિ પૂરી કરે, તે પર્યાપ્તિ બે પ્રકારે છે. એક લબ્ધિ, બીજી કરણ. તેને પર્યાપ્તિ નામકર્મ કહે છે.

૩૨ જેના ઉદયથી ઔદારિક અથવા વૈક્રિય પ્રમુખ ભિન્ન ભિન્ન શરીરની પ્રાપ્તિ થાય પણ ઘણા જીવો વચ્ચે એક શરીર ન પામે તેને પ્રત્યેક નામકર્મ કહે છે.

૩૩ જેના ઉદયથી શરીરના દંતાદિક અવયવો સ્થિર થાય તેને સ્થિર નામકર્મ કહે છે.

૩૪ જેના ઉદયથી શરીરના સર્વ અવયવ સારા હોય અથવા નાભિના ઉપરનું શરીર સારૂં હોય તેને શુભ નામકર્મ કહે છે.

૩૫ જેના ઉદયથી સર્વ લોકને પ્રિય થાય તેને સૌભાગ્ય નામકર્મ કહે છે.

૩૬ જેના ઉદયથી વાણીમાં કોકિલાની પેઠે મીઠાશ હોય તેને સુસ્વર નામકર્મ કહે છે.

૩૭ જેના ઉદયથકી લોકમાં માનનીય વચન થાય તેને આદેય નામ-કર્મ કહે છે.

૩૮ જેના ઉદયથી લોકમાં યશઃકીર્તિ ગવાય તેને યશોનામકર્મ કહે છે.

૩૯ જેના ઉદયથી દેવતાના આયુષ્યની પ્રાપ્તિ થાય છે તેને સુરા-યુષ્ય રૂપ કહીએ.

૪૦ જેના ઉદયથી મનુષ્યના આયુષ્યની પ્રાપ્તિ થાય છે તેને નરા-યુષ્ય રૂપ કહીએ.

૪૧ જેના ઉદયથી તિર્યંચના આયુષ્યની પ્રાપ્તિ થાય છે તેને તિર્યં-ચાયુષ્ય રૂપ કહીએ.

૪૨ જેના ઉદયથી ત્રિભુવનનેવિષે પૂજ્યપણું પ્રાપ્ત થાય છે તેને તીર્થંકર નામકર્મ કહે છે.

પાપતત્ત્વ.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, રતિ, અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય; એ અઢાર પ્રકારે પાપ બંધાય છે. અને બ્યાશી પ્રકારે ભોગવાય છે. તે બ્યાશી પ્રકાર કહે છે :—

૧ જેના ઉદયથી મતિજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને મતિજ્ઞાનાવરણીય પાપકર્મ કહે છે.

૨ જેના ઉદયથી શ્રુતજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને શ્રુતજ્ઞાનાવરણીય પાપકર્મ કહે છે.

૩ જેના ઉદયથી અવધિજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને અવધિજ્ઞાનાવરણીય કહે છે.

૪ જેના ઉદયથી મનઃપર્યવજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને મનઃપર્યવજ્ઞાનાવરણીય કહે છે.

૫ જેના ઉદયથી કેવળજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને કેવળજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

૬ જેના ઉદયથી પોતાના ઘરમાં દેવા યોગ્ય વસ્તુ છતાં તથા દાનનું ફળ જાણુતાં છતાં પણુ આપી શકાય નહીં તેને દાનાંતરાય પાપકર્મ કહે છે.

૭ જેના ઉદયથી દાતાર છતાં, દાતારના ઘરમાં વસ્તુ છતાં પણુ જે યાચિત વસ્તુની પ્રાપ્તિ ન થાય તેને લાભાંતરાય કર્મ કહે છે.

૮–૯ જેના ઉદયથી પોતે યુવાન છતાં, સુરૂપ છતાં તથા ભોગોપભોગ વસ્તુની પ્રાપ્તિ થઇ છતાં પણુ તે ભોગવાઇ ન શકાય તેને ભોગાંતરાય તથા ઉપભોગાંતરાય કર્મ કહે છે. આહારાદિ પદાર્થ જે એક વાર ભોગવાયછે તેને ભોગ કહે છે. વસ્ત્રાદિ પદાર્થ જે વારંવાર ભોગવાય છે તેને ઉપભોગ કહે છે.

૧૦ જેના ઉદયથી પોતે યુવાન, રોગરહિત તથા બળવાન છતાં પણુ પોતાની શક્તિ ફોરવી શકાય નહીં તેને વીર્યાંતરાય પાપકર્મ કહે છે.

૧૧ જેના ઉદયથી ચક્ષુદર્શનનું આચ્છાદન થાય છે તેને ચક્ષુદર્શનાવરણીય કહે છે.

૧૨ જેના ઉદયથી અચક્ષુદર્શનનું ચક્ષુવિનાની બાકીની ઇન્દ્રિયોનું આચ્છાદન થાય છે તેને અચક્ષુદર્શનાવરણીય પાપકર્મ કહે છે.

૧૩ જેના ઉદયથી અવધિદર્શનનું આચ્છાદન થાય છે તેને અવધિદર્શનાવરણીય પાપકર્મ કહે છે.

૧૪ જેના ઉદયથી કેવળદર્શનનું આચ્છાદન થાય છે તેને કેવળદર્શનાવરણીય પાપકર્મ કહે છે.

૧૫ જેના ઉદયથી નિદ્રાવસ્થા થઇ ગયા પછી સુખપૂર્વક જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય છે તેને નિદ્રા રૂપ પાપકર્મ કહે છે.

૧૬ જેના ઉદયથી નિદ્રાવસ્થા થઈ ગયા પછી દુઃખપૂર્વક જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય છે તેને નિદ્રાનિદ્રા રૂપ પાપકર્મ કહે છે.

૧૭ જેના ઉદયથી બેસતાં ઉઠતાં નિદ્રા આવ્યા કરે તેને પ્રચલા રૂપ પાપકર્મ કહે છે.

૧૮ જેના ઉદયથી હરતાં ફરતાં પણ નિદ્રા આવે તેને પ્રચલાપ્રચલા રૂપ પાપકર્મ કહે છે.

૧૯ જેના ઉદયથી દિવસનું ચિંતવેલું કાર્ય રાત્રિનેવિષે નિદ્રા સમે જાગૃતની પેઠે થાય છે તેને થીણદ્ધિ રૂપ પાપકર્મ કહે છે. થીણદ્ધિનિદ્રાના સમયે પ્રાણી વાસુદેવના અર્ધબળયુક્ત હોય છે, અને તે જીવ નરકગામી જાણવો.

૨૦ જેના ઉદયથી પોતે રૂપવાન છતાં તથા ધનવાન્ છતાં નીચકુળનેવિષે ઉત્પન્ન થાય છે તેને નીચગોત્ર રૂપ પાપકર્મ કહે છે.

૨૧ જેના ઉદયથી દુ:ખનો અનુભવ થાય છે તેને અશાતાવેદનીય પાપકર્મ કહે છે.

૨૨ જેના ઉદયથી વીતરાગવચનની શ્રદ્ધા ન થાય તેને મિથ્યાત્વ-મોહનીય પાપકર્મ કહે છે.

સ્થાવરદશક.

૨૩ જેના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય છે તેને સ્થાવર નામ-કર્મ કહે છે.

૨૪ જેના ઉદયથી સૂક્ષ્મપણાની પ્રાપ્તિ થાય છે તેને સૂક્ષ્મ નામ-કર્મ કહે છે.

૨૫ જેના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિનાજ મરણ પામે તેને અપર્યાપ્ત નામકર્મ કહે છે.

૨૬ જેના ઉદયથી અનંત જીવ વચ્ચે એક આદારિક શરીરની પ્રાપ્તિ થાય છે એવી જે નિગોદાવસ્થા તેને સાધારણ નામ-કર્મ કહે છે.

૨૭ જેના ઉદયથી શરીરમાં દંતાદિક અવયવ અસ્થિર (હાલતા) હોય તેને અસ્થિર નામકર્મ કહે છે.

૨૮ જેના ઉદયથી નાભિની નીચેના અંગોનો ભાગ સારો ના હોય, પાદાદિકને સ્પર્શે આગલો રોષ કરે તેને અશુભ નામકર્મ કહે છે.

૨૯ જેના ઉદયથો સર્વ લોકને અળખામણો લાગે તેને દૌર્ભાગ્ય નામકર્મ કહે છે.

૩૦ જેના ઉદયથો કાગડાના સ્વરની પેઠે ખરાબ સ્વરની પ્રાપ્તિ થાય છે તેને દુઃસ્વર નામકર્મ કહે છે.

૩૧ જેના ઉદયથી લોકમાં બોલ્યું લોકમાં માન્ય કરાય નહીં તેને અનાદેય નામકર્મ કહે છે.

૩૨ જેના ઉદયથી લોકમાં અપકીર્તિ થાય પણ કોઇ યશ બોલે નહીં તેને દશમું અયશ નામકર્મ કહે છે.

૩૩-૩૪-૩૫ જેના ઉદયથી નરકની ગતિ, નરકની આનુપૂર્વી તથા નરકનું આયુષ્ય પ્રાપ્ત થાય છે. તેને નરકત્રિક પાપકર્મ કહે છે.

૩૫ થી ૬૦—પચીશ કષાયરૂપ પાપકર્મના પચીશ પ્રકાર છે. તેમાં સામાન્યથી તો એક સોલ કષાય અને બીજા નવ નોકષાય એ બે પ્રકાર છે. તે નીચે મુજબ—

૪ જેનાથી અનંત સંસાર બંધાય છે તેને અનંતાનુબંધી પાપકમ કહે છે. એના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદ છે. એ યાવત્‌જીવ લગે કાયમ રહે છે, સમ્યકત્વ આવવા દેતો નથી, અંતે નરકમાં લેઈ જાય છે. એ ક્રોધ પર્વતની રેખા જેવો છે અને માન પાષાણના થંભ જેવું છે, માયા વંશના મૂળ જેવી છે અને લોભ કૃમિના રંગ જેવો છે.

૪ અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ જેનાથી પ્રાપ્ત થાય છે તેને અપ્રત્યાખ્યાનીય પાપકર્મ કહે છે. એ એક વર્ષ સુધી રહે છે. દેશવિરતિપણું આવવા દેતું નથી. અંતે તિર્યંચ-ગતિની પ્રાપ્તિ કરાવે છે. અપ્રત્યાખ્યાની ક્રોધ સુકેલા તળાવની રેખા (ફાડ) જેવો છે, માન હાડકાના થંભ જેવો છે, માયા મેંઢાના શીંગડા જેવી છે તથા લોભ કર્દમના રંગ જેવો છે.

૪ જેના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાનનું આચ્છાદન થાય છે તેને પ્રત્યાખ્યાનીય પાપકર્મ કહે છે. એના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદ છે. એની સ્થિતિ ચાર માસની છે. એ સર્વવિરતિરૂપ ચારિત્રનો ઘાત કરે છે ને અંતે મનુષ્યની

ગતિ પ્રાપ્ત કરાવે છે. એ ક્રોધ રેતીની રેખા જેવો છે, માન કાષ્ઠના થંભ સરખો છે, માયા વૃષભના મૂત્રની રેખા સરખી છે અને લોભ કાજળના રંગ જેવો છે.

૪ સંજ્વલનના ક્રોધ, માન, માયા ને લોભ એ ચાર ભેદ છે. એ પંદર દિવસ સુધી કાયમ રહે છે. યથાખ્યાત ચારિત્રને આચ્છાદન કરે છે. અને દેવગતિની પ્રાપ્તિ કરાવે છે. એ ક્રોધ પાણીની રેખા જેવો છે, માન નેતરની સોટી જેવો છે, માયા વંશની સાળ જેવી છે અને લોભ હળદરના રંગ જેવો છે.

૬ જેના ઉદયથી એક વસ્તુનિમિત્તે તથા બીજું પરનિમિત્ત, એ એ પ્રકારથી હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય તથા દુગંચ્છાની પ્રાપ્તિ થાય છે તેને હાસ્યષટ્ક રૂપ પાપકર્મ કહે છે.

૩ જેના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય છે તેને પુરૂષવેદ રૂપ પાપકર્મ કહે છે. જેના ઉદયથી પુરૂષ ભોગવવાની ઇચ્છા થાય છે તેને સ્રીવેદ રૂપ પાપકર્મ કહે છે. જેના ઉદયથી સ્ત્રી તથા પુરૂષ એ બન્ને ભોગવવાની ઇચ્છા થાય છે તેને નપુંસક રૂપ પાપકર્મ કહે છે.

૬૧–૬૨ જેના ઉદયથી તિર્યંચની ગતિ તથા તિર્યંચની આનુપૂર્વી પ્રાપ્ત થાય છે તેને તિર્યંચદ્વિક કહે છે.

૬૩ જેના ઉદયથી પૃથ્વીકાયાદિક પાંચ સ્થાવર શરીરની પ્રાપ્તિ થાય છે તેને એકેંદ્રિયજાતિ રૂપ પાપકર્મ કહે છે.

૬૪ જેના ઉદયથી શંખ પ્રમુખ જીવોની જાતિનાં શરીરની પ્રાપ્તિ થાય છે તેને બેઇંદ્રિયજાતિ રૂપ નામકર્મ કહે છે.

૬૫ જેના ઉદયથી જૂં, માંકડ આદિ નાં શરીરની પ્રાપ્તિ થાય છે તેને તેઇંદ્રિયજાતિ રૂપ પાપકર્મ કહે છે.

૬૬ જેના ઉદયથી વૃશ્ચિકાદિક જાતિનાં શરીરની પ્રાપ્તિ થાય છે તેને ચતુરિંદ્રિયજાતિ રૂપ નામકર્મ કહે છે.

૬૭ જેના ઉદયથી ઉંટ વા ગધેડાની ચાલની પેઠે ખરાબ ગતિ પ્રાપ્ત થાય છે તેને કુખગઇ એટલે અશુભવિહાયોગતિ નામકર્મ કહે છે.

૬૮ જેના ઉદયથી પોતાના જીભ ચોર દાંત, હરસ, રસોળી પ્રમુખ અવયવે કરી પોતેજ હણાય છે તેને ઉપઘાત નામકર્મ કહે છે.

૬૯–૭૦–૭૧–૭૨ જેના ઉદયથી ચાર અશુભ વર્ણાદિક એટલે કાળો રંગ તથા નીલો રંગ એ બે અશુભ વર્ણ, દુરભિ ગંધ, તીખો રસ ને કટુક (કડવો) રસ એ બે અશુભ રસ તથા ગુરૂ, ખર, શીત અને લુખો એ ચાર સ્પર્શ, એવં સર્વ નવ અશુભની પ્રાપ્તિ થાય છે તેને અપ્રશસ્તવર્ણચતુષ્ક નામે પાપકર્મ કહે છે.

૭૩–૭૪–૭૫–૭૬–૭૭ જેના ઉદયથી ૭ સંઘયણમાંના પ્રથમ સંઘયણ વિના પાંચ સંઘયણની પ્રાપ્તિ થાય છે તેને અપ્રથમસંઘયણ રૂપ નામકર્મ કહે છે. જેના બે પાસા, મર્કટબંધ ઉપર પાટો એ બે હોય પણ વજ્ર તે ખીલી ના હોય તેને ઋષભનારાચ કહે છે. જેને કેવળ મર્કટબંધ હોય પણ પાટો તથા ખીલી ના હોય તેને નારાચ કહે છે. જેને એક પાસે મર્કટબંધ હોય તેને અર્ધનારાચ કહે છે. જ્યાં માંહોમાંહે હાડકાંને એક ખીલીનો બંધ હોય તેને કીલિકા કહે છે. ખીલી વિના જે માંહોમાંહે અમરતાં અડકી રહ્યાં હોય તેને છેવટ્ઠું કહે છે.

૭૮ થી ૮૨ જેના ઉદયથી ૭ સંસ્થાનમાંના પહેલા સંસ્થાનવિના બીજા પાંચ સંસ્થાનની પ્રાપ્તિ થાય છે તેને અપ્રથમસંસ્થાન-રૂપ પાપકર્મ કહે છે. વડવૃક્ષની પેઠે નાભિની ઉપર સુલક્ષણયુક્ત હોય તથા નાભિની નીચે નિર્લક્ષણ યુક્ત હોય તેને ન્યગ્રોધ-પરિમંડલ સંસ્થાન કહે છે. નાભિની નીચેનું અંગ સારૂં અને ઉપરનું ખોટું તેને સાદિ સંસ્થાન કહે છે. ઉદર પ્રમુખ લક્ષણે કરી સહિત હોય અને હાથ, માથું, કટિ, પગ, પ્રમાણરહિત હોય તેને વામન સંસ્થાન કહે છે. હાથ, પગ, માથું, કટિ પ્રમુખ પ્રમાણોપેત હોય અને ઉદર પ્રમુખ હીન હોય તેને કુબ્જ સંસ્થાન કહે છે. સર્વ અવયવ અશુભ હોય તેને હુંડક સંસ્થાન કહે છે.

એ રીતે પાપના બ્યાશી પ્રકાર છે.

———:o:———

૬ આસ્રવતત્ત્વ.

જેણે કરી આત્માને વિષે કર્મનું આવવું થાય છે તેને આસ્રવ કહે છે. આસ્રવના બેતાળીશ ભેદ છે.

૫ પાંચ ઈંદ્રિય, ૪ કષાય, ૫ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તા-દાન, મૈથુન, પરિગ્રહ, એ પાંચ અવ્રત તથા ૩ મન, વચન, અને કાય-યોગ એ ત્રણ યોગ, ૨૫ ક્રિયાઓ; એ બેતાળીશ ભેદ આસ્રવના જાણવા. તેમાં પચીશ ક્રિયાઓ કહે છે.

૧ કાયાએ કરી જે ક્રિયા થાય છે તેને કાયિકી ક્રિયા કહે છે.

૨ ખડ્ગાદિક અધિકરણે કરી જે જીવોનું હનન થાય છે તે બીજી અધિકરણ ક્રિયા કહે છે.

૩ જીવ તથા અજીવ ઉપર દ્વેષ કરવો તેને પ્રાદ્વેષિકી ક્રિયા કહે છે.
૪ જે ક્રિયાએ કરી પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તેને પારિતાપનિકી ક્રિયા કહે છે.
૫ પ્રાણિયોને વિનાશ કરવાની જે ક્રિયા તેને પ્રાણાતિપાતિકી ક્રિયા કહે છે.
૬ પૃથ્વ્યાદિક ૭ કાયને ઉપઘાત કરવાનું જે ક્રિયામાં લક્ષણ હોય તેને આરંભિકી ક્રિયા કહે છે.
૭ ધનધાન્યાદિક નવવિધ પરિગ્રહ મેળવતાં તથા તેની ઉપર મોહ કરતાં જે ક્રિયા લાગે તેને પારિગ્રહિકી ક્રિયા કહે છે.
૮ કપટે કરી બીજાને ઠગવું તેને માયાપ્રત્યયિકા ક્રિયા કહે છે.
૯ જિનવચન અણસદ્દહતાં થકાં ને વિપરીત પ્રરૂપણા કરતાં જે ક્રિયા લાગે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કહે છે.
૧૦ અવિરતિએ કરી પચ્ચખાણ કીધા વિના જે સર્વ વસ્તુની ક્રયા લાગે છે તેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા કહે છે.
૧૧ રાગાદિક કલુષિત ચિત્ત કરી જીવ તથા અજીવને દેખવું તેને દૃષ્ટિકી ક્રયા કહે છે.
૧૨ રાગ, દ્વેષ અને મોહસંયુક્ત ચિત્તે કરીને સ્ત્રી પ્રમુખના શરીરે સ્પર્શ કરવો તેને સ્પૃષ્ટિકી ક્રિયા કહે છે.
૧૩ પૂર્વે અંગીકાર કરેલાં પાપનાં ઉપાદાન કારણરૂપ જે અધિકરણ તેની અપેક્ષાએ જે ક્રિયા ઉત્પન્ન થાય તેને પ્રાતિત્યપ્રત્યયિકી ક્રિયા કહે છે.
૧૪ પોતાના અશ્વ પ્રમુખને જોવામાટે આવેલા લોકોને પ્રશંસા કરતાં જોઇને જે હર્ષ કરવો અથવા દૂધ, દધિ, ઘૃત, તેલ પ્રમુ-

ખતું ભાજન ઉઘાડું મૂકયાથી તેમા જે ત્રસજીવ આવી પડે તે સામંતોપનિપાતિકી ક્રિયા જાણવી.

૧૫ રાજા પ્રમુખના આદેશથકી શસ્ત્ર ઘડાવવાં, વાવ્ય-કૂવાનું ખણાવવું તેને નૈશસ્ત્રિકી ક્રિયા કહે છે.

૧૬ પોતાના હાથથકી જે કરે તેને સ્વહસ્તિકી ક્રિયા કહે છે.

૧૭ શ્રીઅરિહંતભગવંતની આજ્ઞા ઉલ્લંઘન કરી પોતાની બુદ્ધિથી જીવાજીવાદિ પદાર્થોની પ્રરૂપણાદ્વારા જે ક્રિયા તે આજ્ઞાપનિકા ક્રિયા તથા પ્રકારાંતરે બીજી પણ જાણવી.

૧૮ જીવ તથા અજીવનું જે વિદારણ કરવું, ભાંગવું, તે વિદારણિકા ક્રિયા જાણવી.

૧૯ ઉપયોગથકી જે વિપરીત હોય તેને અનાભોગ કહીએ, તેણે કરી ઉપલક્ષિત જે ક્રિયા તેને અનાભોગિકી ક્રિયા કહે છે.

૨૦ આ લોક તથા પરલોકથી જે વિરૂદ્ધ કાર્યનું આચરણ કરવું તેને અનવકાંક્ષપ્રત્યયિકા ક્રિયા કહે છે.

૨૧ મન, વચન અને કાયાના યોગનું જે દુઃપ્રણિધાન, તેમાં જે પ્રવર્તન કરવું પણ નિવર્તવું નહી તે પ્રાયોગિકી ક્રિયા જાણવી.

૨૨ કોઇક એવું મોટું પાપ કરે કે જેથી આઠે કર્મનું સમુદાયપણે ગ્રહણ થઇ જાય તે સામુદાયિકી ક્રિયા જાણવી

૨૩ માયા અને લોભ તેણે કરી જે થાય તે પ્રેમપ્રત્યયિકા ક્રિયા જાણવી.

૨૪ ક્રોધ અને માન તેણે કરી જે થાય તે દ્વેષપ્રત્યયિકી ક્રિયા જાણવી.

૨૫ ચાલવાથી જે ક્રિયા થાય તે ઈર્યાપથિકી ક્રિયા જાણવી.

પચીશ ક્રિયાઓમાં કેટલેક ઠેકાણે લક્ષણોમાં તફાવત માલુમ પડે છે તેનું વિશેષ સ્વરૂપ જ્ઞાનીઓને પૂછી શાસ્ત્રોવડે નક્કી કરવું.

૬ સંવરતત્ત્વ.

પાપ વા પુણ્યરૂપ જે કર્મ તેનું રોકવું તેને સંવર કહે છે. તેના બે ભેદ છે. એક દ્રવ્યસંવર અને બીજો ભાવસંવર.

સંવરતત્ત્વના ૫૭ ભેદ છે તે કહે છે.

समिइ[५] गुत्ति[३] परीसह[२२] जइधम्मो[१०] भावणा[१२] चरित्ताणि[५]; पणतिदुवीसदस, बारपंचभेएहिं सगवन्ना.

પાંચ સમિતિ.

૧ જયણા રાખી ઉપયોગસહિત ધૂંસરા પ્રમાણ ભૂમિકા દ્રષ્ટિએ જોઇને ચાલવાની ચેષ્ટા કરવી તેને ઇર્યાસમિતિ કહેછે.

૨ સમ્યક્પ્રકારે પાપરહિત ભાષા બોલવી તેને ભાષા સમિત કહે છે.

૩ સમ્યક્પ્રકારે બેંતાળીશ દોષરહિત નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર વસતિ સંબંધીની ગવેષણા કરવી તેને એષણાસમિતિ કહે છે.

૪ સમ્યક્પ્રકારે પૂંજી, પ્રમાર્જી, આસનં પ્રમુખના આદાન એટલે ગ્રહણ કરવાની તથા તેને ત્યાગ કરવાની જે ચેષ્ટા કરવી તેને આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ કહેછે.

૫ પરઠવવા યોગ્ય મળમૂત્રાદિક વસ્તુ તેને સ્થંડિલભૂમિકાને વિષે ઉપયોગપૂર્વક જે મૂકવાની ચેષ્ટા કરવી તેને પારિષ્ઠાપનિકાસમિતિ કહેછે.

ત્રણ ગુપ્તિ.

૧ મનનું ગોપન કરવું (વશ રાખવું) તેને મનોગુપ્તિ કહે છે.

૨ વચનનું ગોપન કરવું તેને વચનગુપ્તિ કહે છે.

૩ કાયાનું ગોપન કરવું તેને કાયગુપ્તિ કહે છે.

બાવીસ પરિસહ.

કર્મની નિર્જરા કરવાને અર્થે દુઃખોને સમસ્ત પ્રકારે સહન કરવાં તેને પરિસહ કહે છે.

૧ ક્ષુધાપરિસહ-ક્ષુધા એટલે ભૂખ, તેથકી થનારી જે વેદના તેને સહન કરવી તેને ક્ષુધાપરિસહ કહે છે. એ વેદના બીજી સમસ્ત વેદનાઓથી અધિક છે. **यतः खुहासमो वेयणा नथ्थि.** ભાવાર્થ-ક્ષુધા સમાન વેદના કોઇ નથી. ગમે તેટલી ભુખ લાગે તોપણ સાધુ અનેષણીય આહાર વહોરે નહીં. ક્ષુધા સહન કરવી અત્યંત દુર્લભ છે માટે સર્વ પરિસહોમાં પ્રથમ ગણ્યો છે.

૨ પિપાસાપરિસહ—પાણી પીવાની ઇચ્છાને સહન કરવી તેને પિપાસાપરિસહ કહે છે. તૃષા લાગે છતે પણ થંડુ પાણી પીવાની ઇચ્છા સાધુમહારાજ કરે નહીં, પરંતુ સમ્યક્પરિણામે તૃષા સહન કરે.

૩ શીત પરિસહ—તે ક્ષુધા તથા તૃષાયે પીડિતને શીતપણું થાય માટે ત્રીજો શીતપરિસહ ગણ્યો છે. અત્યંત ઠંડક પડે છતે રૂડી રીતે સહન કરે પણ અગ્નિની ઇચ્છા કરે નહીં. પરંતુ અલ્પ જીર્ણ વસ્ત્રે કરી સમ્યક્પ્રકારે શીત સહન કરે.

૪ ઉષ્ણપરિસહ—અત્યંત તાપ લાગે છતે પણ છત્રની વા લુગડાની છાયાને તથા વીંજણા પ્રમુખના વાયુને અણુવાંછતો થકો સમ્યક્ પરિણામે આતાપના સહન કરે.

૫ દંશપરિસહ—ઉષ્ણુકાળ પછી વર્ષાકાળ આવે તે વખતે ડાંસ મચ્છરાદિક બહુ થાય, તે જીવો ડંક મારે, કરડે, તો પણુ તે રૂડી રીતે સહન કરે.

૬ અચેલકપરિસહ—આગમમાં જે જે વસ્ત્ર રાખવાનું પ્રમાણ કહ્યું છે તે પ્રમાણે રાખવાથી જે દુ:ખ વેઠવું પડે તે રૂડી રીતે સહન કરે તેને અચેલકપરિસહ કહે છે. સાધુને ફાટેલું, અલ્પ મૂલ્યનું અને જૂનું વસ્ત્ર છતાં કલ્પનીય વસ્ત્ર ન મળે તથાપિ મનમાં દીનતા ન ધરે.

૭ અરતિપરિસહ—સાધુને સંયમમાં વિહાર કરતાં અરતિ ઉપજવાનાં કારણુ બને તેને રૂડી રીતે સહન કરે તેને અરતિપરિસહ કહે છે.

૮ સ્ત્રીપરિસહ—સંયમમાર્ગ પાળતાં છતાં સ્ત્રીનાં અંગોપાંગ નીરખતાં વિકારબુદ્ધ થાય તેને સમ્યક્પ્રકારે રૂડી ભાવનાએ સહન કરે. ઈત્યાદિને સ્ત્રીપરિસહ કહે છે. સ્ત્રીઓને મોક્ષમાર્ગમાં બેડી સમાન જાણે.

૯ ચર્યાપરિસહ—એક સ્થાનકે રહેતાં છતાં ઘણા મનુષ્યો સાથે રાગ બંધાય, આળસ્ય થાય, સ્ત્રીઉપર અનુરાગ થાય, તેમાટે એક સ્થાનકે ન રહે. આળસરહિત ગામ, નગર, કુળાદિકનેવિષે વિહાર કરવો તેને દ્રવ્યથી ચર્યા કહે છે. એક સ્થાનકે માસકલ્પાદિક રહેતાં પણ અપ્રતિબદ્ધ મમત્વરહિતપણું અંગીકાર કરવું તેને ભાવચર્યા કહે છે ચર્યામાં થતું દુ:ખ સહવું તે ચર્યાપરિસહ છે.

૧૦ નૈષેધિકીપરિસહ—શૂન્ય ઘર, શ્મશાન, સર્પબિલ, સિંહની ગુફામાં કાઉસ્સગ્ગધ્યાને રહેતાં વિચિત્ર ઉપસર્ગ થયે છતે માઠી ચેષ્ટા ન કરવી તેને નૈષેધિકપરિસહ કહે છે. અથવા કોઇ ઠેકાણે નિષદ્યા-

પરિસહ પણ કહ્યો છે. સ્ત્રી, પશુ, પંડક વર્જિત સ્થાનમાં રહેતાં જે ઇષ્ટ અનિષ્ટ ઉપસર્ગ થાય તો પણ પોતાના ચિત્તમાં ચળ યમાન થાય નહીં પરંતુ સર્વ ઉપસર્ગને ઉદ્વેગરહિતપણે સમ્યક્રીતે સહન કરે.

૧૧ શય્યાપરિસહ—જેમાં શયન કરીએ તેને શય્યા કહીએ. સુકોમલ વા કઠિણ આસન પામીને તેને સારૂં વા માઠું કહે નહીં. શય્યા ઉંચી નીચી હોય, ખરબચડી હોય તોપણ રૂડી રીતે તેમાં સુવે, દુઃખ ધરે નહીં.

૧૨ આક્રોશપરિસહ—યતિને કોઇ આક્રોશ વા તિરસ્કાર વચન બોલે, તો પણ તેરૂડી રીતે સહન કરે. દ્રઢપ્રહારીની પેઠે કોપ કરે નહીં.

૧૩ વધપરિસહ—કોઇ દુરાત્મા સાધુને ઢીંકા-પાટુ, ચાબકના આકરા પ્રહાર કરે અથવા વધ કરે તોપણ સ્કંધકસૂરિના શિષ્યોની પેરે તેના ઉપર બિલકુલ રોષ આણે નહીં, સમભાવથી એ પરિસહ સહન કરે.

૧૪ યાચના પરિસહ—સાધુમહારાજ વસ્ત્ર, પાત્ર, અન્ન, પાન, ઉપાશ્રય પ્રમુખ કોઇપણ યથાયોગ્ય વસ્તુનો ખપ પડે છતે લજ્જા છાંડીને યાચના કરે, તે યાચના કરતાં જે લજ્જાનો ત્યાગ તેને યાચના-પરિસહ કહે છે.

૧૫ અલાભ પરિસહ—યાચના કર્યા છતાં પણ લાભાંતરાયના ઉદયથી કોઇ વસ્તુ માલધણી આપે નહીં તેવારે મનમાં ચિંતા કરે નહીં, વિષાદ ન કરે, ઈત્યાદિકનું સહન કરવું તેને અલાભપરિસહ કહેછે.

૧૬ રોગ પરિસહ—સાધુને રોગ થયે છતે સમ્યક્પ્રકારે સહન કરે તેને રોગપરિસહ કહે છે.

૧૭ તૃણસ્પર્શપરિસહ—સાધુને તૃણના અગ્રભાગ વા ડાભ પ્રમુખના

સંથારાનો સ્પર્શ થએ છતે જે દુઃખ થાય તે સહન કરે તેને તૃણસ્પર્શપરિસહ કહેછે.

૧૮ મલપરિસહ—સાધુના અંગે ઘણો મેલ થાય તે મેલ ઉનાળામાં પરસેવાથી ભીંજાઇને ગંધાય તો પણ તે દુર્ગંધને સહન કરવી તેને મલપરિસહ કહે છે.

૧૯ સત્કારપરિસહ—કોઇ સ્તવન કરે, માન આપે, તોપણ મનમાં ઉત્કર્ષ હર્ષ આણે નહીં અને સત્કાર ન થવાથી ખેદ પણ પામે નહિ.

૨૦ પ્રજ્ઞાપરિસહ—સાધુ ઘણા શ્રુતનો જાણ થઇ મનમાં અહંકાર લાવે નહીં, અહંકારનો જય કરે.

૨૧ અજ્ઞાનપરિસહ—કોઈ સાધુ થોડું ભણ્યા હોય અને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે ઉત્તર નહીં આવડવાથી મનમાં જે ખેદ થાય તેને સહન કરે, કદાપિ અપમાન થાય તો પણ તેથકી થનાર દુઃખને સહન કરે પણ મનમાં આહટ્ટ દોહટ્ટ ચિંતવે નહીં.

૨૨ સમ્યક્ત્વપરિસહ—અલ્પ જ્ઞાનને લીધે ધર્મમાં તથા દેવતત્ત્વ, ગુરૂતત્ત્વમાં શંકાઓ થાય તેને દૂર કરવી, પણ અસદ્દહણા કરવી નહીં.

દશયતિ ધર્મ—

૧ ક્રોધનો અભાવ તેને ક્ષમાધર્મ કહે છે.

૨ માનનો ત્યાગ કરવો તેને માર્દવધર્મ કહે છે.

૩ કપટનો ત્યાગ કરવો તેને આર્યવધર્મ કહે છે.

૪ લોભનો ત્યાગ કરવો તેને મુક્તિધર્મ કહે છે.

૫ ઇચ્છાનો નિરોધ (ઇચ્છાને રોકવી) તેને તપોધર્મ કહે છે.

૬ પાંચ વ્રત, પંચેંદ્રિયનિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણ દંડની નિવૃત્તિ, તેને સંયમધર્મ કહે છે.

૭ સત્ય બોલવું તેને સત્યધર્મ કહે છે.
૮ બેંતાળીશ દોષ રહિત આહાર લેવો અને આત્માના શુદ્ધ પરિણામની વૃદ્ધિ તેને શૌચધર્મ કહે છે.
૯ સમસ્ત પરિગ્રહ ત્યાગરૂપ મૂર્છારહિત થવું તેને અકિંચનધર્મ કહે છે.
૧૦ નવ પ્રકારે ઔદારિક અને નવ પ્રકારે વૈક્રિયસંબંધી મૈથુનનો જે ત્યાગ કરવો તેને બ્રહ્મચર્યધર્મ કહે છે.

બાર ભાવના—

૧ સંસારના સર્વ પદાર્થને અસ્થિર જાણવા તેને અનિત્યભાવના કહે છે.
૨ સંસારમાં જન્મ, જરા અને મરણના ભયથી ધર્મવિના કોઇ શરણ નથી એવું જે ચિંતવવું તેને અશરણભાવના કહે છે.
૩ માતા તે સ્ત્રી થાય, પિતા તે પુત્ર થાય, ઇત્યાદિક આ જીવે સંસારમાં સર્વ ભાવનો અનુભવ કર્યો છે, એમ જે ચિંતવવું તેને સંસારભાવના કહે છે.
૪ આ જીવ સંસારમાં એકલો આવ્યો છે, એકલો જાશે, અને સુખ દુઃખ પણ એકલો ભોગવશે; પણ કોઈ સાથી થવાનો નથી એવી જે ભાવના ભાવવી તેને એકત્વભાવના કહે છે.
૫ આત્મા શરીર થકી જુદો છે, આત્માથી સગાંસંબંધી પણ અન્ય છે, એવી જે ભાવના તેને અન્યત્વભાવના કહે છે.
૬ સાત ધાતુથી આ શરીર બન્યું છે, પુરૂષને નવ દ્વારથી અને સ્ત્રીને બાર દ્વારથી અશુચિ સદા વહે છે, એ શરીર કોઇ કાળે પવિત્ર નથી એવી જે ભાવના તેને અશુચિભાવના કહે છે.
૭ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય તથા યોગ એ પાંચ પ્રકા-

રના આસ્રવે કરી કર્મ બંધાય છે. વિષયકષાયાદિકે કરી અશુભકર્મ બંધાય છે, તથા દાનદયાદિકે કરી શુભકર્મ બંધાય છે, એવી જે ભાવના તેને આસ્રવભાવના કહે છે.

૮ જેવડે આવતાં કર્મ રોકાય છે તેને સંવર કહે છે. ક્ષમાદિક સંવરવડે ક્રોધાદિક આસ્રવ રોકાય છે એવી જે ભાવના તેને સંવરભાવના કહે છે.

૯ બાર પ્રકારના તપેકરી કર્મનું તપાવવું, કર્મને દૂર કરવું, તેને નિર્જરા કહે છે. બાર પ્રકારના તપસંબધી જે ચિંતવણના તેને નિર્જરાભાવના કહે છે.

૧૦ કેડ ઉપર બે હાથ દેઇને બન્ને પગ પસારીને ઉભેલા પુરૂષના જેવો જેનો સમઆકાર ષડ્દ્રવ્યાત્મ છે, પૂર્વ પર્યાય વિણસે, નવા પર્યાય ઉત્પન્ન થાય અને દ્રવ્યપણે નિશ્ચય હોય; એમ ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્યસ્વરૂપ ચૌદ રાજલોક છે, તેનું નીચેનું તળિયું ઉંધા વાળેલા મલ્લક સરખું છે તથા મધ્ય ભાગ ઝાલર સરખો છેઅને ઉપરનો ભાગ મૃદંગ સરખો છે, એવો આલોક શાશ્વત છે, ઇત્યાદિક જે લોકસ્વરૂપની ભાવના ભાવવી તે દશમી લોકસ્વભાવભાવના જાણવી.

૧૧ આ સંસારમાં ભ્રમણ કરતાં અનંતા પુદ્ગળપરાવર્ત થઇ ગયા તેમાં અકામનિર્જરાવડે પુણ્યના પ્રયોગથી મનુષ્યભવ, આર્યત્વ, નિરોગીપણું તથા ધર્મશ્રવણની પ્રાપ્તિ થઇ તોપણ સમકિત પામવું અતિ દુર્લભ છે એવી જે ભાવના તેને બોધિદુર્લભભાવના કહે છે.

૧૨ સંસારસમુદ્રમાં વહાણ સમાન દશવિધ યતિધર્મ તથા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી ધર્મ તે પામવો દુર્લભ છે, ધર્મના સાધક

અરિહંતાદિક પામવા તે પણ અત્યંત દુર્લભ છે, એવું જે ચિંતવવું તે બારમી ધર્મસાધકભાવના જાણવી.

પાંચ ચારિત્ર—

૧ સામાયિકચારિત્ર, ૨ છેદોપસ્થાપનીયચારિત્ર ૩ પરિહારવિશુદ્ધિચારિત્ર, ૪ સૂક્ષ્મસંપરાયચારિત્ર, ૫ યથાખ્યાતચારિત્ર.

એવી રીતે સંવરતત્ત્વના સત્તાવન ભેદ જાણવા.

નિર્જરાતત્ત્વ.

નિર્જરા બે પ્રકારની છે. ૧ દ્રવ્યનિર્જરા, ૨ ભાવનિર્જરા. તથા વળી તેના બે ભેદ છે. ૧ સકામનિર્જરા, ૨ અકામનિર્જરા.

નિર્જરાના બાર ભેદ છે.

૭ બાહ્યતપ—

૧ આહારનો ત્યાગ કરવો તેને અણુસણુ કહે છે.

૨ ખાવામાં ન્યૂનતા કરવી તેને ઊણોદરિકાતપ કહે છે.

૩ વૃત્તિ એટલે આજીવિકા ખાવાપીવાની વસ્તુઓનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ ધારવા, નિયમાદિક કરવા તેને વૃત્તિસંક્ષેપતપ કહેછે.

૪ વિગયઆદિ રસનો ત્યાગ કરવો તેને રસત્યાગ કહે છે.

૫ લોચાદિક કષ્ટનું સહન કરવું, કાઉસ્સગ્ગ કરવા ઇત્યાદિને કાયક્લેશતપ કહે છે.

૬ અંગોપાંગાદિકનું સંકોચવું તેને સંલીનતાતપ કહે છે. તેના ચાર ભેદ છે. ૧ ઇંદ્રિયસંલીનતા, ૨ કષાયસંલીનતા, ૩ યોગસંલીનતા, ૪ વિવિક્ત ચર્યાસંલીનતા એટલે એકાંત વસતિએ રહેવું. બાહ્ય શરીરને તપાવે તેથી એ ૭ પ્રકારનું બાહ્યતપ કહેવાય છે.

૭ અભ્યંતર તપ—

૧ કીધેલાં પાપની કપટરહિતપણે ગુરૂસમક્ષ ગર્હા કરવી, નિંદા કરવી, આલોયણા લેવાં, તેને પ્રાયશ્ચિત્તતપ કહે છે. તેના દશ ભેદ છે.

૧ ગોચરી પ્રમુખનું આલોચવું તેને આલોચનપ્રાયશ્ચિત્ત કહે છે.

૨ પૂજ્યાવિના માતરૂં પ્રમુખ પરઠવવાથી મિચ્છામિ દુક્કડં દેવો તે બીજું પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત કહે છે.

૩ શબ્દાદિક વિષય ઉપર રાગાદિક કર્યાથી તેનું આલોચન કરવું અને મિચ્છામિ દુક્કડં પણ દેવો તેને મિશ્રપ્રાયશ્ચિત્ત કહે છે.

૪ અશુદ્ધ ભાતપાણીનો ત્યાગ કરવો તેને વિવેકપ્રાયશ્ચિત્ત કહે છે.

૫ રાત્રીમાં કુસ્વપ્ન દીઠાથી કાઉસ્સગ્ગ કરવો તેને કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત કહે છે.

૬ પૃથ્વીકાય પ્રમુખનો સંઘટ્ટ થવાથી નીવી પ્રમુખ જે છમાસી પર્યંત તપ કરવું તેને તપપ્રાયશ્ચિત્ત કહે છે.

૭ પૃથ્વીઆદિકનો સંઘટ્ટ થવાથી કાંઇક દીક્ષાપર્યાયની ન્યૂનતા થઇ હોય તે અપરાધનું નિવારણ કરવાને જે દુર્દમ તપ કરવું તેને છેદપ્રાયશ્ચિત્ત કહે છે.

મૂળગુણ ભંગ થવાને લીધે સર્વથા વ્રતપર્યાયનું છેદન થવાથી ફરી જે મહાવ્રત લેવાં તેને મૂલપ્રાયશ્ચિત્ત કહે છે.

૯ અતિ સંક્લિષ્ટ પરિણામે કરી કોઇનો ઘાતપાત થઇ ગયો હોય તો સૂત્રમાં કહેલી વિધિ પ્રમાણે તપ કરવું અને ત્યારપછી ફરી પંચ મહાવ્રતનો જે આરોપ કરવો તને અનવસ્થાપ્યપ્રાયશ્ચિત કહે છે.

૧૦ રાજાની રાણી વા સાધ્વી પ્રમુખ સ્રીનેવિષે સંભોગ થઇ ગયા

પછી બાર વર્ષ પર્યંત ક્રિયા સહિત અને લિંગાદિક ભેદે રહિત તીર્થપ્રભાવના કરી ફરી દીક્ષા લઇને જે ગચ્છમાં આવવું તે દશમું પારાચિતપ્રાયશ્ચિત્ત જાણવું.

૨ ગુણવંતઆદિકની ભક્તિ કરવી તથા આશાતના ટાળવી, ગુણીને નમસ્કાર કરવો, તેને વિનયતપ કહેછે

૩ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર (તે જ્ઞાન, પર્યાવ તથા વય એ ત્રણ પ્રકારે) તપસ્વી, રોગી, નવદીક્ષિત સાધુ. સમાનધર્મી, કુળ તે ચંદ્રાદિક પ્રમુખ, ગણ તે કોટિક પ્રમુખ, સંઘ તે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ સમુદાય, એ રીતે દશની અશન, પાન, વસ્ત્ર, પાત્ર તથા ઔષધ પ્રમુખેકરી યથાયોગ્ય સેવા કરવી તેને વૈયાવચ્ચ કહે છે.

૪ વાંચના—પોતે ભણવું, શિષ્યાદિકને ભણાવવું તથા વાંચવું, પૃચ્છના—સૂત્રમાંહે સંદેહ પડ્યાથકી ગુર્વાદિકને પૂછવું. પરિવર્તના—એટલે પૂર્વે શીખેલો અર્થ તેને ફરી સંભારવો અનુપ્રેક્ષા એટલે ધારેલા અર્થનું ચિંતવન કરવું. ધર્મકથા એટલે ધર્મસંબંધી કથા કહેવી અથવા ધર્મોપદેશ કરવો. એ પાંચ પ્રકારે સ્વાધ્યાયતપ જાણવો.

૫ ધર્મધ્યાનના ૪ પાયા તથા શુકલધ્યાનના ૪ પાયાનું જે એકાગ્રતાએ ચિંતવન તેને ધ્યાનતપ કહે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાવાથી કંઈ તપ થતું નથી, તપ તો છેલ્લા બે ધ્યાન ધ્યાવાથી થાય છે, અને તેથી કર્મ દૂર થાય છે.

૬ કાયાનો ત્યાગ તેને કાયોત્સર્ગ કહે છે. લોગસ્સ પ્રમુખના ચિંતવન પૂર્વક શરીર ઉપરથી મમતાભાવ ત્યાગ કરવો તેને કાઉસ્સગ્ગ કહે છે.

બંધતત્ત્વ.

બંધતત્ત્વના—૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ અનુભાગબંધ, ૪ પ્રદેશબંધ, એ ચાર ભેદ છે.

૧ પ્રકૃતિબંધ—પ્રકૃતિ એટલે સ્વભાવ.

૧ જ્ઞાનાવરણીયકર્મનો જ્ઞાનઅપહારક સ્વભાવ છે.

૨ સામાન્ય ઉપયોગરૂપ જે દર્શન તેને નાશ કરવાનો સ્વભાવ, દર્શનાવરણીયકર્મનો છે.

૩ અનંત આવ્યાબાધ સુખને ટાળવાનો વેદનીયકર્મનો સ્વભાવ છે.

૪ સમ્યક્‌ત્વ તથા ચારિત્રને ટાળવાનો મોહનીયકર્મનો સ્વભાવ છે.

૫ અક્ષયસ્થિતિને ટાળવાનો આયુઃકર્મનો સ્વભાવ છે,

૬ શુદ્ધ અવગાહનાને ટાળવાનો નામકર્મનો સ્વભાવ છે.

૭ આત્માના અગુરૂલઘુ ગુણને ટાળવાનો ગોત્રકર્મનો સ્વભાવ છે.

૮ અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્યગુણ ટાળવાનો અંતરાયકર્મનો સ્વભાવ છે.

આંખના પાટા સમાન જ્ઞાનાવરણીયકર્મનો સ્વભાવ છે.

દર્શનાવરણીયકર્મ પોળિયા સમાન છે. જેમ કોઇએક જીવ રાજાનું દર્શન કરવા વાંચ્છે પણ પોળિયો દર્શન કરવા ન દે, તેમ જીવનો સામાન્યપણે સર્વ વસ્તુ દેખવાનો સ્વભાવ છે; પણ દર્શનાવરણીયકર્મના ઉદયથી ન દેખે.

વેદનીયકર્મ તે મધુલિપ્ત તીક્ષ્ણ ખડ્‌ગની ધારાનું જે ચાટવું તે સમાન છે. જેમ તે ખડ્‌ગધારાને ચાટતાં તો મીઠાશ ઉપજે પણ જેવારે જીભ કપાય તેવારે અશાતા થાય, એમ શાતાવેદનીયનો

વિપાક મધ ચાટવા સરખો છે, અશાતાવેદનીયનો વિપાક ખડ્ગધારા ચાટવા સરીખો છે. એ બે પ્રકારના વેદનીયકર્મનો સ્વભાવ જીવના અવ્યાબાધ ગુણને રોકવાનો છે.

મોહનીયકર્મ મદિરાની છાક સમાન છે. જેમ મદિરા પીધે થકે જીવ વિકલ થાય છે, હિત અહિત કાંઇ જાણતો નથી, તેમ મોહનીયના ઉદયથી પણ જીવ પરવશ થઇ જાય, ધર્માધર્મ ન જાણે, એ મોહનીયકર્મનો સમ્યક્ત્વદર્શન તથા અનંતચારિત્રગુણ રોકવાનો સ્વભાવ છે.

આયુષ્યકર્મ તે હેડ સમાન છે. જેમ હેડમાં પડેલો પ્રાણી નીકળવા વાંચ્છે પણ રાજાના હુકમ વિના નિકળી ન શકે તેમ એ આયુઃકર્મ પણ સુખ દુઃખ કાંઇ પણ ઉપજાવી શકતું નથી તથાપિ ચાર ગતિને વિષે સુખ દુઃખનું આધારભૂત જે શરીર તેમાંહે હેડની પેઠે જીવને રાખે છે. અશુભ નરકાદિકની ગતિનું આઉખું ભોગવતો છતો જીવ ત્યાંથી નીકળવા વાંચ્છે પણ આયુષ્ય પૂર્ણ કીધા વિના નીકળી ન શકે. એ કર્મ અક્ષયસ્થિત ગુણને રોકે છે.

નામકર્મ ચીતારા સમાન છે. જેમ હોંશિયાર ચીતારો સારાં તથા નરસાં, કાળા ધોળા રંગનાં નાનાં મ્હોટાં અનેક પ્રકારનાં રૂપ આલેખે; તેમ એ કર્મના ઉદયથી જીવ પણ ચિત્રરૂપ સંસારમાં દેવ તથા મનુષ્યાદિકનાં રૂડાં રૂપ અનેક પ્રકારનાં કરે અને નરક તથા એકેંદ્રિયાદિકનાં માઠાં રૂપ પણ અનેક પ્રકારનાં કરે. એ કર્મ જીવનો અરૂપી ગુણ રોકે છે.

ગોત્રકર્મ તે કુંભાર સમાન છે. જેમ કુંભાર ઘી રહેવાનો ઘડો ઘડે તે શ્રેષ્ઠ કહેવાય અને મદિરાદિકનો ઘડો બનાવે તે નિંદનીય-નીચ કહેવાય; તેમ જીવ પણ એ કર્મના ઉદયથી ઉંચ

ગોત્રે ઉપજે તો શ્રેષ્ઠ કહેવાય અને જો નીચ ગોત્રે ઉપજે તો નિંદનીય થાય. એ કર્મનો અગુરૂલઘુ ગુણ રોકવાનો સ્વભાવ છે.

અંતરાયકર્મ તે ભંડારી સમાન છે. જેમ રાજા દાન દેવરાવે પણ ભંડારી વિપરીત થકો ન આપે; તેમ એ કર્મના ઉદયથી જીવ દાનાદિક કરી શકે નહીં એ કર્મનો અંતરાય કરવાનો સ્વભાવ છે.

૨ સ્થિતિબંધ—

૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, અને ૪ અંતરાય, એ ચાર કર્મની ત્રીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ છે. મોહનીયકર્મની સીતેર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ છે. નામ અને ગોત્રકર્મની વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ છે. આયુષ્યકર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે.

વેદનીયકર્મની જઘન્યસ્થિતિ બાર મુહૂર્તની છે. નામકર્મ અને ગોત્રકર્મની જઘન્યસ્થિતિ આઠ મુહૂર્તની છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુ અને અંતરાય, એ પાંચે કર્મની અંતર્મુહૂર્તની જઘન્યસ્થિતિ જાણવી.

૩ રસબંધ—

રાગાદિકેકરી ગ્રસ્ત જીવ અભવ્ય જીવની રાશિથી અનંતગુણા અને સિદ્ધના જીવોના રાશિને અનંતમે ભાગે એટલે પરમાણુએ કરી બનેલો ખંધ સમય સમયમાં ગ્રહણ કરે છે. તે દળિયાનેવિષે પરમાણુ દીઠ કષાયના વશથકી સર્વ જીવના રાશિથી અનંતગુણા રસ વિભાગના પલિછેદ હોય. તે રસ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, તથા મંદ, મંદતર, મંદતમાદિક અનેક પ્રકારે હોય. ત્યાં અશુભ બ્યાશી પાપપ્રકૃતિનો રસ સંકલેશ (ખરાબ) પરિણામે કરી બંધાય છે અને શુભ બેંતાળીસ પુણ્યપ્રકૃતિનો તીવ્ર રસ વિશુદ્ધિએ કરી બંધાય છે.

શુભ પ્રકૃતિનો મંદ રસ સંક્લેશ પરિણામેકરી બંધાય છે. અને અશુભ પ્રકૃતિનો મંદ રસ વિશુદ્ધિએ કરી બંધાય છે. અશુભ પ્રકૃતિનો ચૌઠાણિયો રસ અનંતાનુબંધિયા કષાયે કરી બંધાય છે. ત્રિઠાણિયો રસ અપ્રત્યાખ્યાનિયા કષાયેકરી બંધાય છે. બેઠાણિયો રસ પ્રત્યાખ્યાનિયા કષાયેકરી બંધાય છે. અને એકઠાણિયો રસ સંજ્વલન કષાયે કરી બંધાય છે. તથા શુભ પ્રકૃતિનો રસ તેથકી વિપરીતપણે જાણવો. તે આવી રીતે-શુભ પ્રકૃતિનો ચૌઠાણિયો રસ સંજ્વલન કષાયે કરી બંધાય છે. તથા ત્રિઠાણિયો રસ પ્રત્યાખ્યાનિયા અને અપ્રત્યાખ્યાનિયા કષાયે કરી બંધાય છે. બેઠાણિયો રસ અનંતાનુબંધિયા કષાયે કરી બંધાય છે, અને એકઠાણિયો રસ તો શુભ પ્રકૃતિનો છેજ નહીં.

અંતરાયની પાંચ પ્રકૃતિ દેશઘાતિની છે. કેવળજ્ઞાનાવરણ વિના જ્ઞાનાવરણીયની ચાર પ્રકૃતિ તથા કેવળદર્શનાવરણ વિના દર્શનાવરણીયની ત્રણ પ્રકૃતિ તથા સંજ્વલન કષાયની ચાર પ્રકૃતિ; એ સોળ અને પુરૂષવેદ, એ સત્તર પ્રકૃતિનો એકઠાણિયો, બેઠાણિયો, ત્રિઠાણિયો, અને ચૌઠાણિયો રસ પણ બંધાય. અને શેષ સર્વ શુભ યા અશુભ પ્રકૃતિનો બેઠાણિયો, ત્રિઠાણિયો તથા ચૌઠાણિયો રસ બંધાય પણ એકઠાણિયો રસ ન બંધાય.

અશુભ પાપપ્રકૃતિનો રસ લીંબડાના રસની પેઠે કડવો જાણવો અને શુભ પુણ્યપ્રકૃતિનો રસ શેલડીના રસની પેઠે મીઠો જાણવો. જેમ લીંબડાનો રસ અણકઢયો તે એકઠાણિયો કડવો કહીએ તથા અગ્નિ ઉપર અર્ધ કઢયો અને અર્ધ રાખ્યો તે બેઠાણિયો કટુકતર કહીએ તથા તે રસના ત્રણ ભાગ કરી બે ભાગ અગ્નિ ઉપર અવટાવીએ અને એક ભાગ રહે તે ત્રિઠાણિયો કટુકતમ કહીએ. તેજ રસના ચાર

ભાગ કરી ત્રણ ભાગ અવટાવીએ અને એક ભાગ રહે તે ચોઠાણિયો અત્યંત કટુકતમ કહીએ. એજ રીતે શુભ પ્રકૃતિનેવિષે શેલડીનો મધુર રસ પણ જાણી લેવો.

૪ પ્રદેશબંધ—

૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક. ૪ તૈજસ, ૫ ભાષા ૬ શ્વાસોચ્છવાસ, ૭ મન, ૮ કાર્મણ, એ આઠ જાતિની કર્મવર્ગણા છે.

સમાન પ્રાદેશિક સ્કંધ અનંતા મળે તે વારે એક વગર્ણા થાય. તેવી સર્વ જાતિની સમય સમયને વિષે જીવ અનંતી વર્ગણા ગ્રહે છે. એ આઠે વર્ગણા માંહેલી ઉપલી ઉપલી વર્ગણા અનુક્રમે એક બીજાથી સૂક્ષ્મ સૂક્ષ્મ જાણવી, અને અનંતે અનંતે પ્રદેશે અધિક જાણવી. તેની ક્ષેત્રાવગાહના અલ્પ અલ્પ જાણવી. સર્વને અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય પણ પહેલીથી બીજી વર્ગણાને અસંખ્યાતમો ભાગ ઓછો જાણવો. એ આઠ વર્ગણામાંની પહેલી ચાર વર્ગણા આઠ સ્પર્શ યુક્ત હોય; દૃષ્ટિયે ગોચર આવે અને આગલી ચાર દૃષ્ટિ અગોચર સૂક્ષ્મ પરિણામ, માટે તેના છેલ્લા ૧ શીત, ૨ ઉષ્ણ, ૩ રૂક્ષ અને ૪ સ્નિગ્ધ, એ ચાર ફરસ હોય. બંધ બે પ્રકારે છે. આત્માના પ્રદેશ સાથે કર્મપુદ્ગળનું માંહોમાંહે જે ક્ષીર-નીરની પેઠે મળવું તે દ્રવ્યબંધ અને જે આત્માના શુભાશુભ પરિણામે કરી અષ્ટ પ્રકારે કર્મ બંધાય તે ભાવબંધ જાણવો.

મોક્ષતત્ત્વ.

મોક્ષતત્ત્વના નવ ભેદ કહે છે.

૧ મોક્ષને વિષે છતા પદની પ્રરૂપણા તે ગતિ પ્રમુખ માર્ગણાદ્વારને વિષે સિદ્ધની સત્તાનું નિરૂપણ કરવું એટલે ચાદ માર્ગ-

ણામાં સિદ્ધપદ કઈ માર્ગણાએ છે એવી પ્રરૂપણા કરવી તે પહેલું સત્પદપ્રરૂપણાદ્વાર.

૨ સિદ્ધના જીવોનું પ્રમાણ કરવું એટલે સિદ્ધના જીવો કેટલા છે તે વિચારવું તે દ્રવ્યપ્રમાણદ્વાર જાણવું.

૩ સિદ્ધને અવગાહનાક્ષેત્ર કેટલું છે તે વિચારવું તે ક્ષેત્રદ્વાર.

૪ કેટલા આકાશપ્રદેશને સિદ્ધના જીવ ફરસે એમ જે વિચારવું તે સ્પર્શનાદ્વાર.

૫ કાળ આશ્રી સિદ્ધને સાદિઅનંત ભાગો જાણવો તે કાલદ્વાર.

૬ સિદ્ધના જીવને વિષે જે આંતરૂં કહેવું તે છઠ્ઠું અંતરદ્વાર.

૭ સિદ્ધના જીવ સંસારી જીવોના કેટલામે ભાગે છે એમ વિચારવુ તે ભાગદ્વાર.

૮ ક્ષાયિકાદિક પાંચ ભાવ છે, તેમાં સિદ્ધના જીવ કયા ભાવે છે એમ જે વિચારવું કે ભાવદ્વાર.

૯ અલ્પબહુત્વ સિદ્ધને કહેવું એટલે પંદર ભેદે સિદ્ધ છે તે માંહેલા કયા સિદ્ધના ભેદના જીવ થોડા અને કયા ભેદના સિદ્ધના જીવ ઘણા, એમ જે વિચારવું તે અલ્પબહુત્વ નામે દ્વાર જાણવું.

નવ ભેદનું વિશેષ વિવેચન નવતત્ત્વથકી જાણી લેજો, અહીં ગ્રંથગૌરવના ભયથકી નથી લખ્યું.

સિદ્ધજીવોના પંદર ભેદ કહે છે—

૧ તીર્થંકરપદવી પામીને મોક્ષે ગયા તેને જિનસિદ્ધ કહે છે.

૨ તીર્થંકરપદ પામ્યાવિના સામાન્ય કેવળી થઇને મોક્ષે ગયા તેને અજિનસિદ્ધ કહે છે.

૩ તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પછી જે મોક્ષે ગયા તેને તીર્થ-સિદ્ધ કહે છે.

૪ તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યા પહેલાં જે મોક્ષે ગયા તેને અતીર્થસિદ્ધ કહે છે.

૫ ગૃહસ્થના વેશે રહ્યા થકા મોક્ષે ગયા તેને ગૃહસ્થલિંગસિદ્ધ કહે છે.

૬ યોગી, સંન્યાસી, તાપસ પ્રમુખના વેશે મોક્ષે ગયા તેને અન્યલિંગસિદ્ધ કહે છે.

૭ જૈનસાધુના વેષે મોક્ષે ગયા તેને સ્વલિંગસિદ્ધ કહે છે.

૮ સ્ત્રીવેદપણું પામીને મોક્ષે ગયા તેને સ્ત્રીલિંગસિદ્ધ કહે છે.

૯ પુરૂષવેદપણું પામીને મોક્ષે ગયા તેને પુરૂષલિંગ સિદ્ધ કહે છે.

૧૦ કૃત્રિમ નપુંસકવેદપણું પામીને મોક્ષે ગયા તેને નપુંસકલિંગસિદ્ધ કહે છે.

૧૧ કોઇ પદાર્થ દેખીને એટલે બાહ્યપ્રત્યય દેખી પ્રતિબોધ પામ્યા થકા ચારિત્ર લેઇ મોક્ષે ગયા તેને પ્રત્યેકબુદ્ધસિદ્ધ કહે છે.

૧૨ ગુરૂના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણાદિકે કરી પ્રતિબોધ પામી મોક્ષે ગયા તેને સ્વયંબુદ્ધસિદ્ધ કહે છે.

૧૩ ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી મોક્ષે ગયા તેને બુધબોધિતસિદ્ધ કહે છે.

૧૪ એક સમયમાં એક મોક્ષે ગયા તેને એકસિદ્ધ કહે છે

૧૫ એક સમયમાં અનેક (ઘણા) મોક્ષે ગયા તેને અનેકસિદ્ધ કહે છે.

તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધમાં બીજા તેર ભેદોનો સમાવેશ થાય છે તો પણ વિશેષ દેખાડવા પંદર ભેદ કહ્યા છે.

જિનસિદ્ધ ઋષભાદિક તીર્થંકર જાણવા.

અજિનસિદ્ધ પુંડરિક પ્રમુખ ગણધર જાણવા.

ગણધરભગવાન તે તીર્થસિદ્ધ જાણવા.

મરૂદેવીમાતા અતીર્થસિદ્ધ જાણવા.

ભરતચક્રવર્તી પ્રમુખ ગ્રહસ્થલિંગે સિદ્ધ થયા.

વલ્કલચીરી પ્રમુખ અન્યલિંગે સિદ્ધ થયા.
સાધુ જેટલા મોક્ષે ગયા તે સ્વલિંગસિદ્ધ જાણવા.
સાધ્વી ચંદનબાલા પ્રમુખ સ્ત્રીલિંગે સિદ્ધ જાણવી.
ગૌતમસ્વામી પ્રમુખ પુરૂષલિંગે સિદ્ધ જાણવા.
ગાંગેય પ્રમુખ કૃત્રિમ નપુંસક થઇને સિધ્યા તે નપુંસકલિંગ-સિદ્ધ જાણવા.
કરકંડુ રાજા પ્રમુખ પ્રત્યેકબુદ્ધસિદ્ધ જાણવા.
કપિલઆદિ સ્વયંબુદ્ધસિદ્ધ જાણવા.
ગુરૂના ઉપદેશથી બોધ પામી સિદ્ધપદ પામ્યા તે બુધબોધિત-સિદ્ધ જાણવા.
મહાવીરસ્વામીની પેઠે એક સમયમાં એક સિદ્ધ પામ્યા તે એક-સિદ્ધ જાણવા.
ઋષભદેવસ્વામીની પેઠે એક સમયમાં એકસો આઠ મોક્ષે જાય તેને અનેકસિદ્ધ કહે છે.

सव्वाइ जिणेसरभासिआइं, वयणाइ नन्नहा हुंति;
इइ बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स.
अंतोमुहुत्तमित्तंपि, फासिअं हुज्ज जेहिं सम्मत्तं;
तेसिं अवड्ढपुग्गल,–परिअट्टो चेव संसारो.

ગ્રંથગૌરવના ભયથી વિશેષ વિસ્તાર કરવામાં આવ્યો નથી. ફક્ત બાળજીવોને હિતભણી અન્ય ગ્રંથોના અનુસારે આ ગ્રંથ ભાષામાં બનાવ્યો છે, તેનું કારણ એ છે કે, બાલજીવોને સુગમ પડે. વીતરાગની આજ્ઞાવિરૂદ્ધ જે કંઇ લખ્યું હોય તેનો મિચ્છામિ દુક્કડં દઉં છું. જે કંઇ લખવામાં ભૂલચૂક થઇ હોય તે પંડિતપુરૂષોએ સુધારવા કૃપા કરવી.

દોહરા.

ગ્રંથ એ પૂરણ થયો, નામે તત્ત્વવિચાર;
ભણે ગણે તે પામશે, સમકિત શ્રદ્ધા સાર. ૧
આગમસમુદ્ર અપાર છે, પાર ન પામે કોય;
તેનો લેશ એ વર્ણવ્યો, વર્ણવતાં સુખ હોય. ૨
સામાન્યવચનથી એ સ્તવ્યો, નિજ મતિને અનુસાર;
ભૂલચૂક જે હોય તે, પંડિત લેજો સુધાર. ૩
નગર પાદરા શોભતું, શાંતિનાથ સુખકાર;
અચિરાનંદન વંદતાં, સંઘ સકળ જયકાર. ૪
શાંતિકરણ શ્રીશાંતિનાથ, પ્રણમું આણી નેહ;
અષ્ટ કર્મનો ક્ષય કરી, પામ્યા શિવવધુગેહ. ૫
દેરાસરમાં શોભતા, ભોંયરામાં મનોહાર;
પુરિસાદાણી પાર્શ્વનાથ, વિઘ્ન વિદારણહાર. ૬
જગમાં ખ્યાતિ જેહની, સમરંતાં સુખ થાય;
પાર્શ્વનાથ જગમાં જયો, શિવસુખ મંગળદાય. ૭
ધરણેંદ્ર પદ્માવતી, સાનિધ્ય કરે સદાય;
ઋદ્ધિ વૃદ્ધિ સુખસંપદા, નામે નવનિધિ થાય. ૮
જ્યાંલગે શશિ સૂરજ રહે, મેરૂ અવિચળ ખાસ;
ત્યાંલગે ગ્રંથ એ સ્થિર થઇ, ભવિજનમન કરો વાસ. ૯
શ્રીહીરવિજયસૂરિ રાજતા, તસ શાખા શિરદાર;
ઉપાધ્યાય ગુણવંતશ્રી, સહેજસાગર સુખકાર. ૧૦

તાસ પાટપરંપરા, રવિસાગર ગુરૂરાય;
સુખસાગરજી તાસ શિષ્ય, જગમાં કીર્તિ ગવાય. ૧૧
તસ પદપંકજ ભૃંગસમ, બાળકસમ હિતલાય;
બુદ્ધિસાગર વિરચિયો, ગ્રંથ અતિ હિતદાય. ૧૨
ન્યાયસાગરના કહેણથી, કીધો એહ પ્રયાસ;
પરોપકારી ગ્રંથ એ, આપે શિવપુર વાસ. ૧૩
વકીલ મોહનલાલભાઇ, રચતાં કીધી રહાય;
સકળ સંઘનાં કારણે, રચના એ સુખદાય. ૧૪
સંવત ઓગણીશ ઉપરે, અઠ્ઠાવનની સાલ;
અશાડશુદિ ત્રીજ દિન, પૂર્ણ ગ્રંથ સુરસાલ. ૧૫
શાંતિનાથ સમરી મુદા, કીધો ગ્રંથ પ્રયાસ;
પૃથ્વીપેઠે સ્થિર થઇ, પૂરો સહુની આશ. ૧૬

इत्येवं श्री शांतिः शांतिः शांतिः

વિ. સં. ૧૯૫૮ અષાડ સુદ

મુ. પાદરા.

લે. બુદ્ધિસાગર.

સમાપ્ત.

"જરા નહિ હર્ષ કે ચિન્તા."

કવ્વાલી.

મળે સન્માનની શ્રેણિ, મળે અપમાન અન્યોથી;
અરે શાતા અશાતામાં, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧
કદી વાહ વાહથી કીર્તિ, કદી લોકો કહે ખોટો;
સદા સારા નઠારામાં, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૨
મળે મિષ્ટાન્ન જો ખાવા, મળે નહિ ભાખરી માગે,
મળે કે ના મળે વસ્ત્રો, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૩
વધાવી લે બધા વાણી, કદી ધિક્કારના કોડ,
કહે જ્ઞાની કે અજ્ઞાની, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૪
કહે મોટો કહે ન્હાનો, કહે ભોગી કહે જોગી,
કહે સાધુ કહે પાપી, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૫
વિધુને કેમ કહે કડો, કહે ઉન્હો નો ન્હેનો શું?
યથા કર્મે ભલું ભૂંડું, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૬
સદા ઉપકારનાં કાર્યો, બધાં નિષ્કામથી કરવાં,
સદાની ફરજ એ મ્હારી, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૭
ભલામાં ભાગ લેવાનો, થશે શું? તે નથી જોવું,
પ્રતિકૂલની નથી ઇચ્છા, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૮
કહે દુનિયા મને શું શું? નથી એની જરા પરવા;
જગતમાં ચાહે તે બોલો, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૯
અધિકારે મળ્યું તેને, સદા કરવું પ્રતિજ્ઞાએ,
રહી ન્યારો કરૂં ભક્તિ, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧૦
સ્વભાવે સર્વના સહુ છે, અમારો ધર્મ ચેતનનો
બુદ્ધ્યબ્ધિ ધર્મ ઉપયોગે, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧૧

(ભજન ભા. ૫ માંથી.) સુરત.